# રામચરિતમાનસ



# વિહંગાવલોકન

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બાગને સૌરભ ધરીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બાગને સલિલ ધરીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ બાગને જ્યોતિ ધરીએ.
જીવન એક રચના, વિચાર રચના,
એવી રચના બનાવી બાગને રચના કરીએ

યોગેશ્વરના આશિષ

## બાલકાંડ

1. રચનાનો હેતુ
2. સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ
3. રામાયણનું રહસ્ય
4. શિવ સ્તુતિ અને અન્ય સ્તુતિ વિશે
5. દુર્જનને વંદન
6. હનુમાનની પ્રશસ્તિ
7. રચનાની વિશિષ્ટતા
8. પરંપરાગત પ્રવાહ
9. નામ મહિમા
10. વાનરો વિશે
11. અતિવિસ્તાર
12. પાર્વતીનું પાત્ર
13. દેવર્ષિ નારદની વાત
14. વિવાહ વખતનું વર્ણન
15. જન્માંતરમાં વિશ્વાસ
16. રામાવતાર
17. વિશ્વામિત્ર ઋષિનો પુણ્યપ્રવેશ
18. રામના દર્શનની પ્રતિક્રિયા
19. વિશ્વામિત્રનું પાત્ર
20. પરશુરામનું પાત્ર
21. ગુરૂનું સ્થાન

## શિવ પાર્વતી પ્રસંગ

1. આરંભ
2. સતીની શંકા તથા પરીક્ષા
3. સતીનો શરીરત્યાગ
4. હિમાલયને ત્યાં જન્મ
5. કઠોર તપ
6. સુદૃઢતા
7. કામદેવની પરહિતભાવના
8. પાર્વતીની પ્રતિક્રિયા
9. જાનાદિનું વર્ણન
10. સ્ત્રીઓની ગાળો
11. દહેજ
12. પૂર્ણાહુતિ

## અયોધ્યા કાંડ

1. સફેદ વાળનું દર્શન
2. સાંસ્કૃતિક પરંપરા
3. રામની પ્રતિક્રિયા
4. દેવોનો ઉદ્યોગ
5. સીતા તથા રામની પ્રતિક્રિયા
6. ઉર્મિલાની વિસ્મૃતિ
7. દશરથની દશા
8. કેવટનો પ્રસંગ
9. મહર્ષિ વાલ્મીકિનો મેળાપ
10. ભરતનો ભાતૃપ્રેમ
11. એક અગત્યની વાત


## અરણ્યકાંડ

1. જયંતની કથા
2. અનસૂયાનો ઉપદેશ
3. શૂર્પણખાનો પ્રસંગ
4. સીતાની છાયામૂર્તિ
5. રામનો વિલાપ
6. શબરીનું વ્યક્તિત્વ
7. સ્ત્રીવિષયક ઉદગાર

## કિષ્કિન્ધા કાંડ

1. રામ તથા હનુમાન
2. વાલિનો નાશ
3. વર્ષા તથા શરદનું વર્ણન
4. સંપાતિની દૈવી દ્રષ્ટિ
5. હનુમાનની તૈયારી
6. સાગર ઓળંગાયેલો

## સુંદર કાંડ



1. વિભીષણ તથા હનુમાન
2. મંદોદરી
3. સીતાનો સંદેહ
4. હનુમાન અને રાવણ
5. વિભીષણ
6. સમુદ્રને દંડ

## લંકાકાંડ

1. શંકરની ભક્તિ
2. શબ્દપ્રયોગ
3. ચંદ્રની ચર્ચા
4. અંગદનું દૂતકાર્ય
5. કુંભકર્ણ
6. શુકન - અપશુકન
7. રાવણ
8. રામનો રથ
9. સીતાની અગ્નિપરીક્ષા
10. દશરથનું પુનરાગમન

## ઉત્તર કાંડ

1. રામરાજ્યનું વર્ણન
2. કાકભુશુંડિની કથા
3. કાકભુશુંડિનો પૂર્વવૃતાંત
4. બીજો શાપપ્રસંગ
5. ભક્તિનો મહિમા
6. ઉપસંહાર
7. પૂર્ણાહૂતિ

# બાલ કાંડ



# - વિહંગાવલોકન

## 1. રચનાનો હેતુ

રામચરિતમાનસ.

રસથી રંગાયેલી રસાયેલી રામકથા.

સ્વયં રસસ્વરૂપ હોવાની સાથેસાથે રસના પિપાસુને, પારખુને, પ્રેમીને, ભોક્તાને પણ રસ ધરનારી, અન્યના હૃદયને, રોમરોમને, આત્માના અણુએ અણુને, અવનીતલ પરના સકલ અસ્તિત્વને, આત્માના અલૌકિક અવતરણને સાર્થક, સફળ, સરસ અને સારગર્ભિત કરનારી.

એક અનુપમ અમૂલખ અલૌકિક ઔષધિ.

સુધાસભર સંજીવનીબુટી.

પરમ પ્રાણવાન, પ્રાણના પ્રત્યેક પરમાણુને પરિતોષનારી, નવ પ્રાણ પ્રદાન કરનારી પિયૂષપરબ.

સત્શાસ્ત્રોના, સદબુદ્ધિના, સ્વર્ગીય સ્વાનુભૂતિના ક્ષીરસાગરમંથનમાંથી સાંપડેલી સુખપ્રદ સર્વશ્રેયસ્કર સુધાધારા.

પ્રેમભક્તિના પરમદિવ્ય ઉદ્યાનમાં સ્વર્ગીય સૌરભભીનાં સુમનોની મનહર મંગલ માળા.

માનવ સંસ્કૃતિના મંથનનું નેહનવનીત.

પ્રેરણાત્મક પ્રેમપરબ.

જીવનને ઉજ્જવળ કરનારી ભક્તિજ્યોતિ.

પૂર્ણતાના પથિકની પવિત્ર પગદંડી.

સુખદ સરિતા, સરસ સુખપ્રદાયક સર્વોત્તમ સ્નેહશીલ સંયમ સાધનાસર.

ભવસાગરની નિત્યનવીન નૌકા.

વનમાં વિચરતા વટેમાર્ગુની વિકરાળતાને શમાવનારી સનાતન શાંતિદાયક વનસ્થલી.

એને રચાયે વરસોના વહાણાં વીતી ગયા તોપણ એ એવી જ નિત્યનૂતન, સુખમય, સારગર્ભિત લાગે છે. એનો રસ ખૂટતો નથી ને પુરાતન પણ નથી થતો.

એ વ્યાધિ ને વૃદ્ધાવસ્થાથી પર છે.

દેશ કાળાતીત.

સૌમાં રમનારા રામનો, ઋષિવરો તથા રસિકોના ચિરવિરહધામ રામનો એ અવિનાશ અક્ષરદેહ.

ક્ષણેક્ષણે અભિનવ. સ્થળે સ્થળે રસમય.

મધુરતાનો મધપૂડો.

કેવળ કવિતા નહીં કિન્તુ ક્લેશ, કિલ્મિષ, અવિદ્યાયુક્ત મોહને મટાડનાર શક્તિશાળી સવિતા.

એનો આસ્વાદ ગમે તે રૂપમાં હોય તોયે અહર્નિશ આવકારદાયક, આનંદજનક. આત્માને અનુપ્રાણિત કરનાર.

રામચરિતમાનસની રચના સ્વનામધન્ય રામકૃપાપાત્ર સંતશિરોમણિ તુલસીદાસ મહારાજે કરી.

એ રસમય રમણીય રચના પાછળનો મુખ્ય હેતુ એમના જ શબ્દોમાં કહી બતાવીએ તો પોતાના અંતઃકરણના અવિદ્યારૂપી અંધકારનો અંત આણવાનો. પ્રજ્ઞાના અથવા પ્રશાંતિના પવિત્રતમ પ્રસારનો.

રામચરિતમાનસની રસસભર પ્રભુપ્રેમપરિપ્લાવિત પરબની પ્રાણપ્રતિષ્ઠા પાછળનું પ્રમુખ પ્રયોજન એ જ.

એ સંબધમાં એ સ્વાનુભવસંપન્ન સંતપુરુષની, ભક્તિરસકવિતાગંગાના ભાગ્યવાન ભગીરથની શબ્દાવલિને સ્વીકારી લઇએ.

એ પ્રાણવાન પવિત્ર પ્રયોજનથી પ્રેરાઇને જ એમણે ભગીરથની પેઠે તીવ્રતમ તપ કરીને, ભગવાન શિવનો અસીમ અનુગ્રહ અનુભવીને, રામચરિતમાનસની રસગંગાનું અક્ષરદેહની અવની પર અવતરણ કર્યું.

એનું અવલોકન, આચમન, અવગાહન, અમૃતપાન અનેકને માટે આશીર્વાદરૂપ ઠરે છે, કલ્યાણકારક બને છે અને બનશે.

કિન્તુ કલિમલહારિણી કલ્યાણકારિણી એ કવિતાગંગાના પ્રાદુર્ભાવનું પ્રયોજન એટલું જ છે?

કોઇપણ ક્રાંતિકારિણી શાંતિદાયિની પરમરસપ્રદાયિની કવિતાકૃતિનું કે શકવર્તી, સ્વાભાવિક રીતે સરજાતી, સાહિત્યકૃતિનું પ્રયોજન એટલું જ હોઇ શકે?

સરિતા સમુદ્રની દિશામાં અભિસરણ કરે છે તોપણ એનું અભિસરણ એ ઇચ્છે અથવા ના ઇચ્છે તોપણ અનેકને માટે આશીર્વાદરૂપ ઠરે છે. પુષ્પો ઉદ્યાનમાં પ્રકટે છે ને સહજપણે જ પ્રકટે છે તોપણ એમનું પ્રાકટ્ય ઉદ્યાનને અને આજુબાજુના વાયુમંડળને પરિમલથી, પ્રસન્નતાથી, શ્રીથી પરિપ્લાવિત કરે છે. સૂર્યનો પ્રકાશ સ્વાભાવિક હોવા છતાં પણ અવનિના અંધકારનો અંત આણે છે. કવિની કવિતારચના પણ એજ રીતે પોતાના આત્માના અવિદ્યારૂપી અંધકારનો અંત માટે આરંભાયેલી હોય તોપણ અન્યને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે મદદરૂપ બને છે, પ્રેરક ઠરે છે અને અન્યના અવિદ્યારૂપી અંધકારનો ઓછાવત્તા અંશે અંત આણે છે. સ્વ અને પર - ઉભયને મદદ કરે છે. રામચરિતમાનસની રસકવિતાના સંબંધમાં એ વિધાન સર્વથા સાચું ઠરે છે. એણે પ્રેરણાની પવિત્રતમ પ્રાણવાન પરબ બનીને અત્યાર સુધી અનેકને અમૃતપાન કરાવ્યું છે. અનેકની તૃષા મટાડીને શાંતિ બક્ષી છે. અસંખ્ય આત્માઓને અવિદ્યારૂપી અંધકારમાંથી મુક્તિ આપી છે. એમના જીવનને જયોતિર્મય કરીને પ્રભુપ્રાપ્તિ માટેના સુસમૃદ્ધ સેતુ કર્યા છે.

એની રચનાથી કવિનો નિર્ધારિત હેતુ તો સર્યો જ છે, પરંતુ એની સાથે સાથે એની દ્વારા કરાયેલી ભક્તિરસલ્હાણને લીધે અનેકનાં પ્રયોજનોની પૂર્તિ થઇ છે.

અનેકનાં ઉજ્જડ જીવનોદ્યાન અભિનવ, રસકસથી સંપન્ન અને નવપલ્લવિત, નવકુસુમિત બન્યાં છે. એમાં પ્રેરણાના પરમ અલૌકિક અમૃતમય ફુવારા ફૂટ્યા છે. શક્તિની શતશત ધારાઓ વહી છે. અવનવી આશાઓના, જીવનોલ્લાસના, સાર્થકતાના વિહંગસ્વરો પ્રસાર પામ્યા છે. રામચરિતમાનસના સ્વનામધન્ય, સર્વશ્રેયસ્કરી સદભાવનાવાળા સંતકવિને માટે એ પરિણામ પ્રસન્નતાપ્રદાયક થઇ પડે તેવું છે.

રામચરિતમાનસની રસકવિતાના પ્રત્યેક કાંડની પરિસમાપ્તિએ કવિએ જે વિશિષ્ટ શબ્દપ્રયોગ કર્યો છે તે ખાસ લક્ષમાં લેવા જેવો છેઃ

इति श्रीमद्रामचरितमानसे सकलकलिकलुषविध्वंसने

કવિ સુચવે છે કે રામચરિતમાનસ સકળ કલિકાળનાં કલુષોનો નાશ કરવા માટે છે. એની અંદર એવી અસાધારણ અમોઘ શક્તિ સમાયેલી છે. એનું શ્રવણ-મનન, પઠન-

પાઠન, પરિશીલન કરનારે, એનો આસ્વાદ લેનારે, સકળ કલિકલુષોમાંથી મુક્તિ મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ, મનોરથ સેવવો જોઇએ, મુક્તિ મેળવવી જોઇએ, એવી અપેક્ષા રાખવી અસ્થાને નથી.

કલિકાળનાં કલુષ જેવાં વ્યસનો, દુર્ગુણો, દુર્ભાવો, દુષ્કર્મોમાંથી છૂટવા સિવાય અંતઃકરણના અવિદ્યારૂપી અંધકારનો આત્યંતિક અંત ના આવી શકે એ દેખીતું છે.

સંતશિરોમણી શ્રી તુલસીદાસકૃત રામચરિતમાનસની મહત્તા તથી મંગલમયતાનું વર્ણન પૂરેપૂરી ગંભીરતા, સભાનતા અને ગુણજ્ઞ બુદ્ધિ સાથે કરતાં બેની કવિએ સમુચિત રીતે જ કહ્યું છે કેઃ

વેદમત સોધિ, સોધિસોધિ કૈ પુરાન સબૈ
સંત ઔ અસંતનકો ભેદ કો બતાવતો,
કપટી કુરાહી કૂર કલિકે કુચાલી જીવ;
કૌન રામનામ હૂકી ચરચા ચલાવતો.

'બેની' કવિ કહે માનો માનો હો પ્રતીતિ યહ
પાહન-હિયેમેં કૌન પ્રેમ ઉપજાવતો,
ભારી ભવસાગર ઉતરતો કવન પાર
જો પે યહ રામાયમ તુલસી ન ગાવતો.

રામચરિતમાનસ ભવસાગરને પાર કરવા માટે તો મહામૂલ્યવાન મદદ કરે જ છે અથવા આલંબન ધરે છે પરંતુ સાથેસાથે ભવસાગરનાં ભયંકર મોજાંની વચ્ચે, જુદાંજુદાં જીવલેણ જોખમી જલચરોની વચ્ચે, તોફાની તાંડવ કરનારા પ્રમાથિ, બળવાન, મહાપ્રલયંકર પવનોની વચ્ચે અડગ અથવા અલિપ્ત કેવી રીતે રહેવું ને પરમાત્મામાં પ્રતિપળ શી રીતે વસવું તે પણ શીખવે છે. એ કેવળ પરલોકનો દીક્ષાગ્રંથ નથી, આ લોકને આલોકિત, સુખી, સફળ, સાર્થક કરવામાં માનનારો શિક્ષાગ્રંથ છે. ઇહીલોકની અમુલખ આચારસંહિતા છે.

☼ ☼ ☼ ☼

## 2. સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ

રામચરિતમાનસના કવિને સંસ્કૃત ભાષા માટે વિશેષ, પાર વિનાનો પ્રેમ છે.

રામચરિતમાનસની રસમય હૃદયંગમ રચના પહેલાં એ વાલ્મીકિ રામાયણનો અભ્યાસ કરતા અને જનતાને કથારૂપે રસાસ્વાદ કરાવતા.

તે પહેલાં પણ જીવનના આરંભના કૌમાર્યકાળમાં કાશીપુરીમાં વિદ્યાગુરુ નરહરાનંદ સ્વામીનો સુખદ સંનિધિલાભ પામીને એમણે સંસ્કૃતનું અવિરત રીતે અધ્યયન કરેલું. એ સ્નેહયુક્ત સંસ્કારનો ભાષાવારસો કેવી રીતે મરી જાય?

જીવનની ઉત્તરાવસ્થાએ પહોંચ્યા પછી, સૂર્ય અસ્તાચળ પર પહોંચી ગયો ત્યારે એમણે રામચરિતમાનસની રસપ્રદ રસમય રચના આરંભી.

એનો અક્ષરદેહ આબાલવૃદ્ધોને સહેલાઇથી સમજાય એવી રીતે એ વખતની અયોધ્યા કાશી ચિત્રકૂટ પ્રદેશની લોકભાષામાં ઘડ્યો.

સાહિત્ય - પછી તે ગદ્યાત્મક હોય કે પદ્યાત્મક હોય - જનસાધારણનું ના બને, સામાન્ય જનસમાજ સુધી ના પહોંચે અને એને અનુપ્રાણિત કરવાનું સફળ શ્રેયસ્કર સમર્થ સાધન ના બને તો શું કામનું ? એ અન્યને ઉપયોગી ભાગ્યે જ થઇ શકે. કેવળ પંડિતોનો, સાક્ષરોનો વિદ્વાનોનો જ ઇજારો બની રહે. કવિને એવી સાહિત્યકૃતિ નહોતી સરજવી. જનતાની ભાષામાં બોલવું, ગાવું ને જનતાના અંતરના અંતરતમપર્યંત પહોંચવું હતું.

એમણે એમની કવિતાકૃતિને જનતાની ભાષામાં તૈયાર કરવા માંડી.

પરંતુ એની એક વિશેષતા છે. કૃતિના આરંભમાં, અંતમા, પ્રત્યેક કાંડના આરંભે અને વચ્ચે પણ એમણે અનુકૂળતા અનુસાર અવારનવાર એમની પ્રિય સંસ્કૃતભાષામાં શ્લોકરચના કરી છે. એવી રીતે એમના અંતરના સંસ્કૃત ભાષા પ્રત્યેના અનુરાગની અભિવ્યક્તિ થઇ છે.

એ શ્લોકરચના સુસંગત અને સરસ બની છે.

એ શ્લોકોનો અનુવાદ આપણે મૂળ શ્લોકોને આરંભે અને અંતે અક્ષરશઃ એવો જ અખંડ રહેવા દઇને કર્યો છે. રામચરિતમાનસના રસિકોને એ રસપ્રદાન કરશે અથવા આનંદ આપશે એ નિશ્શંક છે.

## 3. રામાયણનું રહસ્ય

રામાયણનું રહસ્ય શેમાં સમાયેલું છે?

રામચરિતમાનસના એકમાત્ર આરાધ્યદેવ રામ છે. રામચરિતમાનસમાં મોટેભાગે એમનું જ જયગાન ગવાયેલું છે. એ રામ જીવનના મુખ્ય પ્રેરક, પ્રેમાસ્પદ, એકમાત્ર અધિષ્ઠાતા દેવ બને, જીવનમાં એમનો જ રાસ રમાય, જીવનમાં એમનો પુણ્યપ્રવેશ થાય અને જીવનનું સર્વકાંઇ એમનાં શ્રીચરણે સમર્પિત કરાય, એ રામાયણનો સર્વકાલીન, શાશ્વત સંદેશ છે.

સમસ્ત જીવન રામના મંગલમય મંદિરનું પાવન પ્રવેશદ્વાર થાય એથી અધિક શ્રેયસ્કર બીજું શું હોઇ શકે?



☼ ☼ ☼ ☼

## 4. શિવસ્તુતિ અને અન્ય સ્તુતિ વિશે

કાશી એટલે વિશ્વનાથપુરી.

પ્રાચીનકાળથી એની એવી જ પ્રખ્યાતિ.

સંતશિરોમણી તુલસીદાસજીએ ત્યાં પોતાના જીવનનો બહુમૂલ્ય સમય નિર્ગમન કર્યો અને પાર્થિવ તનુના પરિત્યાગ સમયે ત્યાં જ, આજના અસિઘાટ પાસેના તુલસીઘાટના શાંત નિવાસસ્થાનમાં છેલ્લો શ્વાસ લીધો.

વિશ્વનાથની એ કાશીપુરી તથા સ્વયં વિશ્વનાથ પ્રત્યે એમને અસાધારણ આકર્ષણ, અનુરાગ, આદરભાવ શા માટે ના હોય? એમના પવિત્ર પ્રાણવાન પ્રતિઘોષો રામચરિતમાનસમાં સ્થળે સ્થળે સ્વાભાવિક રીતે જ પડેલા છે. જે રામને ભજે પરંતુ શંકરને ના ભજે એની રામભક્તિ અધૂરી છે, ફળતી નથી. રામને ભજનારે શંકરને ભજવા જ જોઇએ, અને એવી રીતે શંકરના ભક્તે રામ પ્રત્યે પ્રેમાદરભાવ રાખવો જ જોઇએ એવી સુસ્પષટતા એમણે નિર્ભીક રીતે સ્વાનુભવના સુદ્રઢ આધાર પર કરેલી છે. એવું અનુમાન કરવાનું કારણ મળે છે કે કવિના સમયમાં રામભક્તો અને શિવભક્તો વચ્ચે સાંપ્રદાયિક મતભેદો, વિરોધો, કટુતા કે વૈમનસ્યનું પ્રમાણ વિશેષ હશે. એમની અંદર પારસ્પરિક સંપ, સહયોગ, સહાનુભૂતિ નહિ હોય, કિન્તુ અજ્ઞાનમૂલક નિરર્થક ચડસાચડસી કે તેજોદ્વેષ હશે. પરિણામે પ્રજાને એકત્વના ભાવનાસૂત્રથી સાંધવાનું શક્ય કે સરળ નહિ હોય. એ દ્રષ્ટિએ વિચારતાં, કવિએ પોતાના સમાજના સંશોધક તથા સુધારક તરીકે કાર્ય કરીને અવનવી પ્રરણા પૂરી પાડી છે. ભગવાન રામના અને શંકરના ભક્તોની વચ્ચે આત્મીયતા કેળવવા માટે પ્રાણવાન પથપ્રદર્શન પુરું પાડ્યું છે. કવિની અને એમની રામચરિતમાનસ કવિતાકૃતિની એ શકવર્તી સેવા છે.

કવિએ પોતાનો યુગધર્મ એવી રીતે તો બજાવ્યો જ છે કિન્તુ સાથસાથે સર્વકાળના શાશ્વત ધર્મભાવ પ્રત્યે અંગુલિનિર્દેશ કરી બતાવ્યો છે, રામચરિતમાનસમાં રામ શિવને પૂજે, વખાણે અને શિવ રામને પૂજે, વખાણે. રામ શિવને અને શિવ રામને આરાધ્ય માને એ સિદ્ધિ કાંઇ નાનીસૂની ના કહેવાય. એમાં સાધકનું શ્રેય સમાયેલું છે.

બાલકાંડના આરંભમાં જ શિવની પ્રશસ્તિનો પરિચય કરાવતા કવિ કહે છેઃ

भवानीशङ्करौ वन्दे श्रद्धाविश्वासरूपिणौ ।
याभ्यां विना न पश्यन्ति सिद्धाःस्वान्तःस्थमीश्वरम् ॥

"શ્રદ્ધા અને વિશ્વાસરૂપી શંકરપાર્વતીને વંદુ છું, જેમના અનુગ્રહ સિવાય સિદ્ધપુરુષો પોતાના અંતઃકરણમાં રહેલા ઇશ્વરને જોઇ શકતા નથી."

वन्दे बोधमयं नित्यं गुरुं शङ्कररूपिणम् ।
यमाश्रितो हि वक्रोऽपि चन्द्रः सर्वत्र वन्द्यते ॥

"જ્ઞાનમય, નિત્ય, શંકરસ્વરૂપ સદગુરુને વંદું છું, જેમના આશ્રયને લીધે ચંદ્ર વક્ર હોવા છતાં સર્વત્ર સૌ કોઇનાથી વંદાય છે."

શિવપ્રશસ્તિના એ સદભાવસૂચક ઉદગારો ભગવાન શંકર પ્રત્યેના પરમપ્રેમના અને આદરભાવના સૂચક છે.

સિદ્ધપુરુષો ભગવાન શંકર અને પાર્વતીના પરમાનુગ્રહ વિના પરમાત્મદર્શન નથી કરી શકતા એવું કહીને સૂચવવામાં આવ્યું કે એમની શરણાગતિ અનિવાર્યરૂપે આવશ્યક છે. પ્રશસ્તિના શ્લોકમાં ભવાનીશંકરને શ્રદ્ધાવિશ્વાસ સ્વરૂપ કહ્યાં છે. એનું કારણ શું હોઇ શકે? શ્રદ્ધા અને વિશ્વાસમાં બાહ્ય રીતે, ભાષાની દ્રષ્ટિએ તફાવત હોઇ શકે પરંતુ ભાવનાત્મક રીતે કોઇ પ્રકારનો તફાવત દેખાતો નથી. શ્રદ્ધા અને વિશ્વાસ વસ્તુતઃ એક જ છે, એમ ભવાનીશંકર બાહ્ય રીતે દ્વિવિધ હોવા છતાં તત્વતઃ એક જ છે. જે શંકર છે તે જ ભવાની અને જે ભવાની છે તે જ શંકર છે. પોતાની અમોઘ અભિનયલીલાને અનુસરીને એને માટે એક છે તે જ બે બન્યાં છે અથવા બે સ્વરૂપે પ્રતીત થાય છે. એમની અંતરંગ એકતાને એવી રીતે એ સુંદર સારગર્ભિત શ્લોક દ્વારા સૂચવવામાં આવી છે, કહો કે સિદ્ધ કરવામાં આવી છે.

બાલકાંડના પ્રારંભના પ્રથમ શ્લોક દ્વારા સરસ્વતીની અને વિનાયકની સ્તુતિ કરવામાં આવી છે. વાણી અને વિનાયક બંને જીવનનાં પરમપવિત્ર પ્રેરક પરિબળો.

કવિ પોતાની કલ્યાણકારિણી કવિતાકૃતિને માટે વાણીવિનાયકની સ્તુતિ કરે એ સહેજે સમજી શકાય તેમ છે. શંકર ભગવાનની સ્તુતિ કરે છે એ પણ સમજી શકાય તેમ છે. પોતાને સાધનાત્મક જીવનમાં અવારનવાર આલંબન આપનાર, પ્રબળ શ્રદ્ધાભક્તિથી

સુસંપન્ન બનાવનાર, અનુગ્રહ વરસાવનાર, રામદર્શનનો મંગલ માર્ગ દર્શાવનાર પવનસુત હનુમાનની પ્રશસ્તિ કરે છે એ પણ સમુચિત કહેવાય.

उद्भवस्थितिसंहारकारिणीं क्लेशहारिणीम् ।
सर्वश्रेयस्करीं सीतां नतोऽहं रामवल्लभाम् ॥

સીતાની અને 'રામનામના ઇશ્વર શ્રીહરિ' ની પ્રશસ્તિ કરી એમને વંદે એ પણ સ્વાભાવિક લાગે છે. એ સૌની સાથે કરાયેલી સદગુરુની સુંદર શબ્દોની સ્તુતિ પણ હૃદયસ્પર્શી છે. એના અનુસંધાનમાં આગળ પર કવિ સંત તથા અસંતને પણ વંદે છે, એ સઘળી વંદના રસપ્રદાયક છે.

એ વિવિધ વંદનાનો આસ્વાદ લેતાં મને એક વિચાર આવ્યો, આજે પણ આવે છેઃ

માનવ મહાન બન્યા પછી પોતાને મહાન બનાવવામાં પરોક્ષ-અપરોક્ષ મદદ કરનારા પોતાનાથી મહાન, જેમને જીવનમાં શકવર્તી સહાયતા પહોંચાડી હોય એવા અસાધારણ આત્માઓને પ્રેમપૂર્વક કૃતજ્ઞભાવે સ્મરે છે, સ્તવે છે અથવા અનુરાગની અંજલિ ધરે છે. સંતશિરોમણી તુલસીદાસના જીવનમાં એક સમય એવો હતો જ્યારે એ સ્ત્રીથી સંમોહિત થયેલા.

ધર્મભાવનાને અનુસરીને એ કોઇ અપરાધ નહોતો. છતાં પણ સંજોગો જ એવા સરજાયા કે એ સંતપુરુષની ધર્મપત્નીએ સદબુદ્ધિથી પ્રેરાઇને એમને મોહનિંદ્રામાંથી જગાડ્યા. એમના પૂર્વસંસ્કારોને લીધે એ તરત જ જાગ્યા. મોહનું રહ્યું સહ્યું અલ્પ આવરણ દૂર થયું અને એમણે રામભક્તિ દ્વારા રામદર્શન માટે સંકલ્પ કરીને સંસારત્યાગ કર્યો. એમની એ પ્રાતઃસ્મરણીયા ધર્મપત્ની રત્નાવલિની સ્મૃતિ કવિના હૃદયમાં રહી જ હશે. તુલસીદાસ ગૃહત્યાગ કરી બહાર નીકળીને તપ્યા, રત્નાવલી ઘરમાં રહીને તપી. એણે પોતાના જીવનના બહુમૂલ્ય કર્તવ્યને જ્ઞાત-અજ્ઞાત રીતે પૂર્ણ કર્યું. માનવજાતિને એક મહાન લોકોત્તર સંતની, ભક્તની, કવિની, તપસ્વિની, પરમાત્માના પરમ કૃપાપાત્રની ભેટ ધરી. એ સન્નારીની સર્વોત્તમ સર્વશ્રેયસ્કર સેવાભાવનાની સંસ્મૃતિરૂપે, એની પુણ્યવંતી પ્રશસ્તિ માટે એકાદ શ્લોક કે ચરણનું સર્જન થયું હોત તો એમાં કશું અનુચિત જેવું નહોતું. કિન્તુ કવિના સમયની સમાજરચના એવી નહિ હોય જે કવિને એવા કૃતજ્ઞભાવના

પ્રદર્શનની પ્રેરણા પૂરી પાડે. રત્નાવલીએ તુલસીને તુલસીદાસ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો તોપણ એ અંધારામાં જ રહી ગઇ.

☼ ☼ ☼ ☼

## 5. દુર્જનને વંદન

વંદન, સ્તવન કે પ્રણામનો વિષય નીકળ્યો છે ત્યારે બીજી એક અગત્યની વાત પ્રત્યે અંગૂલિનિર્દેશ કરી લઉં. સંસારમાં ધાર્મિક, આધ્યાત્મિક અને ઇતરવિષયક સાહિત્યકૃતિઓ અસંખ્ય રચાઇ છે. પરંતુ એવી સાહિત્યકૃતિ ભાગ્યે જ મળશે - અરે એવી સાહિત્યની ઉક્તિ પણ ભાગ્યે જ સાંપડશે જેમાં સજ્જનની સાથે દુર્જનને અને સંતપુરુષની સાથે સાથે અસંતને વંદવામાં આવ્યા હોય. એને માટે ખૂબ જ વિશાળતા, તટસ્થતા, પ્રભુપરતા જોઇએ. અસંત અથવા દુર્જનને મોટે ભાગે નીંદવામાં, તિરસ્કારવામાં, ઉપેક્ષાની નજરે નિહાળવામાં આવે છે. એમની પ્રશસ્તિની વાત તો દૂર રહી, એમને યાદ કરીને મોં બગાડવામાં આવે છે. રામચરિતમાનસના કૃતાર્થ કવિ એમાં વિરલ, અસાધારણ અપવાદરૂપ છે. એમણે એમની આગવી રીતે ગાયું છેઃ

बहुरि बंदि खल गन सतिभाएँ । जे बिनु काज दाहिनेहु बाएँ ॥
पर हित हानि लाभ जिन्ह केरें । उजरें हरष बिषाद बसेरें ॥

"હવે હું દુષ્ટોના સમૂહને સાચા ભાવથી વંદન કરું છું. એ કોઇ પણ કારણ વિના પોતાનું હિત કરનારાનું પણ અહિત કરે છે. એમને બીજાના હિતની હાનિમાં લાભ લાગે છે, બીજાનું ઉજ્જડ કરવામાં હર્ષ થાય છે ને બીજાની ઉન્નતિમાં ખેદ કે વિષાદ."

बंदउँ संत असज्जन चरना । दुखप्रद उभय बीच कछु बरना ॥
बिछुरत एक प्रान हरि लेहीं । मिलत एक दुख दारुन देहीं ॥

"હું સંત અને અસંત બંનેના ચરણોમાં વંદન કરું છું. બંને દુઃખદાયક હોવા છતાં એમનામાં થોડોક ફેર છે. સંતપુરુષ છૂટા પડે છે તો પ્રાણને હરી લે છે અને અસંત અથવા દુર્જન મળે છે તો દારુણ દુઃખ આપે છે."

કેટલી સરસ કલ્પના અને એની અભિવ્યક્તિની ભાષા પણ કેટલી બધી અસરકારક અને ભાવવાહી?

खल परिहास होइ हित मोरा । काक कहहिं कलकंठ कठोरा ॥
हंसहि बक दादुर चातकही । हँसहिं मलिन खल बिमल बतकही ॥

"દુષ્ટોના હસવાથી મારું હિત જ થશે. મધુર કંઠવાળી કોયલને કાગડાઓ કઠોર જ કહેશે. બગલા હંસની અને દેડકા ચાતક પક્ષીની હાંસી કરે છે તેમ મલિન મનના દુર્જનો વિમળ વાણીનો ઉપહાસ કરે છે."

जड़ चेतन जग जीव जत सकल राममय जानि ।
बंदउँ सब के पद कमल सदा जोरि जुग पानि ॥

"જગતના જડચેતન સઘળા જીવોને રામમય જાણીને સૌના ચરણકમળમાં હું બંને હાથ જોડીને વંદું છું."

કવિની એક આગવી વિશેષતા છે. એ વિશેષતા કવિતાનું તટસ્થ સુસૂક્ષ્મ અવલોકન કરવાથી સહેજે સમજી શકાય છે. કવિ દુર્જનને અથવા અસંતને વંદે છે ખરા પરંતુ પાછળથી આકરા શબ્દપ્રયોગો દ્વારા એમની આલોચના કરવામાં કે ખબર લેવામાં પણ બાકી નથી રાખતા. એનું એક તર્કસંગત કારણ કદાચ એ પણ હોઇ શકે કે એમને એવા દુર્જનો દ્વારા એમના જીવનકાળ દરમ્યાન ખૂબખૂબ સોસવું પડેલું. એક વાર તો કાશી ત્યાગ પણ કરવો પડેલો. એટલે એમના પ્રત્યેના મીઠા આક્રોશથી પ્રેરાઇને એમના વાસ્તવિક સ્વરૂપને શબ્દાંકિત કરવામાં એ પાછી પાની નથી કરતા કે સંકોચ નથી અનુભવતા. એમને એ યથાર્થ રીતે ઓળખાવે છે. એવા ઉપરથી એવી છાપ પડવાનો સંભવ છે કે કવિની આરંભની દુર્જનવંદના વ્યંગાત્મક કે શિષ્ટાચાર પૂરતી છે. પરંતું ખરેખર તેવું નથી. કવિ દુર્જનની વંદના તો સાચા ભાવથી પ્રેરાઇને જ કરે છે છતાં પણ એમના સ્વરૂપનું ચિત્રણ કરવાનું પોતાનું કર્તવ્ય સમજીને અવસર આવ્યે એને યથાર્થ રીતે પૂરું કરે છે. એ ચિત્રણ કોઇકને કાંઇક અંશે કટુ લાગે તોપણ કવિનું હૃદય તો કટુતાથી મુક્ત જ છે. કવિ પરમાત્માના પરમકૃપાપાત્ર ભક્ત કે સાચા સર્વોત્તમ સત્પુરુષ હોવાથી એમનામાં એવી કટુતા સ્વપ્ને પણ ના હોઇ શકે. નહોતી.

દુર્જનનો એમનો શાબ્દિક પરિચય સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ

हरि हर जस राकेस राहु से । पर अकाज भट सहसबाहु से ॥
जे पर दोष लखहिं सहसाखी । पर हित घृत जिन्ह के मन माखी ॥

"વિષ્ણુ તથા શંકરના સુયશરૂપી પૂર્ણિમાના ચંદ્રને માટે જે રાહુરૂપ છે, બીજાનું બૂરું કરવામાં હજાર હાથવાળા યોદ્ધા જેવા છે; બીજાના દોષને હજાર આંખે જુએ છે અને બીજાના હિતરૂપી ઘીને બગાડવા માટે જેમનું મન માખી જેવું છે."

तेज कृसानु रोष महिषेसा । अघ अवगुन धन धनी धनेसा ॥
उदय केत सम हित सबही के । कुंभकरन सम सोवत नीके ॥

"જે દુષ્ટોનું તેજ અગ્નિ જેવું છે, જેમનો ક્રોધ અગ્નિ સરખો અસહ્ય છે. જે પાપ અને દુર્ગુણના ધનથી કુબેર જેવા ધનવાન છે; જેમનો ઉદય સૌ કોઇના નાશ માટે થાય છે; જે કુંભકર્ણની પેઠે સદા સૂતા રહે એમાં જ કલ્યાણ છે."

पर अकाजु लगि तनु परिहरहीं । जिमि हिम उपल कृषी दलि गरहीं ॥
बंदउँ खल जस सेष सरोषा । सहस बदन बरनइ पर दोषा ॥

"હિમ પાકનો નાશ કરીને નાશ પામે છે તેમ દુર્જન બીજાનું બગાડવા માટે પોતાના પ્રાણનો પણ ત્યાગ કરે છે. હું દુષ્ટ લોકોને શેષનાગ સમાન સમજીને વંદુ છું. તે બીજાના દોષોને રોષે ભરાઇને હજારો વદનથી વર્ણવે છે."

पुनि प्रनवउँ पृथुराज समाना । पर अघ सुनइ सहस दस काना ॥

"એમને પૃથુરાજ માનીને પ્રણામ કરું છું, તે બીજાના પાપને દસ હજાર કાનથી સાંભળે છે. તેમને ઇન્દ્રની પેઠે મદિરાપાન પ્રિય લાગે છે. કઠોર વચનરૂપી વજ્ર સદા ગમે છે. તે બીજાના દોષને હજાર આંખેથી જુએ છે."

उदासीन अरि मीत हित सुनत जरहिं खल रीति ।

"દુષ્ટોની રાત જ એવા હોય છે કે તે ઉગાસીન, શત્રુ કે મિત્ર કોઇનું પણ હિત સાંભળીને બળી જાય છે."

☼ ☼ ☼ ☼

## 6. હનુમાનની પ્રશસ્તિ

ભગવાન રામના પૂર્ણ કૃપાપાત્ર અને પ્રેમી પવનસુત હનુમાનની પ્રશસ્તિ સંતશિરોમણી તુલસીદાસને માટે છેક જ સ્વાભાવિક કહેવાય. સદગુરુએ એમને શૈશવાવસ્થામાં માતાપિતાની છત્રછાયાને ખોયા પછી સુદીર્ઘસમયપર્યંત આશ્રય આપ્યો અને વિદ્યા પ્રદાન કરી. રત્નાવલીએ એક આદર્શ આર્યસન્નારીની અદાથી રામકૃપાપાત્ર બનવાની ને રામમય જીવનને જીવવાની પ્રેરણા પાઇ તો હનુમાનજીએ એ પ્રેરણાને પરિપૂર્ણપણે સાર્થક કરવાનો સાધનાત્મક રાહ દર્શાવીને એમના જીવનને જ્યોતિર્મય કરવાનું કલ્યાણકાર્ય કર્યું.

પરંપરાગત પ્રાચીન લોકકથા પ્રમાણે અમની ઉપર એક પ્રેતે વૃક્ષના મૂળમાં રોજની પેઠે પાણી નાખતી વખતે પ્રસન્ન થઇને એમની કથામાં વૃદ્ધરૂપે હનુમાનજી પોતે પધારે છે એવું જણાવેલું. એ પ્રેત રામદર્શન કરાવી શકે તેમ નહોતું પરંતુ રામદર્શનનો રસ્તો બતાવવા જેટલું શક્તિશાળી ઠર્યું. એણે આપેલી ઓળખાણને અનુસરીને કથામાં આવેલા એ વૃદ્ધ પુરુષને તુલસીદાસે કથાની પરિસમાપ્તિ સમયે વંદન કર્યાં. એમણે આરંભમાં તો છોડીક આનાકાની કરી પરંતુ પાછળથી પ્રાર્થતા હનુમાનસ્વરૂપે સાક્ષાત્ બનીને ચિત્રકૂટ જઇને રામકૃપા પામવા, રામદર્શન કરીને કૃતાર્થ બનવા માટે આરાધનાને આદરવાની સૂચના આપી. એ સુચનાને અનુસરીને તુલસીદાસે ચિત્રકૂટ પહોંચીને તપ કર્યું ને રામાનુગ્રહ મેળવ્યો.

એવા હનુમાનને તુલસીદાસ કેવી રીતે ભૂલી શકે? રામચરિતમાનસમાં એમની પ્રશસ્તિ કરીને તથા જીવનલીલાને વર્ણવીને એમને સંપૂર્ણ સંતોષ સાંપડ્યો છે એ તો સાચું જ પરંતુ એમણે એમને હનુમાનચાલીસા રચીને અલગ રીતે અંજલિ આપી છે. એમની એ રચના સુપ્રસિદ્ધ છે.

☼ ☼ ☼ ☼

# 7. રચનાની વિશિષ્ટતા

રામચરિતમાનસની રસમય રચના રામચરણકમલાનુરાગી સ્વનામધન્ય તુલસીદાસે પોતાના જીવનના ઉત્તરકાળમાં કરી. એંસી વરસની વયમર્યાદા વટાવ્યા પછી. એ દરમિયાન દુનિયાના અનેકવિધ શુભાશુભ, અનુકૂળ-પ્રતિકૂળ, વિરોધાભાસી અવુભવો કર્યા. ગૃહત્યાગના સીમાચિન્હસરખા સંક્રાતિસમય પછી ચિત્રકૂટ જેવા એકાંત પવિત્ર પર્વતપ્રદેશમાં વસીને, સર્વસંગપરિત્યાગી બનીને, રામદર્શન માટે કઠોર સાધના કરી. રામના અસાધારણ અલૌકિક અનુગ્રહને અનુભવવા આધ્યાત્મિક અનુશાસન અથવા અભ્યાસક્રમનો અનવરત રીતે આધાર લીધો. વિવેકસ વિરતિ, શ્રદ્ધાભક્તિથી પ્રેરાઇને તપઃપૂત આરાધના આદરી. મંથન પછી માખણ મળે તથા તીખા તાપ પછી વરસાદ વરસે એમ એમને રામકૃપાની સનાતન સુધા સાંપડી. તપશ્ચર્યા સફળ બનતાં કૃતકૃત્યતાનો અભિલષિત વરસાદ વરસ્યો. જીવન શાંત, મુક્ત, ધન્ય બન્યું. રામદર્શનથી કૃતાર્થ થયું. એ પછીથી સુદીર્ઘ સમયે રામચરિતમાનસની રચના થઇ. રામચરિતમાનસ પાછળ એકલી વિદ્વત્તા, એકલું શાસ્ત્રાધ્યયન, પરિશીલન, દેહદમન નથી. કવિની કેવળ કલ્પનાકળા કે નૈસર્ગિક જન્મજાત પ્રતિભા પણ કામ નથી કરતી. અસામાન્ય શૈલી કે નિરૂપણશક્તિ પણ નથી સમાઇ. એની પાછળ તો સાધના છે. તત્વવિચાર નથી કિન્તુ તત્વદર્શન છે. પરમાત્માનો અસીમ અનુગ્રહ એટલે રામચરિતમાનસમાં આટલી શક્તિ છે. અખૂટ પ્રેરણા છે. શાંતિની સામગ્રી છે. પ્રતીતિ છે. કેવળ કવિતા નથી, આરાધના છે. જીવનસાધના અને એની સિદ્ધિની રૂપરેખા કે છાયા છે. કવિ કેવળ શબ્દોનો શિલ્પી, કલ્પનાનો કળાકાર નહીં પરંતુ તત્વદર્શી બને છે, અને કવિતા નથી રચતો પરંતુ એની દ્વારા કવિતા રચાઇ જાય છે, ત્યારે એની અંદરથી કેવી કળાત્મકતા અને સંજીવનીશક્તિ પ્રાદુર્ભાવ પામે છે તેની કલ્પનાત્મક પ્રતીતિ કરવી હોય તો રામચરિતમાનસ પરથી કરી શકાશે. તુલસીદાસે એ કૃતિ દ્વારા વરસોથી મૂંગે મોંઢે અથવા અજ્ઞાત રીતે અસંખ્ય આત્માઓને અનુપ્રાણિત કર્યા છે. પ્રકાશ પહોંચાડ્યો છે, શાંતિ બક્ષી છે, પથપ્રદર્શન કર્યું છે. રાજપુરુષો, કથાકારો, કેળવણીકારો, પ્રખર પ્રવક્તાઓ અને સાહિત્યસ્વામીઓ જે નથી કરી શક્યા તે એક

રામચરિતમાનસની રચના કરીને કર્યું છે. એ શું દર્શાવે છે? એ જ કે માનવે પોતાની જાતનું નવનિર્માણ કરવાની, પોતાને પ્રભુમય બનાવવાની, શક્તિ પેદા કરવાની આવશ્યકતા છે. એ પછી એની એક જ કૃતિ, રચના કે ઉક્તિ અન્યને માટે કલ્યાણકારક બનશે. એની સંકલ્પશક્તિ, પ્રવૃતિ કે ઉપસ્થિતિ શ્રેયસ્કર ઠરશે.

પુષ્પ પોતે પરિમલથી પરિપ્લાવિત બને એટલે પરિમલ આપોઆપ પ્રસરશે. દીપક પ્રકાશિત થાય એટલે પ્રકાશ આપોઆપ ફેલાશે. સરિતા સલીલવંતી બનશે એટલે અન્યને સલિલ ધરશે. બીજાને કાંઇક ચિરસ્થાયી, અમર, આવશ્યક, આશીર્વાદરૂપ આપી જવા માટે એની પૂર્વતૈયારીરૂપે, માનવે તપવું, સહવું, પરમાત્માપરાયણ બનવું પડશે, સ્વયં જ્યાતિર્મય થવું પડશે.

રામચરિતમાનસ અને એના રચયિતા કવિવરનો એ શાંત છતાં શાશ્વત સંદેશ છે.

કેટલાંક વિદ્વાનો કે વિચારકો શ્રીમદ ભાગવતને મહર્ષિ વ્યાસ દ્વારા સમાધિદશામાં રચાયેલો ગ્રંથ માને છે. એની દ્વારા શું અભિપ્રેત છે એ તો એ જ જાણે, પરંતુ એના અનુસંધાનમાં બીજી રીતે આપણે કહી શકીએ કે રામચરિતમાનસ રામના પરમકૃપાપાત્ર, રામપ્રેમપરિપ્લાવિત પ્રાણવાળા ભક્તકવિનો ભાવગ્રંથ છે. એની રચના પરમાત્મપ્રેમના પ્રેરક પરિબળની મદદથી પ્રેમની પરિભાષામાં થયેલી છે. એને સંપૂર્ણપણે સમજવા અથવા એનો આસ્વાદ અનુભવવા પરમાત્માના પ્રેમ અને વિશ્વાસથી સમલંકૃત થવાની આવશ્યકતા છે.

રામચરિતમાનસનાં ઠેરઠેર પારાયણો થાય છે, નવાહ્નનો ચાલે છે, પ્રવચનો યોજાય છે, પૂજન કરાય છે, એની શોભાયાત્રા નીકળે છે. આરતી ઉતરે છે. એવી રીતે એ મહાન લોકોપયોગી કલ્યાણકારક ગ્રંથરત્ન તરફ સામાન્ય જનસમાજનું ધ્યાન આકર્ષાય છે એ સારું છે પરંતુ એટલું પર્યાપ્ત નથી. રામચરિતમાનસ કેવળ પારાયણગ્રંથ, પૂજાગ્રંથ કે પ્રવચનગ્રંથ નથી. એનુ પૂજન ગમે તેવા પૂજ્યભાવે કરાતું હોય તોપણ પર્યાપ્ત નથી. એની શોભાયાત્રા, કથા કે પધરામણીથી પરિતૃપ્તિ નથી પામવાની. એ તો જીવનગ્રંથ છે. રટવાનો નહિ, જીવવાનો ગ્રંથ છે. એની ચોપાઇઓને અને એના દોહાઓને કંઠસ્થ કરીને કે ગાઇને ઇતિકર્તવ્યતા માનીને બેસી નથી રહેવાનું, એમાંથી પ્રેરણા મેળવીને એને જીવવા અથવા આત્મસાત કરવા તૈયાર થવાનું, સર્વ કાંઇ કરી છૂટવાનું છે. ત્યારે જ એ

જીવનઉપયોગી બનશે ને જીવનમાં પવિત્ર પરિવર્તન પેદા થશે. સમાજમાં રામચરિતમાનસ આટલું બધું વંચાય કે વિચારાય છે તોપણ જરૂરી જીવનપરિવર્તન થાય છે ખરું? પોતાના અને અન્યના ઉત્કર્ષમાં માનનારે એ પશ્ન ખાસ પૂછવા જેવો છે. ગ્રંથો કેવળ પ્રશસ્તિ, પારાયણ, પ્રવચન કે પૂજાનાં સાધન બનવાને બદલે આચારનાં માધ્યમ બનવા જોઇએ.

રામચરિતમાનસ જેવા મહામૂલ્યવાન ગ્રંથરત્નની રચના એવા જ હેતુથી કરવામાં આવી છે.

☼ ☼ ☼ ☼



# ૪. પરંપરાગત પ્રવાહ

રામચરિતમાનસનો પુણ્યપ્રવાહ ભક્તકવિ તુલસીદાસથી પ્રાદુર્ભાવ પામ્યો એવું કવિ પોતે કહેતા નથી. કવિનું મંતવ્ય કંઇક અંશે એવું છે કે રામકથા અનાદિ છે. અથિશય પ્રાચીન છે. પરંપરાથી ચાલી આવે છે. રામજન્મ પણ પ્રત્યેક યુગમાં થયા કરે છે. રામલીલાનો પણ અંત નથી. પ્રત્યેક યુગમાં એનો અભિનય પોતાની વિશિષ્ટ રીતે થયા કરે છે. રામકથાની પરંપરા પોતાના સુધી કેવી રીતે પહોંચી તે દર્શાવતા સંતશિરોમણી તુલસીદાસે ગાયું છેઃ

जागबलिक जो कथा सुहाई । भरद्वाज मुनिबरहि सुनाई ॥
कहिहउँ सोइ संबाद बखानी । सुनहुँ सकल सज्जन सुखु मानी ॥

"જે કથા મહર્ષિ યાજ્ઞવલ્ક્યે મુનિવર ભારદ્વાજને સંભળાવેલી તે કથા હું સંવાદ સાથે વર્ણવું છું. સૌ સજ્જનો તેને સુખપૂર્વક સાંભળો."

संभु कीन्ह यह चरित सुहावा । बहुरि कृपा करि उमहि सुनावा ॥
सोइ सिव कागभुसुंडिहि दीन्हा । राम भगत अधिकारी चीन्हा ॥

"શંકર ભગવાને આ સુંદર રામચરિત્ર રચીને કૃપા કરીને ઉમાને સંભળાવ્યું. તે જ ચરિત્ર શંકરે કાકભુશુંડિને પરમ રામભક્ત અને અધિકારી જાણીને પ્રદાન કર્યું."

तेहि सन जागबलिक पुनि पावा । तिन्ह पुनि भरद्वाज प्रति गावा ॥
ते श्रोता बकता समसीला । सवँदरसी जानहिं हरिलीला ॥

"કાકભુશુંડિ દ્વારા એ ચરિત્ર યાજ્ઞવલ્ક્ય મુનિને મળ્યું. એમણે ભારદ્વાજને સંભળાવ્યું. એ શ્રોતાવક્તા સમાન શીલવાળા, સમદર્શી તથા પ્રભુની લીલાને જાણનારા હતા."

जानहिं तीनि काल निज ग्याना । करतल गत आमलक समाना ॥
औरउ जे हरिभगत सुजाना । कहहिं सुनहिं समुझहिं बिधि नाना ॥

"પોતાના જ્ઞાનથી તે ત્રણે કાળને હાથમાં રાખેલા આમળાની જેમ જાણી શકતા. બીજા પણ વિદ્વાન હરિભક્તો એ કથાને અનેક રીતે કહે છે, સાંભળે છે અને સમજે છે."

એ કથાની પ્રાપ્તિ પોતાને કેવી રીતે થઇ એના રહસ્યનું ઉદઘાટન કરતાં કવિ એના અનુસંધાનમાં લખે છેઃ

मै पुनि निज गुर सन सुनी कथा सो सूकरखेत ।
समुझी नहि तसि बालपन तब अति रहेउँ अचेत ॥

"એ કથાને મેં મારા ગુરુ પાસેથી વારાહક્ષેત્રમાં સાંભળેલી. એ વખતે મારી બાલ્યાવસ્થા હોવાથી હું તેને સારી પેઠે સમજી ના શક્યો."

तदपि कही गुर बारहिं बारा । समुझि परी कछु मति अनुसारा ॥
भाषाबद्ध करबि मैं सोई । मोरें मन प्रबोध जेहिं होई ॥

"તોપણ ગુરુએ તે કથાને વારંવાર કહી ત્યારે મારી બુદ્ધિના મર્યાદામાં રહીને હું એને થોડીક સમજી શક્યો. એ જ કથાને હવે હું ભાષાબદ્ધ કરી રહ્યો છું જેથી મારા મનમાં પ્રબોધ પેદા થાય."

કવિ આગળ કહે છે કે -

निज संदेह मोह भ्रम हरनी । करउँ कथा भव सरिता तरनी ॥
बुध बिश्राम सकल जन रंजनि । रामकथा कलि कलुष बिभंजनि ॥

"એ કથા વ્યક્તિગત સંદેહ, મોહ, ભ્રમને દુર કરનારી અને સંસારસરિતાને તરવા માટે નૌકારૂપ છે. વિદ્વાનોને આરામ આપનારી, સૌનું રંજન કરનારી અને કલિકાળનાં પાપો કે દોષોનો નાશ કરનારી છે."

એ બધાં અવતરણો પરથી સ્પષ્ટ થાય છે કે કથાનું આધુનીકરણ કવિનું છે. ભાષા, શૈલી, નિરુપણ એમનું છે. ચરિત્ર પુરાતન છે. પ્રસંગો મોટે ભાગે પરંપરાગત છે. ક્યાંક ક્યાંક સંશોધન સંવર્ધનવાળા. કવિની કળાની એ દ્વારા કસોટી થઇ છે. એમની કવિતાશક્તિ, સૂઝબૂઝ એરણ પર ચઢી છે. એમાં એ સફળતાસહિત પાર ઉતર્યા છે. એના પરિણામે એમનો રહ્યો સહ્યો સંદેહ, મોહ અને ભ્રમ તો મટ્યો જ હશે; અન્યનો પણ મટ્યો છે, મટે છે અને મટશે. એમને માટે એ સંસારસરિતાની નૌકા બની તેમ અન્ય અનેકને માટે બની છે, બને છે અને બનશે. વિદ્વાનોને માટે વિશ્રામરૂપ, સકળ જનસમાજને આનંદ આપનારી, કલિકાળનાં કિલ્મિષમાંથી મુક્તિ ધરનારી સિદ્ધ થઇ છે, થાય છે અને થશે એમાં સંદેહ નથી.

એની રચનાથી કવિને તો પ્રબોધની પ્રાપ્તિ થઇ જ હશે, પરંતુ એનો લાભ લેનારાને પણ પ્રબોધ સાંપડ્યો હશે, સાંપડ્યો છે અને સાંપડશે.

રામચરિતમાનસ પ્રબોધ પેદા કરવા તથા પરમાત્મપ્રેમ પ્રગટાવવા, પરિપુષ્ટ કરના માટે જ છે.

☼ ☼ ☼ ☼

## ૧. નામમહિમા

રામકથાના પરંપારગત પ્રાચીન પ્રવાહવર્ણન પહેલાં કવિએ કરેલું નામમહિમાનું વર્ણન શ્રવણમંગલસ હૃદયંગમ, સુખદ અને સરસ છે. કવિએ વિવિધ પ્રકારની વંદનાના અનુસંધાનમાં નામની વંદના કરી છે. એમણે એમના આરંભના સાધનાત્મક અભ્યાસકાળ દરમ્યાન રામનામનો જ આધાર લીધેલો. રામનામનો આધાર એમને માટે પરમશ્રેયસ્કર સાબિત થયેલો. એના આધારથી એમને રામકૃપાની અને રામદર્શનની અનુભૂતિ થયેલી. એટલા માટે સ્વાભાવિક રીતે જ નામને માટે એમને સવિશેષ સ્નેહ દેખાય છે. નામમાં શ્રદ્ધાભક્તિ છે. નામની અમોઘતામાં વિશ્વાસ, એ સૌના પ્રતિઘોષ એમણે કરેલા નામમહિમાના વર્ણનમાં પડેલા છે. એ પ્રતિઘોષ આનંદદાયક છે. એ પ્રતીતિપૂર્વક કહે છે કે કરાળ કલિકાળમાં નામ જેવું બીજું કોઇ જ સાધન નથી. એ દ્વારા માનવ આધિવ્યાધિઉપાદઇમાંથી મુક્તિ મેળવે છે, પ્રશાંતિ પામે છે, સર્વ પ્રકારે કૃતકૃત્ય બને છે.

શ્રેયમાર્ગના સર્વ સાધકોને એ નામનો આશ્રય લેવાની ભલામણ કરે છે.

बंदउँ नाम राम रघुवर को । हेतु कृसानु भानु हिमकर को ॥
बिधि हरि हरमय बेद प्रान सो । अगुन अनूपम गुन निधान सो ॥

"રઘુવરના રામનામને હું વંદન કરું છું જે અગ્નિ, સૂર્ય તથા ચંદ્રનું કારણ છે. એ રામનામ બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર છે. વેદ ના પ્રાણરૂપ છે; નિર્ગુણ ઉપમારહિત અને ગુણોના ભંડારસમાન છે."

राम नाम मनिदीप धरु जीह देहरी द्वार ।
तुलसी भीतर बाहेरहुँ जौं चाहसि उजिआर ॥

"જો અંદર અને બહાર અજવાળું જોઇતું હોય તો તુલસીદાસ કહે છે તેમ, મુખરૂપી દ્વારના જીભરૂપી ઉંમરા પર રામનામના મણિમય દીપકને ધરી દે."

नाम जीहँ जपि जागहिं जोगी । बिरति बिरंचि प्रपंच बियोगी ॥
ब्रह्मसुखहि अनुभवहिं अनूपा । अकथ अनामय नाम न रूपा ॥

"બ્રહ્માએ રચેલા જગતપ્રપંચથી મુક્ત, વૈરાગી યોગીપુરુષો રામનામને જીભથી જપતા રહીને જાગે છે અને નામરૂપથી રહિત અનુપમ અનિર્વચનીય નિર્દોષ બ્રહ્મસુખને અનુભવે છે."

नामु राम को कलपतरु कलि कल्यान निवासु ।
जो सुमिरत भयो भाँग तें तुलसी तुलसीदासु ॥

"કલિયુગમાં શ્રીરામનું નામ કલ્પવૃક્ષ જેવું તથા કલ્યાણના નિવાસસ્થાન સમું છે. એના સ્મરણથી ભાંગ જેવો સામાન્ય તુલસીદાસ તુલસી જેવો પવિત્ર અને અસામાન્ય થયો છે."

નામમહિમાના વિસ્તૃત વિશદ વર્ણનમાં વ્યક્ત કરાયેલા કવિના વિચારો તથા ભાવો ખૂબ જ મૌલિક, સ્વાનુભવસભરપૂર અને મનનીય છે. એ વિચારો સૌ કોઇને માટે પ્રેરક ઠરશે. કલ્યાણકારસ બનશે.



☼ ☼ ☼ ☼

# 10. વાનરો વિશે

નામવિષયક વિચારોના અનુસંધાનમાં આગળ એક બીજો પણ દોહો દેખાય છે.

"પ્રભુ રામ વૃક્ષની નીચે રહેતા હતા અને વાનરો વૃક્ષની ડાળ પર. વાનરોની એવી અસભ્યતા હતી. તોપણ રામે એમને પોતાના જેવા બનાવી દીધા. તેથી તુલસીદાસ કહે છે કે રામસમાન શીલનિધાન સ્વામી બીજા કોઇયે નથી."

प्रभु तरु तर कपि डार पर ते किए आपु समान ॥
तुलसी कहूँ न राम से साहिब सीलनिधान ॥

એ દોહા પરથી અને રામચરિતમાનસમાં આવેલા એવા કેટલાક બીજા ભાવો પરથી કેટલાકને પ્રશ્ન થાય છે કે વાનરો ખરેખર વૃક્ષો પર વસનારા મનુષ્યેતર પ્રાણી હતા? ચિત્રકારોએ પણ એમને એવા ચિતર્યા છે. એ શુ સાચેસાચ અસભ્ય હતા?

એ પ્રશ્નોના પ્રત્યુત્તરમાં આપણે કહીશું કે ના.

વાસ્તવિકતાને વફાદાર રહીને કહેવું હોય તો કહી શકાય ને શંકારહિત શબ્દોમાં કહી શકાય કે વાનરો માનવો જ હતા. રામાયણકાળમાં દક્ષિણ ભારતમાં માનવોની વાનરનામની વિશેષ જાતિ હતી. આજે નાગાલેન્ડમાં નાગજાતિ છે તેમ. વાનરો મનુષ્યેતર નહોતા, માનવો જ હતા. ચિત્રકારોએ અને કથાકારોએ એમને અન્યથા ચિતર્યા કે રજૂ કર્યા હોય તો તે બરાબર નથી. એમનામાં વાલિ, હનુમાન, સુગ્રીવ, અંગદ જેવા વીર યોદ્ધાઓ તથા વિદ્વાનો હતા. એમની આગવી સભ્યતા હતી. એમની વિદ્યા, સંપત્તિ, કળા સઘળું સુવિકસિત કે શકવર્તી હતું. વાલ્મીકિ રામાયણમાં એના પર સવિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે એટલે એ સિવાયની બીજી નિરાધાર ભ્રાંત માન્યતાને તિલાંજલિ આપવી જોઇએ.

☼ ☼ ☼ ☼

## 11. અતિવિસ્તાર

રામચરિતમાનસની મૂળ કથા - રામકથાને આરંભાતા વાર લાગે છે. વંદના, નામમહિમા, રામચરિતમાનસનો વિસ્તારપૂર્વક પરિચય, રામજન્મની પૂર્વભૂમિકા અને એવાં એવાં વર્ણનો ઘણી જગ્યા રોકી લે છે. એ વર્ણનો મૂળ વિષયથી કેટલીકવાર તદ્દન જુદાં, અસંગત અને વધારેપડતાં વિસ્તારવાળા લાગે છે. એવા વર્ણનો અબાધિત રીતે પૃષ્ઠોનાં પૃષ્ઠો સુધી ચાલે છે. વાચકની કસોટી કરે છે. કવિ એવા મૂળ વિષય સાથે સુસંગત ના કહી શકાય એવા વધારે પડતા વિસ્તારને ટાળી શક્યા હોત. કિન્તુ કોઇ કારણે ટાળી શક્યા નથી એ હકિકત છે.

એટલે રામચરિતમાનસનો રસાસ્વાદ લેનારને અવારનવાર થાય છે કે કવિ હવે બીજી આડીઅવળી વાતોને મૂકીને સીધા જ રામજન્મની વાત પર આવી જાય અને આગળની કથાને કહેવા માંડે તો સારું. મને પોતાને પણ વારંવાર કહેવાનું મન થતું કે, 'તુલસીજી, કથા કરોને! આવા વર્ણનોની પાછળ વખત વિતાવવાની આવશ્યકતા નથી.' પરંતુ તુલસીદાસને ધાર્યા કરતાં વધારે નિરાંત લાગે છે. એમને કથા કરવાની ઇચ્છા વધારે છે એટલે નવીનવી પૌરાણિક વાતો અને પેટાવાતોને વર્ણવતા જાય છે. એવી રીતે કથાનો વિસ્તાર વધતો જ જાય છે. રામચરિતમાનસના બાલકાંડનું કદ એવી કથાઓ અને ઉપકથાઓને લીધે વધ્યું છે. એને મૂળ રામકથાને વફાદાર રહીને, એની ગુણવત્તાને હાનિ પહોંચાડ્યા સિવાય ટૂંકાવી શકાયું હોત. એથી કવિતાકૃતિની શોભા વધત.

☼ ☼ ☼ ☼

# 12. પાર્વતીનું પાત્ર

રામચરિતમાનસમાં માતા પાર્વતીના મહાન પ્રાણવાન પાત્રને જે રીતે રજૂ કરાયું છે તે રીત અનોખી અને કરુણ છે.

પાર્વતી તથા શંકરને શ્રદ્ધા વિશ્વાસરૂપ માનીને કવિ આરંભમાં વંદન કરે છે. પાર્વતી જગદંબાસ્વરૂપ છે. રામને વનમાં વિલોકીને અને શંકરને એમની સ્તુતિ કરતા જોઇને પાર્વતીને સંદેહ થાય છે. સીતાના હરણ પછી રામ વિરહથી વ્યથિત થઇને સીતાને શોધવા નીકળે છે ત્યારે શિવપાર્વતીને માર્ગમાં એમનો મેળાપ થાય છે. ત્યારે શિવ દ્વારા રામની ભગવાનરૂપે કરાયેલી સ્તુતિનો મર્મ પાર્વતી સમજી શકતાં નથી. શંકરની સૂચનાનુસાર તે રામની પરીક્ષા કરવા તૈયાર થઇને સીતાના સ્વરૂપને ધારણ કરે છે. પરંતુ રામની પાસે પહોંચ્યા પછી રામ એમને તરત જ ઓળખી કાઢે છે ને પૂછે છે કે વનમાં આમ એકલા કેમ ફરો છો ? શંકર ક્યાં છે ? એ સાંભળીને પાર્વતી સ્ત્રીસહજ સંકોચ તથા લજ્જા પામે છે. એ એકાંત અરણ્યમાંથી રામની પાસેથી પાછા ફરે છે ત્યારે શંકરના પૂછવા છતાં પણ પોતાના કપટવેશની - રામચરિતમાનસના શબ્દપ્રયોગ પ્રમાણે - અને બીજી કથાને કહેતા નથી. એવું કહીને કવિએ માતા પાર્વતીના પાત્રને પ્રમાણમાં અતિસામાન્ય સ્તર પર લાવી મૂક્યું છે, અને અસત્યભાષણ કરતું બતાવ્યું છે. ભગવાન શંકર પણ, પોતાની આજ્ઞા અથવા અનુમતિથી પાર્વતીએ રામની કસોટી કરી હોવાં છતાં, એના પ્રત્યે પૂર્વની પેઠે પ્રેમ પ્રદર્શાવતા નથી. એ પણ ભગવાન આશુતોષ શંકરની પેઠે સહૃદયતાથી તથી ઉદારતાથી વર્તવાને બદલે એને અપરાધિની તરીકે અવલોકે છે. પરિણામે પાર્વતીને પોતાનું જીવન અકારું લાગે છે.

એ પછી દક્ષ પ્રજાપતિના યજ્ઞના અને એમાં પાર્વતીએ કરેલા દેહત્યાગની કથા આરંભાય છે. પાર્વતીની પેલી પરીક્ષાકથા શ્રોતઓને કે વાચકોને કદાચ આનંદ આપતી હશે પરંતુ પ્રસન્નતાપ્રેરક, આદર્શ, અભિનંદનીય નથી લાગતી. પ્રતીતિકારક પણ નથી પૂરવાર થતી. ભક્તકવિ તુલસીદાસે રામના દિવ્ય મહિમાને દર્શાવવા અથવા રામની મહાનતાની ઝાંખી કરાવવા એ પ્રસંગ યોજ્યો હોય તોપણ, એમ કરતાં શંકર તથા પાર્વતી

બંનેના પાત્રોને સાવ સામાન્ય બનાવી દીધા. અતિસામાન્ય સ્તર પર પહોંચાડી દીધાં છે. રામનું ગૌરવ વધારવા જતાં જાણ્યે-અજાણ્યે શંકર પાર્વતીના ગૌરવને ઘટાડ્યું છે. એમના લોકોત્તર વ્યક્તિત્વને અકારણ અસાધારણ અન્યાય કર્યો છે. એકને વિરાટ તરીકે વર્ણવતી વખતે બીજાં બે વિરાટને વામન રૂપે અંકિત કર્યા છે. શંકર પાર્વતીના પ્રેમી કે પ્રશંસકોને એવું ચિત્રણ ભાગ્યે જ ગમશે.

સંસારના સામાન્ય સુવિચારશીલ સુવિશાળ હૃદયના માનવો પણ પોતાની પત્ની કોઇક ભૂલ કરી બેસે તો વિશાળ હૃદયે ક્ષમા કરે છે. તો આ તો ભગવાન શંકર. એમનો પાર્વતી પ્રત્યેનો વ્યવહાર ઉત્તમ કે પ્રશસ્ય નથી લાગતો. પારવતીને પણ રામની પરીક્ષા કરવા માટે સીતાનો કપટવેશ લેતી બતાવવામાં પાર્વતીનું પરંપરાગત સમાજસુપ્રસિદ્ધ ગૌરવ નથી સચવાતું. એ જગજ્જનની એક અતિસામાન્ય શંકાશીલ સ્વભાવની ભ્રાંતિવશ સ્ત્રી હોઇ શકે એવું માનવા માટે મન તૈયાર થતું નથી.



☼ ☼ ☼ ☼

# 13. દેવર્ષિ નારદની વાત

જે શિવપાર્વતીના સંબધમાં તે જ વાત પપરમાત્માના પરમકૃપાપાત્ર પ્રાતઃસ્મરણીય ભક્તશિરામણી દેવર્ષિ નારદના સંબધમાં.

રામચરિતમાનસમાં બાલકાંડના આરંભમાં કહેવાયેલી દેવર્ષિ નારદની કામજયની અને એના અનુસંધાનમાં આલેખાયેલી માયાના મોહની કથા એકંદરે રોચક તથા બોધક છે. કથાનું પ્રયોજન દેખીતી રીતે જ અહંકારમુક્તિનું અને મોહનિવૃતિનું છે.

એ કથા રામજન્મના કારણને દર્શાવવા માટે કહેવાઇ છે. દેવર્ષિ નારદે ભગવાનને આપેલા શાપને લીધે એક કલ્પમાં એમનો અવતાર થયેલો. એ હકિકતની પુષ્ટિને માટે આખીય કથા અંકિત કરવામાં આવી છે.

हिमगिरि गुहा एक अति पावनि । बह समीप सुरसरी सुहावनि ॥
आश्रम परम पुनीत सुहावा । देखि देवरिषि मन अति भावा ॥

"હિમાલય પર્વતની પવિત્ર ગુફા પાસે સુંદર ગંગા વહેતાં, દેવર્ષિ નારદને એ પરમ પવિત્ર આશ્રમ ખૂબ જ પસંદ પડ્યો."

निरखि सैल सरि बिपिन बिभागा । भयउ रमापति पद अनुरागा ॥
सुमिरत हरिहि श्राप गति बाधी । सहज बिमल मन लागि समाधी ॥

"પર્વત, નદી, વનના વિભાગોને વિલોકીને એમના મનમાં ભગવાન વિષ્ણુનાં ચરણનો અનુરાગ થયો. શ્રીહરિનું સ્મરણ થતાં એક સ્થળે સ્થિર થઇને નહીં રહેવાનો દક્ષનો શાપ મિથ્યા થયો. મન સહજ રીતે જ નિર્મળ થતાં સમાધિ થઇ."

પરંતુ -

मुनि गति देखि सुरेस डेराना । कामहि बोलि कीन्ह समाना ॥

"દેવર્ષિ નારદની અલૌકિક અવસ્થા જોઇને ઇન્દ્રને ભય લાગ્યો. એણે કામદેવને બોલાવીને, સન્માનીને એમની સમાધિમાં ભંગ પડાવવા જણાવ્યું."

કામદેવે ત્યાં પહોંચીને પોતાનો પરિપૂર્ણ પ્રભાવ પાથર્યો તોપણ કશું ના ચાલ્યું.

काम कला कछु मुनिहि न ब्यापी । निज भयँ डरेउ मनोभव पापी ॥

"કામની કોઇપણ કળા મુનિવરને ના વ્યાપી."

દેવર્ષિ પર પ્રભુની પૂર્ણ કૃપા હતી. જેના પર પ્રભુની કૃપા હોય છે તે શોક મોહ, કામ ક્રોધ ભયાદિમાંથી મુક્તિ મેળવે છે. દેવર્ષિ નારદના સંબંધમાં એ વિધાન સાચું ઠર્યું.

કામદેવે મુનિવરનાં શ્રીચરણે મસ્તક નમાવી વિદાય લીધી. ઇન્દ્રની પાસે પહોંચીને એણે એમના સહજ સંયમની પ્રશંસા કરી.

દેવર્ષિ નારદે એ વાત શિવને કહી. એમને કામને જીતવાનો અહંકાર થયેલો.

ભગવાન શંકરે તે વાત શ્રી હરિને ના કહેવાની સૂચના આપી. પરંતુ એ સુચનાનો અનાદર કરીને નારદે શ્રીહરિની પાસે પહોંચીને કામના વિજયની કથા કહી સંભળાવી.

ભગવાને એમને બોધપાઠ શીખવીને અહંકારરહિત કરવાનો વિચાર કર્યો. એમણે એમની માયાને પ્રેરણા કરી. એ માયાએ માર્ગમાં સો યાજનના વિસ્તારવાળું નગર રચ્યું. એની રચના વૈકુંઠથી પણ વિશિષ્ટ હતી.

बिरचेउ मग महुँ नगर तेहिं सत जोजन बिस्तार ।
श्रीनिवासपुर तें अधिक रचना बिबिध प्रकार ॥

રામચરિતમાનસમાં વર્ણવ્યા પ્રમાણે એ નગરમાં શીલનિધિ નામે રાજા હતો. એની વિશ્વમોહિની નામે કન્યા. તે કન્યા પ્રભુની જ માયા હતી.

તેના સ્વયંવરમાં અસંખ્ય રાજાઓ એકઠા થયેલા.

દેવર્ષિ નારદ સ્વયંવરના સમાચાર સાંભળીને રાજા પાસે પહોંચ્યા.

देखि रूप मुनि बिरति बिसारी । बड़ी बार लगि रहे निहारी ॥

રાજાએ દેવર્ષિને રાજકુમારી પાસે પહોંચાડીને એના ગુણદોષ જણાવવાની પ્રાર્થના કરી. પરંતુ રાજકુમારીના રૂપને નિહાળીને દેવર્ષિ વૈરાગ્યને વિસરી ગયા અને એને થોડાક સમય સુધી જોઇ રહ્યા.

દેવર્ષિ નારદે એને વરવા માટે સમુચિત સુંદરતાથી સંપન્ન થવાનો સંકલ્પ કર્યો.

ભગવાનને મળીને એમણે એમના અસાધારણ સૌદર્યને પ્રદાન કરવાની ને સ્વયંવર માટે સહાયભૂત બનવાની પ્રાર્થના કરી. ભગવાને જે ભક્તના પરમહિતમાં હશે તે કરવાની બાંયધરી આપી. એમને અતિશય કુરૂપ કર્યા.

રાજકુમારીના સ્વયંવરમાં પુનઃ પધારેલા દેવર્ષિના સ્વરૂપના મર્મને ત્યાં બેઠેલા ભગવાન શંકરના બે ગણોએ જાણી લીધો. એ ગણો એમને અવલોકીને વિનોદ કરવા લાગ્યા.

રાજકુમારીએ રાજાના રૂપે આવેલા ભગવાનને વરમાળા પહેરાવી તે જોઇને દેવર્ષિ દુઃખી થયા. શિવગણોની સુચના પ્રમાણે એમણે જળાશયમાં જઇને પોતાના વદનને વિલોક્યું તો વાનર જેવું રૂપ જોઇને એ ક્રોધે ભરાયા. એમણે એ બંને ગણોને રાક્ષસ થવા માટે શાપ આપ્યો. ભગવાનને પણ જણાવ્યું કે તમે મને વાનર જેવું રૂપ આપ્યું તેથી વાનરો તમને સહાય કરશે. મને સ્ત્રીનો વિયોગ કરાવ્યો તેથી તમે પણ સ્ત્રીના વિયોગની વેદનાને ભોગવશો.

હરિની માયા મટી જતાં ત્યાં રાજકુમારી કે કશું રહ્યું નહીં. દેવર્ષિએ શ્રી હરિને પ્રણમીને પશ્ચાતાપ કર્યો ત્યારે એમણે શંકરના સો નામોનો જાપ કરવાનો આદેશ આપ્યો.

શિવના પેલા ગણોને પણ એમણે ક્ષમાપ્રાર્થના કરી ત્યારે જણાવ્યું કે તમે બંને રાક્ષસ થઇને અનંત બળ વૈભવ તથા તેજની પ્રાપ્તિ કરશો. યુદ્ધમાં શ્રીહરિના હાથે મૃત્યુ પામશો ત્યારે મુક્તિ મેળવશો. તે વખતે શ્રીહરિએ મનુષ્યશરીર ધાર્યું હશે.

એ પ્રસંગ પછી દેવર્ષિ નારદ સર્વ પ્રકારની વાસનાઓમાંથી મુક્તિ મેળવીને ભગવાનનું સુખદ પ્રશાંતિપ્રેરક સ્મરણ કરતા આગળ વધ્યા.

રામચરિતમાનસના બાલકાંડના આરંભમાં આલેખાયેલો એ પ્રસંગ સામાન્ય રીતે રોચક તથા પ્રેરક હોવા છતાં મૂળ રામકથાની સાથે સુસંગત નથી લાગતો. એ પ્રસંગ રામકથાને માટે અનિવાર્ય નથી. એ પ્રસંગમાં થયેલું દેવર્ષિ નારદનું પાત્રાલેખન આનંદપ્રદાયક નથી. દેવર્ષિ નારદ પરમાત્માના પરમ કૃપાપાત્ર હતા. એમને માયાવશ બતાવવા માટે જે ઘટનાચક્રને રજૂ કરવામાં આવ્યું છે તે એમના ગૌરવને વધારનારૂં નથી. માયાનો પ્રભાવ અતિશય બળવાન છે તે દર્શાવવાને માટે એમને બદલે કોઇક બીજા અપરિચિત અથવા અલ્પ પરિચિત પાત્રનું આલેખન કરી શકાયું હોત. એમની ઇચ્છા -જો હોત તો - કેવળ લગ્ન કરવાની હતી. એને અનુચિત અથવા અધર્મ્ય ના કહી શકાય. એટલા માટે જ શ્રીહરિએ એમને જે અનુભવ કરાવ્યો ને મર્કટમુખ આપ્યું એ શ્રીહરિને માટે પણ શોભાસ્પદ કહેવાય કે કેમ તે પ્રશ્ન છે. એ પ્રશ્નને બાજુએ મુકીએ તોપણ, એટલું તો

અવશ્ય કહી શકાય કે દેવર્ષિ નારદ જેવા આપ્તકામ આત્મતૃપ્ત પૂર્ણ મુક્ત પરમાત્મપરાયણ પુરુષને આવી રીતે અંકિત કરવાનું યોગ્ય નથી. દેવર્ષિ નારદના નામે સમાજમાં જે અનેક સાચીખોટી વાતો વહેતી થઇ છે એમાં એકની અભિવૃદ્ધિ કરવાની આવશ્યકતા નહોતી. આપણાં નખશીખ નિર્મળ અતિશય ગૌરવવંતા પરમાદરણીય પૂજ્ય પુરુષપાત્રોને એવાં જ રાખવા જોઇએ. એથી આપણી સંસ્કૃતિની અને એના પ્રાચીન અર્વાચીન જ્યોતિર્ધરોના સાચી સેવા કરી શકાષે.

શિવપાર્વતીના, દેવર્ષિ નારદના અને પ્રતાપભાનુ રાજાના પ્રસંગોનો અનુવાદ મેં નથી કર્યો. મૂળ કથામાં એ પ્રસંગો વિના કશી જ ક્ષતિ નથી પહોંચતી માચે.

એ સઘળા પેટાપ્રસંગોને લીધે રામકથાના મુખ્ય પ્રવાહનો પ્રારંભ ધાર્યા કરતાં ઘણો મોડો થાય છે. રામચરિતમાનસના રસિક વાચક કે શ્રોતાને રામકથાના વાસ્તવિક પ્રવાહરસમાં સ્નાન કરવા માટે ખૂબ જ વિલંબ થાય છે અને ધીરજપૂર્વકની પ્રતિક્ષા કરવા પડે છે. એ પ્રસંગોને લીધે ગ્રંથનો વિસ્તાર અનાવશ્યક રીતે વધ્યો છે.

☼ ☼ ☼ ☼

# 14. વિવાહ વખતનું વર્ણન

શિવપાર્વતીના વિવાહના વર્ણનમાં નાચેની પંક્તિઓ ખાસ ધ્યાન ખેંચે છેઃ

बिबिधि पाँति बैठी जेवनारा । लागे परुसन निपुन सुआरा ॥
नारिबृंद सुर जेवँत जानी । लगीं देन गारीं मृदु बानी ॥

गारीं मधुर स्वर देहिं सुंदरि बिंग्य बचन सुनावहीं ।
भोजनु करहिं सुर अति बिलंबु बिनोदु सुनि सचु पावहीं ॥

"જમનારાની વિવિધ પંગતો બેઠી. ચતુર રસોઇયા પીરસવા લાગ્યા. સ્ત્રીઓના ટોળાં દેવોને જમતાં જાણીને કોમળ વાણીથી ગાળો દેવા લાગ્યાં અથવા ફટાણાં ગાવા લાગ્યાં"

"સ્ત્રીઓ સિમધુર સ્વરે ગાળો દેવા લાગી તથા વ્યંગ્ય વચનો સંભળાવવા માંડી. એ વિનોદને સાંભળીને દેવતાઓ સુખ પામે છે, ભોજન કરે છે અને એમાં ઘણો વિલંબ થાય છે."

એ ચોપાઇઓ કેવી લાગે છે ? રામચિતમાનસની એ કવિતાપંક્તિઓ શું દર્શાવે છે ? કવિની કવિતામાં એમના જ જમાનાના રીતરિવાજોનું જ્ઞાત અથવા અજ્ઞાત રીતે પ્રતિબિંબ પડ્યું હોય એવું લાગે છે. શિવપાર્વતીના વિવાહ વખતે પણ સ્ત્રીઓ અત્યારની કેટલીક પછાત સ્ત્રીઓને પેઠે ગાળો દેતી કે ફટાણાં બોલતી હશે ? દેવો તેથી આનંદ અનુભવતાં હશે ? એ પશ્નો વિચારવા જેવા છે. તટસ્થ રીતે વિચારતાં જણાય છે કે એવી પ્રથા કે કુપ્રથા શિવપાર્વતીના સમયમાં પ્રવર્તતી નહિ હોય પરંતુ સંતશિરોમણી તુલસીદાસના વખતમાં વ્યાપેલી હશે. એટલે એમણે એ પ્રકારની કલ્પના કવિતામાં વણી લીધી લાગે છે.

☼ ☼ ☼ ☼

## 15. જન્માંતરમાં વિશ્વાસ

ભારતીય સંસ્કૃતિ જન્માંતરમાં માને છે કે વિશ્વાસ ધરાવે છે. વર્તમાન જીવન જ એકમાત્ર આદિ અને અંતિમ જીવન છે એવું એ નથી માનતી. હિમાલયની આકાશને આલિંગનારી ઉત્તુંગ પર્વતપંક્તિને પંખીને કેટલીકવાર એવું લાગે છે કે હવે એની પાછળ કોઇ પર્વત જ નહીં હોય. પરંતુ આગળ વધતાં અન્ય અનેક પર્વતપંક્તિઓને પેખી શકાય છે. પર્વતોનો એ વિસ્તાર અનંત હોય તેવું અનુભવાય. એ જ વાત પ્રકારાંતરે જન્માંતરના વિષયને લાગુ પડે છે. રામચરિતમાનસના બાલકાંડમાં એની પુષ્ટિ કરવામાં આવી છે.

શિવપાર્વતીના, દેવર્ષિ નારદના અને પ્રતાપભાનુના પ્રસંગો એનું સુખદ સમર્થન કરે છે. એમના અનુસંધાનમાં એક બીજો પ્રસંગ પણ જોવા મળે છે. મનુ અને શતરૂપાનો પ્રસંગ. એ પ્રસંગ દ્વારા નિશ્શંક રીતે જણાવવામાં આવ્યું છે કે મનુ અને શતરૂપા જ એમના જન્માંતરમાં મહારાજા દશરથ અને કૌશલ્યા રૂપે જન્મેલાં.

મનુ અને શતરૂપાના પ્રસંગને કવિએ ખૂબ જ સફળતાપૂર્વક, રોચક રીતે રજૂ કર્યો છે.

होइ न बिषय बिराग भवन बसत भा चौथपन ।
हृदयँ बहुत दुख लाग जनम गयउ हरिभगति बिनु ॥

"ઘરમાં રહેતા ઘડપણ આવ્યું તોપણ વિષયો પર વૈરાગ્ય ના થયો ત્યારે મનુને મનમાં અતિશય દુઃખ થયું કે હરિની ભક્તિ સિવાય માનવજન્મ જતો રહ્યો."

बरबस राज सुतहि तब दीन्हा । नारि समेत गवन बन कीन्हा ॥

"પુત્રને પરાણે રાજ્ય સોંપીને એમણે એમની સન્નારી શતરૂપા સાથે વનગમન કર્યું."

द्वादस अच्छर मंत्र पुनि जपहिं सहित अनुराग ।
बासुदेव पद पंकरुह दंपति मन अति लाग ॥

"નૈમિષારણ્યના પવિત્ર તીર્થપ્રદેશમાં રહીને 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ દ્વાદશાક્ષર મંત્રનો પ્રેમપૂર્વક જાપ કરતાં ભગવાન વાસુદેવના ચરણકમળમાં તે બંનેનું મન જોડાઇ ગયું."

प्रभु सर्बग्य दास निज जानी । गति अनन्य तापस नृप रानी ॥
मागु मागु बरु भै नभ बानी । परम गभीर कृपामृत सानी ॥

"સર્વજ્ઞ પ્રભુએ અનન્ય ભાવે પોતાના શરણે આવેલાં એ પરમતપસ્વી રાજારાણીને પોતાનાં ભક્ત જાણીને પરમગંભીર કૃપારૂપી અમૃતરસથી છલેલી આકાશવાણી દ્વારા જણાવ્યું કે વરદાન માગો."

મનુ તથા શતરૂપાએ પ્રભુના દિવ્ય દર્શનની માંગણી કરી એટલે પ્રભુએ એમની સમક્ષ પ્રગટ થઇને કોઇક બીજા વરદાનને માગવા માટે આદેશ આપ્યો.

મનુએ અતિશય સંકોચ સાથે પ્રભુના જેવા પુત્રની માંગણી કરી. શતરૂપાને પૂછતાં તેણે તે માગણીનું સમર્થન કર્યું અને આગળ પર કહ્યું કે તમારા પોતાના ભક્તો જે સુખ પામે છે ને જે ગતિને મેળવે છે તે જ સુખ, તે જ ગતિ, તેવી ભક્તિ તમારાં ચારુ ચરણોનો તેવો પ્રેમ,તેવું જ્ઞાન અને તેવી રહેણીકરણી અમને આપો.

મનુએ જણાવ્યું કે મણિ વિના સર્પ અને પાણી વિના માછલી રહી શકતી નથી તેમ મારું જીવન તમારે આધીન રહો. તમારાં ચરણોમાં મારી પ્રીતિ પુત્ર પર પિતાની પ્રીતિ હોય તેવી થાય. ભગવાને એમની માગણીને માન્ય રાખીને જણાવ્યું કે તમારી સઘળી ઇચ્છા પૂરી થશે. હવે તમે દેવરાજ ઇન્દ્રની રાજધાનીમાં જઇને વસો. ત્યાં ભોગવિલાસ કરીને કેટલોક કાળ પસાર કર્યા પછી તમે અયોધ્યાના રાજા થશો ને હું તમારો પુત્ર થઇશ.

तहँ करि भोग बिसाल तात गउँ कछु काल पुनि ।
होइहहु अवध भुआल तब मैं होब तुम्हार सुत ॥

इच्छामय नरबेष सँवारें । होइहउँ प्रगट निकेत तुम्हारे ॥
अंसन्ह सहित देह धरि ताता । करिहउँ चरित भगत सुखदाता ॥

"હું ઇચ્છામય માનવશરીર ધારીને તમારે ત્યાં પ્રાદુર્ભાવ પામીશ. હે તાત, હું મારા અંશ સાથે દેહને ધારીને ભક્તોને સુખ આપનારાં ચરિત્રો કરીશ."

आदिसक्ति जेहिं जग उपजाया । सोउ अवतरिहि मोरि यह माया ॥

"જેણે જગતને ઉત્પન્ન કર્યું છે તે આદિ શક્તિ અથવા મારી માયા પણ મારી સાથે અવતાર ધારણ કરશે."

એમ કહીને ભગવાન અંતર્ધાન થયા. એમના જણાવ્યા પ્રમાણે કાળાંતરે મનુ તથા શતરૂપાએ અમરાપુરીમાં વાસ કરીને રાજા દશરથ અને કૌશલ્યારૂપે જન્મ ધારણ કર્યો ત્યારે ભગવાને રામ રૂપે અને એમની માયાએ સીતારૂપે જન્મ લીધો. મનુ અને શતરૂપાની એ કથા રામજન્મના કારણને દર્શાવવા માટે કહેવામાં આવી છે. એ કથા જેમ જન્માંતરનું અથવા પુનર્જન્મનું સમર્થન કરે છે તેમ ભગવાનનાં દર્શનની ભાવનાનું અને ભગવાનના અવતારના આદર્શનું પણ પ્રતિપાદન કરે છે. અવતારની ભાવના રામાયણકાળ જેટલી જૂની છે એનું પ્રતિબિંબ વાલ્મીકિ રામાયણમાં પણ પડેલું જોવા મળે છે.

☼ ☼ ☼ ☼

## 16. રામાવતાર

રામચિતમાનસના કલ્યાણકવિએ રામને આરંભથી જ ઇશ્વરના અવતાર તરીકે અંકિત કર્યા છે. રામ ઇશ્વર છે એવી એમની શ્રદ્ધાભક્તિ અનુભૂતિમૂલક સુદ્રઢ માન્યતા છે. બાલકાંડના પ્રારંભમાં જ મંગલાચરણના સારગર્ભિત સરસ શ્લોકમાં એ માન્યતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં એમણે ગાયું છે કે સમગ્ર વિશ્વ, બ્રહ્માદિ દેવો અને અસુરો જેમની માયાને વશ છે, જેમની સત્તાથી સમગ્ર જગત રજ્જુમાં સર્પની ભ્રાંતિની પેઠે સત્ય જણાય છે અને સંસારસાગરને તરવાની ઇચ્છાવાળાને જેમનાં ચરણ એકમાત્ર નૌકારૂપ છે, તે સર્વે કારણોથી પર રામનામના ઇશ્વર શ્રીહરિને હું વંદુ છું.

यन्मायावशवर्ति विश्वमखिलं ब्रह्मादिदेवासुरा
यत्सत्वादमृषैव भाति सकलं रज्जौ यथाहेर्भ्रमः ।
यत्पादप्लवमेकमेव हि भवाम्भोधेस्तितीर्षावतां
वन्देऽहं तमशेषकारणपरं रामाख्यमीशं हरिम् ॥

વાલ્મીકિ રામાયણમાં મહર્ષિ વાલ્મીકિએ આરંભમાં રામને એક અખિલ અવની મંડળના સર્વગુણસંપન્ન સુયોગ્ય પુરુષ તરીકે વર્ણવીને પાછળથી પરમપુરુષ, પરમાત્મા અથવા પુરુષોત્તમરૂપે આલેખ્યા છે. સંતશિરોમણિ તુલસીદાસે રામચિતમાનસમાં રામને બદલે પ્રભુ શબ્દનો પ્રયોગ ખૂબ જ મુક્ત રીતે, છૂટથી કર્યો છે. તે સુંદર શબ્દપ્રયોગ એમની રામ પ્રત્યેની અસાધારણ શ્રદ્ધાભક્તિનો અને સુદ્રઢ માન્યતાનો સૂચક છે. અગત્યની ચિત્તાકર્ષક પરમ ઉલ્લેખનીય વાત તો એ છે કે એ શબ્દપ્રયોગ અવારનવાર થયો હોવા છતાં પણ કવિની કાવ્યરચનામાં ક્યાંય ક્લિષ્ટતા કે કૃત્રિમતા નથી લાગતી. કવિતારચનામાં એ શબ્દપ્રયોગ સહજ રીતે જ ભળી ગયો છે.

રામાયણના મહાત્મયમાં જણાવ્યું છે કે ત્રેતાયુગના પ્રારંભમાં પ્રગટેલા વાલ્મીકિ મુનિએ જ કલિયુગમાં તુલસીદાસ રૂપે અવતાર લીધેલો.

वाल्मीकि मुनि जो भये त्रोतायगके द्वार ।
सो अब इहि कलिकालमें लिये तुलसी अवतार ॥

તુલસીદાસ વિશેના એ ઉદગારોમાં કશી અતિશયોક્તિ નથી દેખાતી. એ ઉદગારો સંપૂર્ણ સાચા લાગે છે. સંતશિરોમણિ તુલસીદાસ તથા મહામુનિ વાલ્મીકિ ઉભય ઇશ્વરદર્શી ઋષિ છે અને રામને ઇશ્વર માને છે. મહર્ષિ વાલ્મીકિ પછી વરસો પછી પ્રગટીને સંતશિરોમણિ તુલસીદાસે રામભક્તિપ્રસારનું ને જીવનશુદ્ધિનું અમુલખ કલ્યાણકાર્ય કરી બતાવ્યું. એમણે રામકથાના રૂપમાં વરસોની દેશકાળાતીત સનાતન પરબ પ્રસ્થાપી. મંગલ માર્ગદર્શિકાને મૂકી. મહામૂલ્યવાન મૂડી ધરી. એમની નિર્ભયતા ઓછી નહોતી. એમણે ભાષાની પરંપરાગત પૂજાપદ્ધતિને પસંદ કરવાને બદલે, એને ગૌણ ગણીને, સંસ્કૃતને બદલે લોકભાષામાં રામાયણની રચના કરી. એની પાછળ અસાધારણ હિંમત, આત્મબળ, સમયસૂચકતા તથા લોકાનુકંપા રહેલી. એ લોકોને માટે, બહુજનસમાજને માટે કાવ્યરચના કરવા માંગતા હતા. એટલે એમને પરંપરાની પૂજા પોસાય તેમ નહોતી. એ આર્ષદ્રષ્ટા હતા. એમનું આર્ષદર્શન સફળ થયું. એમની રામકથાએ વાલ્મીકિ કરતાં અધિક લોકપ્રિયતાને પ્રાપ્ત કરી. અધિક કલ્યાણકાર્ય કરી બતાવ્યું. એ પંડિતોની ઇજારાશાહી બનવાને બદલે જનસાધારણની પ્રેરણાદાત્રી સંજીવની બની. એનું એક અગત્યનું કારણ એની ભાષા પણ.

રામને ઇશ્વરના અવતાર તરીક વર્ણવતા કવિને કશો સંકોચ થતો નથી. કવિ એમના પ્રાગટ્યને સહજ રીતે જ વર્ણવે છે.

नौमी तिथि मधु मास पुनीता । सुकल पच्छ अभिजित हरिप्रीता ॥

"પવિત્ર ચૈત્રમાસ, શુકલ પક્ષ, નવમી અને હરિને પ્રિય અભિજિત મુહુર્ત."

सुर समूह बिनती करि पहुँचे निज निज धाम ।
जगनिवास प्रभु प्रगटे अखिल लोक बिश्राम ॥

"દેવો પ્રાર્થના કરીને પોતપોતાના ધામમાં પહોંચ્યા. સૌને શાંતિ અર્પનારા જગતના નિવાસ પ્રભુ પ્રકટ થયા." અને

भए प्रगट कृपाला दीनदयाला कौसल्या हितकारी ।

માતા કૌશલ્યાએ ભગવાનની સ્તુતિ કરી. એમણે કહ્યું કે આ અલૌકિક રૂપને તજીને સામાન્ય રૂપ ધારીને તમે અતિપ્રિય બાળલીલા કરો. એથી મને અનુપમ સુખાનુભવ થશે. એ સ્તુતિ તથા પ્રાર્થનાને સાંભળીને ભગવાને બાળસ્વરૂપ ધારીને રડવા માંડ્યું કવિ કહે છે

કે ભગવાનનું શરીર દિવ્ય અને સ્વેચ્છાએ બનેલું છે. એમણે વિપ્ર, ગાય, દેવ તથા સંતના મંગલ માટે મનુષ્યાવતાર લીધો છે. એ માયાથી, એના ગુણથી તથા ઇન્દ્રિયોથી અતીત છે.

बिप्र धेनु सुर संत हित लीन्ह मनुज अवतार ।
निज इच्छा निर्मित तनु माया गुन गो पार ॥

એમનાં ચરિત્ર પણ કવિના કથન પ્રમાણે અલૌકિક હતાં.

ब्यापक अकल अनीह अज निर्गुन नाम न रूप ।
भगत हेतु नाना बिधि करत चरित्र अनूप ॥

"સર્વવ્યાક, અકળ, ઇચ્છારહિત, અજન્મા, નિર્ગુણ, નામરૂપથી રહિત ભગવાન ભક્તોને માટે અનેક પ્રકારનાં અનુપમ ચરિત્રો કરે છે.

રામને માટે કવિ એવી અવતારમૂલક મંગલમયી માન્યતા ધરાવતા હોય ત્યારે એમની કવિતામાં વિવિધ પ્રસંગોના નિરુપણ અથવા આલેખન સમયે એનો પ્રતિઘોષ પડે એ સ્વાભાવિક છે. રામચરિતમાનસના પ્રસંગોના સંબંધોમાં એ હકિકત સાચી ઠરે છે. તુલસીદાસજીએ રામને માટે વારંવાર પરમપૂજ્ય ભાવસૂચક પ્રભુ શબ્દનો પ્રયોગ કર્યો છે. એ પ્રયોગ એટલો બધો છૂટથી મુક્ત રીતે કરવામાં આવ્યો છે કે વાત નહીં. એ એમની રામ પ્રત્યેની વિશિષ્ટ ભાવનાને પ્રદર્શાવે છે.

જે હકિકત રામને લાગુ પડે છે તે સીતાને પણ લાગુ પડે છે. સીતાને પણ તે પરમાત્માની મહામાયાના, પરમશક્તિના પ્રતીકસમી સમજે છે અને રામચરિતમાનસમાં પ્રસંગોપાત્ત એવા રીતે આલેખે છે.

☼ ☼ ☼ ☼

## 17. વિશ્વામિત્ર મુનિનો પુણ્યપ્રવેશ

રામના કૌમાર્યકાળ દરમિયાન એક અગત્યનો પ્રસંગ બની ગયો. રામચરિતમાનસમાં કહ્યા પ્રમાણે એક દિવસ મહામુનિ વિશ્વામિત્રે વિચાર્યું કે પ્રભુએ અવતાર લીધો છે. એમના સિવાય રાક્ષસોનો સંહાર નહીં થઇ શકે. માટે એમનું દેવદુર્લભ દર્શન કરીને એમને મારા આશ્રમમાં લઇ આવું.

એ અયોધ્યા પહોંચ્યા.

દશરથે એમનું સાદર સપ્રેમ સ્વાગત કર્યું. મુનિને સુયોગ્ય સેવાકાર્ય બતાવવા જણાવ્યું. મુનિએ રાક્ષસોના ત્રાસમાંથી મુક્તિ મેળવવા રામ તથા લક્ષ્મણની માંગણી કરી.

देहु भूप मन हरषित तजहु मोह अग्यान ।
धर्म सुजस प्रभु तुम्ह कौं इन्ह कहँ अति कल्यान ॥

"હે રાજા, મોહ અને અજ્ઞાનને છોડીને મનમાં હર્ષ પામીને મેં જે માગ્યું છે તે આપ. તને ધર્મ તથા યશની પ્રાપ્તિ થશે અને એમનુ પરમકલ્યાણ."

રાજા દશરથને માટે રામ અને લક્ષ્મણને વિશ્વામિત્ર મુનિને સોંપવાનું કાર્ય એટલું સહેલું નહોતું. રાજાને મુનિની વાણી 'અતિ અપ્રિય' લાગી. પરંતુ મહામુનિ વશિષ્ઠે સમજાવવાથી એ માની ગયા.

વિશ્વામિત્ર મુનિએ એમને માર્ગમાં બલા તથા અતિબલા વિદ્યા શીખવી. એ વિદ્યાના પ્રભાવથી ભૂખતરસ ના લાગતી અને બળ તથા તેજનો પ્રવાહ અખંડ રહેતો.

મિથિલાનગરીમાં જનકરાજા સીતાના સ્વયંવરના ઉપલક્ષમાં ધનુષયજ્ઞ કરી રહેલા. વિશ્વામિત્ર મુનિ રામલક્ષ્મણને મિથિલાનગરીમાં લઇ ગયા. માર્ગમાં ગૌતમમુનિની સ્ત્રી અહલ્યાનો ઉદ્ધાર થયો.

મિથિલાનગરીમાં રામ અને સીતાનો પ્રથમ પરિચય અતિશય આહ્લાદક છે. રામચરિતમાનસના કવિની કવિતાકળા એ પરિચયપ્રસંગે અને એ પછી સફળ બનીને સુચારુરૂપે ખીલી ઉઠી છે.

સીતાની શોભાને નિહાળીમે રામ સુખ પામ્યા. એ વિશ્વામિત્ર મુનિની અનુજ્ઞાથી લક્ષ્મણ સાથે રાજા જનકના ઉદ્યાનમાં પુષ્પો લેવા માટે આવેલા. સીતા ત્યાં પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં સરવરતટ પર આવેલા માતા પાર્વતીના મંદિરનાં દર્શનપૂજન માટે આવેલી. એવી રીતે એ બંનેનો મેળાપ થયો. અલબત્ત ખૂબ જ દૂરથી. એ મેળાપ અદભૂત હતો. રામના મન પર એ મેળાપની કેવી અસર થઇ એ ખાસ જાણવા જેવું છે. એમણે સીતાના સ્વરૂપને નિહાળીને આશ્ચર્ય, આનંદ, આકર્ષણનો અનુભવ તો કર્યો જ પરંતુ સાથેસાથે લક્ષ્મણને જણાવ્યું કેઃ

"જેને માટે ધનુષયજ્ઞ થાય છે તે જ આ જનકપુત્રી સીતા છે. સખીઓ એને ગૌરીપૂજન માટે લાવી છે. તે ફૂલવાડીને પ્રકાશિત કરતી ફરે છે."

"એની અલૌકિક શોભા જોઇને મારા પવિત્ર મનને સ્વભાવથી જ ક્ષોભ થાય છે. તેનું કારણ તો વિધાતા જાણે. મારું શુભદાયક જમણું અંગ ફરકે છે."

"રઘુવંશીનો એવો સહજ સ્વભાવ હોય છે કે એમનું મન કદી કુમાર્ગે પગ મૂકતું નથી. મને મારા મનનો પૂરો વિશ્વાસ છે. એણે સ્વપ્નમાં પણ પરસ્ત્રીને નથી જોઇ."

रघुबंसिन्ह कर सहज सुभाऊ । मनु कुपंथ पगु धरइ न काऊ ॥
मोहि अतिसय प्रतीति मन केरी । जेहिं सपनेहुँ परनारि न हेरी ॥

રામના એ ઉદગારો એમના અંતઃકરણની ઉદાત્તતાના પરિચાયક છે. એમનું સીતાને માટેનું આકર્ષણ અત્યંત નૈસર્ગિક અને અસામાન્ય હોવા છતાં એ કેટલા બધા જાગ્રત છે તેની પ્રતીતિ કરાવે છે. એ માનવસહજ આકર્ષણના પ્રવાહમાં વહી જતા નથી પરંતુ એનું તટસ્થ રીતે અવલોકન અથવા પૃથ્થકરણ કરી શકે છે. એમના વિશદ વ્યક્તિત્વના એ નોંધપાત્ર વિશેષતાને કવિ સફળતાપૂર્વક સરસ રીતે રજૂ કરી શક્યા છે.

☼ ☼ ☼ ☼

## 18. રામના દર્શનની પ્રતિક્રિયા

સીતાના સ્વયંવરમાં ધનુષ્યભંગ માટે રામ પધાર્યા ત્યારે તેમનું સ્વરૂપ જુદાજુદા જનોને કેવું લાગ્યું, જુદાજુદા માનવો પર તેની પ્રતિક્રિયા કેવી થઇ, તેનું આલેખન રામચરિતમાનસમાં ખૂબ જ સરસ રીતે કરવામાં આવ્યું છે. એ આલેખન કંસના નાશ માટે ગયેલા ભગવાન કૃષ્ણનાં દર્શનની જુદીજુદી વ્યક્તિઓ પર પડેલી પ્રતિક્રિયાનું સ્મરણ કરાવે છે. શ્રીમદ ભાગવતના દશમા સ્કંધમાં એ પ્રતિક્રિયાને વર્ણવવામાં આવી છે. રામચરિતમાનસના વર્ણન સાથે એ વર્ણન સરખાવવા જેવું છે.

"બળરામ સાથે રંગમંડપમાં પ્રવેશેલા કૃષ્ણને મલ્લોએ વજ્રસમા, નરોમાં નરોત્તમ જોવા જોયા. સ્ત્રીઓએ મૂર્તિમાન કામદેવ જેવા. ગોપોએ સ્વજન જેવા, રાજાઓએ શાસક અધિનાયક જેવા, બાળકોએ માતાપિતા જેવા, કંસે મૃત્યુસરખા, વિદ્વાનોએ વિરાટ જેવા, યોગીઓએ પરમતત્વ જેવા અને વૃષ્ણીવંશીઓએ સર્વશ્રેષ્ઠ દેવતા હરિ સરખા જોયા."

રામચરિતમાનસમાં કહેવામાં આવ્યું છેઃ

जिन्ह कें रही भावना जैसी । प्रभु मूरति तिन्ह देखी तैसी ॥

"જેની જેવી ભાવના હતી તેણે તે વખતે પ્રભુની મૂર્તિનું દર્શન કર્યું."

"મહારણધીર રાજાઓએ વીરરસે પોતે જ શરીર ધારણ કર્યું હોય તેવું પ્રભુનું રૂપ જોયું, પ્રભુની ભયંકર આકૃતિને નિહાળી કુટિલ રાજાઓ ડરી ગયા. પાછળથી છળથી રાજાઓનો વેશ ધરીને રહેલા અસુરોએ પ્રભુને પ્રત્યક્ષ કાળસમાન જોયા. નગરજનોને બંને બંધુઓ મનુષ્યોના અલંકારરૂપ અને નેત્રોને સુખદાયક દેખાયા."

नारि बिलोकहिं हरषि हियँ निज निज रुचि अनुरूप ।
जनु सोहत सिंगार धरि मूरति परम अनूप ॥

"સ્ત્રીઓ હૈયામાં હર્ષાન્વિત બનીને પોતપોતાની રુચિ અનુસાર જાણે શૃંગારરસ જ પરમ અનુપમ મૂર્તિ ધરીને શોભી રહ્યો હોય તેમ જોવા લાગી."

"વિદ્વાનોએ પ્રભુને વિરાટ સ્વરૂપે જોયા. એમને અનેક મુખ, પગ, નેત્રો અને મસ્તકો હતાં. જનકનાં કુટુંબીઓને સગાંસંબંધી જેવા પ્રિય દેખાયા. જનક સાથે રાણીઓ પ્રભુને પોતાના બાળકની પેઠે જોવા લાગી."

**जोगिन्ह परम तत्वमय भासा । सांत सुद्ध सम सहज प्रकासा ॥**

"યોગીઓને એ શાંત શુદ્ધ, સમ, સહજ પ્રકાશરૂપ, પરમ તત્વમય લાગ્યા."

"હરિભક્તોએ બંને બંધુને સર્વસુખપ્રદાયક ઇષ્ટદેવસમાન જોયા. સીતાએ જે ભાવથી રામને નિહાળ્યા તે ભાવ, સ્નેહ તથા સુખ કહી શકાય તેમ નથી."

☼ ☼ ☼ ☼

# 19. વિશ્વામિત્રનું પાત્ર

જે વિશ્વામિત્ર મુનિએ રામના આરંભના જીવનમાં એમના લગ્નજીવન પ્રવેશનાં સાક્ષી અથવા પુરસ્કર્તા બનીને મહામૂલ્યવાન યોગદાન પ્રદાન કર્યું તે વિશ્વામિત્ર મુનિના પ્રાણવાન પાત્રનું પછીથી શું થાય છે ? વિશ્વામિત્રનું એ પાત્ર પછીથી લગભગ અદ્રશ્ય થઇ જાય છે. કવિ એને કથા અથવા કવિતામાંથી જ્ઞાતઅજ્ઞાત મુક્તિ આપે છે. વનવાસના વિકટ વખતમાં પણ રામ મહામુનિ વાલ્મીકિના આશ્રમમાં પધારે છે પરંતુ પોતાના શૈશવ કે કૌમાર્યકાળના શિલ્પી મહામુનિ વિશ્વામિત્ર પાસે નથી પહોંચતા. એમને યાદ કરવામાં નથી આવતા. રામચરિતમાનસમાં પછી છેવટ સુધી એ પ્રાણવાન પરમપ્રતાપી પાત્રનો પરિચય જ નથી થતો એ એક અસાધારણ આશ્ચર્ય છે. કવિ એમને વનવાસ પહેલાં કે વનવાસ વખતે કવિતામાં પાછા આલેખી શક્યા હોત. એમણે રામને ધીરજ, હિંમત, ઉત્સાહ પ્રદાન કર્યાં હોત. એ સમુચિત અથવા સુસંગત લાગત. પરંતુ એવું નથી થઇ શક્યું એ કરુણતા છે. કવિતાની કે કવિતાકથાની ત્રુટિ પણ કહી શકાય.

વનવાસ વખતે એમને ફક્ત એકાદ વાર જ યાદ કરવામાં આવે છે અને એ પણ એમના પૂર્વ વ્યક્તિત્વની સરખામણીમાં છેક જ સાધારણ રીતે. એમની એ સ્મૃતિ અયોધ્યાકાંડમાં કરવામાં આવે છે. ભરત નગરજનો સાથે ચિત્રકૂટમાં પહોંચે છે ત્યારે વિશ્વામિત્ર પ્રાચીન કથાઓ કહીને સૌને સમજાવે છે.

**कौसिक कहि कहि कथा पुरानीं। समुझाई सब सभा सुबानीं ॥**

રામે વિશ્વામિત્રને જણાવ્યું કે કાલે સૌ પાણી વિના જ રહ્યા છે. વિશ્વામિત્ર મુનિ બોલ્યા કે આજે પણ અઢી પ્રહર દિવસ પસાર થયો છે.

મહામુનિ વિશ્વામિત્ર જેવા પરમ પ્રાણવાન પાત્રની એ રજૂઆત ખૂબ જ ઝાંખી લાગે છે. એવી રજૂઆત ના કરાઇ હોત તો હરકત નહોતી.

☼ ☼ ☼ ☼

## 20. પરશુરામનું પાત્ર

સીતાના સુપ્રસિદ્ધ સ્વયંવરમાં રામે શિવના ધનુષ્યનો ભંગ કરીને સીતાને તથા મિથિલાપતિ રાજા જનકને સંતોષ અને આનંદ આપ્યો. એ પછી તરત જ પરશુરામનો પ્રવેશથયો. શૃંગારરસના આરંભમાં જાણે કે વીરરસ આવી પહોંચ્યો. રામચરિતમાનસના કવિએ એ પ્રસંગને સારી રીતે રજૂ કર્યો છે. એ પ્રસંગમાં લક્ષ્મણની નીડરતા તથા વિનોદવૃતિનું દર્શન થાય છે. એ પ્રસંગ કવિતાના પવિત્ર પ્રવાહમાં સહજ લાગે છે અને અવનવો રસ પૂરો પાડે છે.

પરશુરામ સાથેના સંવાદમાં રામના આ શબ્દો સરસ છેઃ

राम कहा मुनि कहहु बिचारी । रिस अति बड़ि लघु चूक हमारी ॥
छुअतहिं टूट पिनाक पुराना । मैं कहि हेतु करौं अभिमाना ॥

"રામે કહ્યું કે મુનિ તમે વિચારીને બોલો. તમારો ક્રોધ ઘણો વધારે અને અમારી ભૂલ છેક નાની છે. ધનુષ્ય પુરાતન હતું તે અડકતાં વેંત જ તૂટ્ટ ગયું. એને માટે હું શું કામ અભિમાન કરું ?"

☼ ☼ ☼ ☼

## 21. ગુરુનું સ્થાન

મહામુનિ વિશ્વામિત્રની સૂચનાનુસાર રાજા જનકે દૂતોને અયોધ્યા મોકલ્યા. રાજાનો પત્ર લઇને એ અયોધ્યા પહોંચ્યા. દશરથે પત્રિકાને વાંચીને પ્રસન્નતા દર્શાવી. રામલક્ષ્મણના સઘળા સમાચારને સાંભળીને દશરથે આનંદ અનુભવ્યો. એમણે સૌથી પહેલાં એ પત્રિકા ગુરુ વશિષ્ઠ પાસે પહોંચીને એમને વાંચવા આપી. એ પછી દશરથે એ સમાચાર રાણીવાસમાં જઇને રાણીઓને કહ્યા.

એ હકીકત વિશેષ રૂપે ઉલ્લેખનીય છે. દશરથે રામના વિવાહની વાત આવશ્યક સલાહ કે જાણ માટે સૌથી પહેલાં પોતાની રાણીઓને કરવાને બદલે ગુરુ વશિષ્ઠને કરી એ વાત સૂચવે છે કે ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સૌથી ઉંચું છે. પત્નીનુ સ્થાન એ પછી આવે છે. ગુરુનું માર્ગદર્શન આદર્શ અને મંગલમય મનાય છે. એ હકિકતમાં દશરથની ગુરુભક્તિનો કે ગુરુ પ્રત્યેની પૂજ્ય ભાવનાનો પડઘો પડે છે.

રામ તથા લક્ષ્મણ તો વિશ્વામિત્રની સાથે યજ્ઞરક્ષા માટે ગયેલા. ત્યાંથી વિશ્વામિત્ર સ્વયંવરમાં લઇ ગયા ને પરિણામે વિવાહના સમાચાર આવ્યા. તોપણ દશરથ કે વશિષ્ઠ એમ નથી કહેતા કે એ ક્યાં પહોંચી ગયા ને શું કરી આવ્યા. એમની ઉદારતા, વિશાળતા, સહજતા તથા મહામુનિ વિશ્વામિત્રને માટેની શ્રદ્ધાનું એમના વ્યવહારમાં દર્શન થાય છે.

☼ ☼ ☼ ☼

# શિવ પાર્વતી પ્રસંગ



# - વિહંગાવલોકન

## 1. આરંભ

રામચરિતમાનસમાં સંતશિરોમણિ તુલસીદાસે ભગવાન શંકરના મહિમાનું પ્રસંગોપાત્ત જયગાન કર્યું છે. બાલકાંડના આરંભમાં જ "ભવાનીશંકરૌ વંદે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ" કહીને એમને માતા પાર્વતી સાથે અનુરાગની આદરયુક્ત અંજલિ આપી છે. મહાકવિ કાલિદાસે એમને એમની રઘુવંશ કવિતાકૃતિમાં જગતના માતાપિતા તથા પરમેશ્વર માન્યા છે. "જગતઃ પિતરૌ વંદે પાર્વતી પરમેશ્વરૌ." સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય ભક્તકવિ તુલસીદાસની માન્યતા પણ એવી જ આદરયુક્ત અને ઉદાત્ત દેખાય છે. એમણે રચેલા રામચરિતમાનસનો ગુજરાતીમાં પદ્યાનુવાદ કરતી વખતે મેં એમાં વર્ણવાયેલા શિવપાર્વતીના લીલાપ્રસંગોનો સમાવેશ નહોતો કર્યો. એનું કારણ એ કે એ લીલાપ્રસંગો  રામચરિતમાનસની મૂળ અથવા મુખ્ય રામકથા માટે અનિવાર્ય રૂપે આવશ્યક નહોતા લાગ્યા. અને બીજું કારણ એ કે એમના સમાવેશથી પદ્યાનુવાદનો વિસ્તાર અકારણ વધે તેમ હતો. એને લીધે જ એમાં દેવર્ષિ નારદના મોહપ્રસંગને અને રાજા પ્રતાપભાનુના પ્રસંગને સમાવવામાં નહોતા આવ્યા. શિવપાર્વતીના લીલાપ્રસંગો અત્યંત રસમય હોવાથી અને વિશેષ કરીને શિવભક્તોને માટે પરમ આદરપાત્ર અથવા મનનીય હોવાથી એમનો પદ્યાનુવાદ અલગ રીતે કરવાની ભાવના જાગી. આ કવિતાકૃતિ એ જ સદભાવનાનું સાકાર સ્વરૂપ.

રામચરિતમાનસના કવિની શ્રદ્ધાભક્તિયુક્ત દ્વિવિધ આધ્યાત્મિક આરાધનાથી અલંકૃત આંખ છેઃ રામભક્તિ તથા શિવપ્રીતિ. એમના એકમાત્ર આરાધ્યદેવ રામ હોવા છતાં એમને ભગવાન શંકર પ્રત્યે અસાધારણ આદરભાવ છે. એથી પ્રેરાઇને રામચરિતમાનસના બાલકાંડમાં એમણે એમના કેટલાક લીલાપ્રસંગોને આલેખ્યા છે. એ લીલાપ્રસંગોનું વિહંગાવલોકન રસપ્રદ થઇ પડશે અને અસ્થાને નહિ ગણાય.

રામચરિતમાનસની શૈલી ઇતિહાસલક્ષી હોવાની સાથે કથાલક્ષી વિશેષ છે. એમાં ઇતિહાસ તો છે જ પરંતુ સાથે સાથે કથારસ પણ ભળેલો છે. એ કથારસની પુષ્ટિ માટે કવિએ પોતાને સ્વતંત્ર કલ્પનાશક્તિને કામે લગાડીને કયાંક ક્યાંક પેટાકથાઓનું નિર્માણ

કર્યું છે. ક્યાંક ક્ષેપકોનો સમાવેશ કરાયો છે. કવિએ શિવપાર્વતી પ્રસંગનો પ્રારંભ પોતાની મૌલિક કલ્પનાશક્તિ કે સર્જનકળા દ્વારા જનસમાજને રુચે તેવી નાટ્યાત્મક અને હૃદયંગમ રીતે કર્યો છે.

પંચવટીમાંથી રાવણદ્વારા સીતાનું હરણ થતાં રામ વિરહવ્યથાથી વ્યથિત બનીને લક્ષ્મણ સાથે વનમાં સીતાની શોધ માટે નીકળ્યા. એ સામાન્ય માનવની જેમ સંપૂર્ણ સંવેદનશીલ બનીને વાટે વિહરી રહેલા ત્યારે શંકરે એમને અવલોક્યા. હે જગતને પાવન કરનારા સચ્ચિદાનંદ, જય હો; એમ કહીને કામદેવના નાશક શંકર ભગવાન ત્યાંથી આગળ ચાલ્યા.

जय सच्चिदानंद जग पावन । अस कहि चलेउ मनोजनसावन ॥

☼ ☼ ☼ ☼



## 2. સતીની શંકા તથા પરીક્ષા

અવસરનો આરંભ એકાએક એવી રીતે થયો, પરંતુ ભગવાન શંકર સાથે વિહરતા સતી પાર્વતીને એ નિહાળીને શંકા થઇ. એમને થયું કે શંકરે જગદીશ્વર તથા જગતવંદ્ય હોવા છતાં એક રાજપુત્રને સચ્ચિદાનંદ કહીને પ્રણામ કર્યા અને એમનાથી પ્રભાવિત થયા તે બરાબર છે ? બ્રહ્મ શું માનવશરીર ધારી શકે ? એમની સ્ત્રીનું હરણ થાય અને એ એને શોધવા નીકળે ?

શંકરના શબ્દોમાં શ્રદ્ધા હોવા છતાં પાર્વતીને એવી શંકા જાગી.

શંકરે એમના મનોભાવોને જાણીને એમને રામની પરીક્ષા કરવાની ભલામણ કરી.

પાર્વતી સીતાનું સ્વરૂપ લઇને રામની પરીક્ષા માટે આગળ વધ્યાં. રામે એમને ઓળખી કાઢ્યાં અને એકલાં કેમ ફરો છો, શંકર ક્યાં છે, એવું પૂછ્યું. એથી પાર્વતી લજ્જાવશ થયાં. એમને સર્વત્ર રામલક્ષ્મણસીતાનું દર્શન થવા લાગ્યું. એમની સાથે અનેક સતી, બ્રહ્માણી, લક્ષ્મી દેખાઇ.

એ માર્ગમાં ભયભીત બનીને આંખ મીંચીને બેસી ગયાં.

આંખ ઉઘાડી ત્યારે કશું જ ના દેખાયું.

રામને મનોમન વંદીને એ શંકર પાસે પહોંચ્યાં.

શંકરે એમને પૂછ્યું ત્યારે એમણે અસત્યભાષણ કરીને જણાવ્યું કે રામની પરીક્ષા નથી લીધી. એમને કેવળ તમારી પેઠે પ્રણામ કર્યા છે.

**कछु न परीछा लीन्हि गोसाइ । कीन्ह प्रनामु तुम्हारिहि नाइ ॥**

શંકરે ધ્યાન ધરીને પાર્વતીના ચરિત્રને જાણી લીધું. રામની માયાને મસ્તક નમાવીને એમણે છેવટે એમનો માનસિક પરિત્યાગ કર્યો. એ જાણીને સતી દુઃખી થયાં. એમને શરીરધારણ ભારરૂપ લાગ્યું.

પાર્વતી દ્વારા કરાયલી પરીક્ષાનો એ પ્રસંગ એકંદરે આહ્લાદક અને અભિનવ હોવા છતાં શિવપાર્વતીના વ્યક્તિત્વને પૂરો ન્યાય કરે છે એવું નથી લાગતું. રામની વિશિષ્ટતા તથા મહત્તાને પ્રદર્શાવવા કવિએ કલ્પનાપ્રસંગને આલેખ્યો લાગે છે; પરંતુ રામના વ્યક્તિત્વને અસામાન્ય અથવા મહાન બતાવવા જતાં શિવપાર્વતીના સંયુક્ત

વ્યક્તિત્વને એમણે છેક જ વામન જેવું અતિસામાન્ય આલેખ્યું છે. અલબત્ત, અજ્ઞાત રીતે એ આખાય પ્રસંગને ટાળી શકાયો હોત તો સારું થાત.

એનું તટસ્થ અવલોકન રસપ્રદ થઇ પડશે.

મંગલાચરણના આરંભના શ્લોકમાં શિવપાર્વતીને વિશ્વાસ તથા શ્રદ્ધાસ્વરૂપ કહીને કહેવામાં આવ્યું છે કે એમના વિના યોગી પોતાના અંતઃકરણમાં રહેલા ઇશ્વરનું દર્શન નથી કરી શકતો. એવી અસાધારણ યોગ્યતાવાળી પાર્વતીને શંકા થઇ અને એથી પ્રેરાઇને એમણે રામની પરીક્ષા કરી એ આશ્ચર્યકારક છે. એમની પરીક્ષાપ્રવૃત્તિની પાછળ ભગવાન શંકરની પ્રેરણા અને અનુમતિ હતી. છતાં પણ એને લીધે શંકરે એમના પ્રત્યે સહાનુભૂતિ બતાવવાને બદલે એમની ઉપેક્ષા કરી. શંકરનો એવો વ્યવહાર એમને તદ્દન સામાન્ય કક્ષાના પુરુષની હરોળમાં મૂકી દે છે. અથવા એમનાં કરતાં પણ ઊતરતી શ્રેણીમાં મૂકી દે છે. કારણ કે સામાન્ય સંસારી પુરુષ પણ પોતાની પત્નીને બનતી સહાનુભૂતિથી સમજવાનો પ્રયત્ન કરીને એની ક્ષતિ માટે પરમ પ્રેમથી પ્રેરાઇને ક્ષમા કરે છે. રામચરિતમાનસના વર્ણન પ્રમાણે શિવ એટલી ઉદારતા નથી દર્શાવી શક્તા.

એ વર્ણનમાં પાર્વતીને અસત્યભાષણ કરતાં આલેખીને એમને અજ્ઞાત રીતે પણ અન્યાય કરાયો છે. એમનું પાત્રાલેખન એમના જગદંબા સહજ ગૌરવને અનુરૂપ બનવાને બદલે છેક જ સાધારણ બની જાય છે.

ભગવાન શંકર સમજતા હતા કે પાર્વતી પરમ પવિત્ર ને પ્રામાણિક છે, તોપણ એમને જે સંતાપ થાય છે એ અસ્થાને લાગે છે. એમણે સંતાપવશ બનીને સમાધિમાં પ્રવેશ કર્યો. એ સમાધિ સત્યાશી હજાર વરસે છૂટી ત્યાં સુધી પાર્વતીની દશા કેવી કરુણ થઇ હશે તે વિચારવા જેવું છે. સત્યાશી હજાર વરસની કાળગણના કેવી રીતે કરવી તે વિદ્વાનોએ વિચારવાનું છે.

☼ ☼ ☼ ☼

## ૩. સતીનો શરીરત્યાગ

શિવપાર્વતીના લીલાપ્રસંગની કથાનો આરંભ દક્ષ પ્રજાપતિના યજ્ઞપ્રસંગથી કરાયો હોત તો એમાં કશું અનૌચિત્ય નહોતું.

કથા, કવિતા કે નાટક અને ચિત્રાલેખનમાં આપણાં પરમારાધ્ય દેવીદેવતાઓને સ્થાન આપતી વખતે એમના સાંસ્કૃતિક આધ્યાત્મિક ગૌરવને અખંડ રાખીએ એ અત્યંત આવશ્યક છે. એકના મહિમાને વધારવાને માટે અન્યના મહિમાને ઘટાડવાની અથવા ઊતરતો બતાવવાની આવશ્યકતા નથી હોતી. શિવની પેઠે પાર્વતીને પણ પ્રથમથી જ રામનું જયગાન ગાતાં બતાવી શક્યાં હોત. રામને માટે શંકા કરતાં ના આલેખીને અને છતાં પણ ધારેલો હેતુ સિદ્ધ કરીને એમના, શિવના અને રામનાં ત્રણેના વ્યક્તિત્વની ઉદાત્તતાને દર્શાવી શકાત.

પાર્વતી, ભગવાન શંકરની ઇચ્છા ના હોવા છતાં, પોતાના પિતા દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં જઇ પહોંચ્યાં પરંતુ એનું પરિણામ શંકરના પૂર્વકથનાનુસાર શુભ, સુખદ, સાનુકૂળ ના આવ્યું. એ યજ્ઞમાં શંકરને માટે સન્માનીય સ્થાન નહોતું મળ્યું. પાર્વતીથી શંકરની અવહેલના ના સહેવાઇ એ એમનો શંકર પ્રત્યેનો અવર્ણનીય અનુરાગ બતાવે છે.

એમણે યોગાગ્નિથી શરીરને બાળી નાખ્યું ત્યારે સઘળા યજ્ઞસ્થાનમાં હાહાકાર થઇ રહ્યો.

**अस कहि जोग अगिनि तनु जारा । भयउ सकल मख हाहाकारा ॥**

સતીએ પોતાના શરીરને યજ્ઞના અગ્નિથી બાળ્યું હોત તો રામચરિતમાનસમાં એનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરીને 'યજ્ઞ અગિનિ' અથવા ' યાગ અગિનિ ' જેવા સમાનાર્થી શબ્દોને યોજવામાં આવ્યા હોત. પરંતુ એવા શબ્દોને બદલે ' જોગ અગિનિ ' શબ્દ પ્રયોજાયો છે. એ સૂચવે છે કે સતીએ પોતાના શરીરને યોગની વિશિષ્ટ શક્તિથી પ્રગટાવેલા યોગાગ્નિની મદદથી પ્રજ્વલિત કરેલું. સતી સ્વયં યોગસિદ્ધ હોવાથી એમને માટે એવું મૃત્યુ અશક્ય ના લેખાય.

શરીરને છોડવાનો સંકલ્પ કરતી વખતે અને તે પછી પણ સતીનું મન શંકરમાં જ રમી રહેલું. એમના અંતરમાં શંકર વિના બીજું કશું જ નહોતું.

હોય પણ ક્યાંથી ? એમનું સમસ્ત જીવન શંકરમય હતું મરણ એમાં અપવાદરૂપ ક્યાંથી હોય ?

☼ ☼ ☼ ☼

## 4. હિમાલયને ત્યાં જન્મ

ભારતીય સંસ્કૃતિ જન્મજન્માંતરમાં વિશ્વાસ રાખે છે. રામચરિતમાનસમાં એ વિશ્વાસનો પ્રતિઘોષ પડ્યો છે. ભારતીય સંસ્કૃતિના સૌથી અધિક લોકપ્રિય મહાગ્રંથો ત્રણ : ભગવદગીતા, રામાયણ તથા ભાગવત. તે ત્રણે મહામૂલ્યવાન મહાગ્રંથો જનામાંતરના વિશ્વાસને વ્યક્ત કરે છે.

દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં દેહત્યાગ કર્યા પછી સતીનો હિમાલયને ત્યાં પુનર્જન્મ થયો. રામચરિતમાનસમાં હિમાલય, ગિરીશ, હિમવાન, હિમવંત, હિમગિરિ, શૈલ, ગિરિ જેવાં જુદાંજુદાં નામોનો નિર્દેશ કરાયો છે. એ નામો એક જ વ્યક્તિનાં સૂચક છે.

સતીનો જન્મ હિમાલયને ત્યાં થયો એનો અર્થ કોઇ ઘટાવતું હોય તો એવો ના ઘટાવે કે જડ અચળ પર્વતને ત્યાં થયો. એનો ભાવાર્થ એ છે કે હિમાલયના પર્વતીય પ્રદેશના રાજાને ત્યાં જન્મ થયો.

દેવર્ષિ નારદની પ્રેરણાથી એમની અંદર શંકરને માટે તપ કરવાની ભાવના જાગી. પૂર્વના પ્રબળ શુભ સંસ્કારોના સુપરિમામ રૂપે એમને નાનપણથી જ શંકર પ્રત્યે આકર્ષણ જાગ્યું. અને અદમ્ય અનુરાગ થયો. उपजेउ सिव पद कमल सनेहू ।

માતાપિતાની અનુમતિ મેળવીને પાર્વતી વનમાં તપ કરવા ગયાં.

उर धरि उमा प्रानपति चरना । जाइ बिपिन लागीं तपु करना ॥
अति सुकुमार न तनु तप जोगू । पति पद सुमिरि तजेउ सबु भोगू ॥

"પ્રાણપતિ શંકરનાં ચરણોને હૃદયમાં રાખીને ઉમાએ વનમાં વસીને તપ કરવા માંડ્યું. એમનું શરીર અતિશય સુકુમાર હોવાથી તપને યોગ્ય ના હોવા છતાં પણ, પતિનાં ચરણોને સ્મરીને સર્વ પ્રકારના ભોગોને છોડી દીધા."

☼ ☼ ☼ ☼

## 5. કઠોર તપ

પાર્વતીના તપની તીવ્રતાને દર્શાવતાં રામચરિતમાનસમાં કહેવામાં આવ્યું છે :

नित नव चरन उपज अनुरागा । बिसरी देह तपहिं मनु लागा ॥
संबत सहस मूल फल खाए । सागु खाइ सत बरष गवाँए ॥

"એમને ભગવાન શંકરના ચરણોમાં રોજ અભિનવ અનુરાગ પેદા થયો. દેહને ભૂલીને એમનું મન તીવ્રતમ તપમાં જ લાગી ગયું. એક હજાર વરસ સુધી કંદમૂળ તથા ફળ ખાધાં અને સો વરસ સુધી શાક ખાઇને તપ કર્યું."

"કેટલાક દિવસ પાણી તથા પવન પર રહીને પસાર કર્યા તો કેટલાક દિવસ કઠોર ઉપવાસ કર્યા. ત્રણ હજાર વર્ષ સુધી સુકાઇને પૃથ્વી પર પડેલાં વેલા અને પાંદડાં જ ખાધાં. પછી સૂકાં પાંદડાં પણ છોડી દીધાં ત્યારે એમનું નામ અપર્ણા પડ્યું. એમના શરીરને ક્ષીણ થયેલું જોઇને ગગનમાં ગંભીર બ્રહ્મવાણી થઇ કે તમારા સર્વ મનોરથ સફળ થયા છે. અસહ્ય ક્લેશોને છોડી દો. હવે તમને શંકર મળશે."

એ વર્ણનમાં લખવામાં આવેલાં પાર્વતીએ કરેલા તપનાં વરસો કોઇને વિચારાધીન કે વિવાદાસ્પદ લાગવાનો સંભવ હોવા છતાં, પાર્વતીના તપની તીવ્રતા સંબંધી કોઇ પ્રકારનો સંદેહ નથી રહેતો. કેટલું બધું કઠોર તપ ? એવું નિષ્ઠાપૂર્વકનું તપ ફળે જ એમાં શંકાને સ્થાન ના જ હોય.

પાર્વતીની પેઠે જગતમાં જન્મેલા જીવે પણ પરમાત્માની પ્રીતિ કરવાની છે. પ્રત્યેક જીવ પોતાના પૂર્વસંબંધથી પરમાત્મા સાથે સંકળાયેલો છે, પરમાત્માનો છે, પરમાત્માસ્વરૂપ છે, પરંતુ એને એનું વિસ્મરણ થયું છે. દેવર્ષિ નારદે પાર્વતીની પાસે પહોંચીને એમના શંકર સાથેના પૂર્વસંબંધનું સ્મરણ કરાવ્યું અને ઉજ્જવળ ભાવિનું રેખાદર્શન કરાવીને તપશ્ચર્યાની પ્રેરણા પ્રદાન કરી. એમ સદગુરુ કે શાસ્ત્રો, માનવને પરમાત્મા સાથેના મૂળભૂત પરમદિવ્ય પૂર્વસંબંધનું સ્મરણ કરાવે છે. એવી સંસ્મૃતિથી અભિનવ સ્નેહ, અનુરાગ, લગનીને પામીને માનવ પરમાત્માના સાક્ષાત્કાર માટે

સાધનાત્મક પુરુષાર્થમાં પ્રવૃત બને છે. પ્રત્યેક માનવે એવી રીતે પાર્વતી બનવાનું છે; પાર્વતીની પ્રેમભૂમિકામાંથી પસાર થઇને છેવટે શિવના, પરમાત્માના, થવાનું છે.

પરમાત્માને માટે સાચા દિલથી પ્રાર્થનાર, રડનાર, ઝંખનાર, સાધના કરનાર, તપનારને કદી પણ કોઇ કારણે નિરાશ થવું પડતું નથી. પરમાત્માના મંગલ મંદિરદ્વારે પાડેલો પ્રેમપૂર્વકનો મૂક પ્રામાણિક પોકાર કદી પણ વ્યર્થ જતો નથી. સંભળાય જ છે. એમની સ્નેહમયી સ્મૃતિમાં ચઢાવેલું આતુરતાપૂર્વકના અશ્રુનું એક જ ફૂલ, વેદનાનો ધૂપ, આરઝૂની આરતી, ફળે છે. સાધક જેને સાચા દિલથી ઝંખે છે, મેળવવા માગે છે, તે તેને મળે છે. એની સાધના છેવટે ફળે છે. પરંતુ એણે સર્વસમર્પિત થવું જોઇએ. લૌકિક પારલૌકિક પદાર્થોમાંથી મનને પાછું વાળીને પોતાના પરમારાધ્ય પ્રેમાસ્પદ પરમાત્મામાં કેન્દ્રિત કરવું જોઇએ. ભોગ આપતાં, ફના થતાં, પાછું વાળીને ના જોવું જોઇએ.

પાર્વતીનો પાવન પ્રેમપ્રસંગ એવો પ્રેરક સનાતન સાધનાત્મક સંદેશ પૂરો પાડે છે.



☼ ☼ ☼ ☼

## 6. સુદૃઢતા

પરમાત્માના સાક્ષાત્કારની ઇચ્છાવાળા પરમાત્માના પ્રેમપંથના સાધકપ્રવાસીઓ પોતાના વિચારો, ભાવો, સંકલ્પો, આદર્શો તથા સાધનાત્મક અભ્યાસક્રમ અને વિશ્વાસમાં સુદૃઢ રહેવું જોઇએ. એવી સુદૃઢતા સિવાય સાધનાની સિદ્ધિ ના સાંપડે. પ્રવાસપંથમાં ક્રમેક્રમે આગળ વધીને એ સંસિદ્ધિના સુમેરુશિખરને સર ના કરી શકે. એવી સુદૃઢતા સિવાય એ સાધનાપંથમાં આવનારાં પાર વિનાનાં પ્રબળ પ્રલોભનોમાં પડીને પોતાના મૂળ માર્ગને ભૂલી ઝાય, વાસના-લાલસા તથા ભયસ્થાનોનો શિકાર બની જાય, અને નાનીમોટી પ્રાપ્તિ-અપ્રાપ્તિઓનાં આટાપાટામાં અટવાઇ જાય. એનું ધ્યેય અથવા પ્રાપ્તવ્ય સંપૂર્ણ સમજ સાથેનું, સુનિશ્ચિત અને એક જ હોવું જોઇએ. એની સિદ્ધિ માટે જ એનો પુરુષાર્થ જોઇએ. અન્ય આડ વાતોમાં કે ભળતી લાલચોમાં પડીને જીવનના સર્વોત્તમ સાધનાત્મક ધ્યેયને ગૌણ ગણવાની કે વિસ્મરવાની ભૂલ ના કરી બેસાય એને માટે એણે સુદૃઢ, સુસજ્જ, સાવધાન રહેવું જોઇએ. એનો પરમાત્મપ્રેમ અને વિશ્વાસ અવર્ણનીય, અચળ, અનન્ય અને પરાકાષ્ઠા પર પહોંચેલો હોવો જોઇએ. ત્યારે જ તે સંપૂર્ણ પણે સફળ મનોરથ બની શકે છે.

પાર્વતીના જ્યોતિર્મય તપઃપૂત જીવનમાંથી એ પણ શીખવા મળે છે.

શંકરની સૂચનાને અનુસરીને સપ્તર્ષિ પાર્વતીના પ્રેમની પરીક્ષા માટે તપસ્વિની પ્રેમમૂર્તિ પાર્વતી પાસે પહોંચીને એમને એમના નિશ્ચયમાંથી ચળાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

પાર્વતીના મનોરથને એમના શ્રીમુખે સાંભળીને એમણે હસીને કહ્યું કે નારદના ઉપદેશને સુણીને કોનાં ઘર વસ્યાં છે ?

नारद कर उपदेसु सुनि कहहु बसेउ किसु गेह ॥

"તેમણે દક્ષના પુત્રોને જે ઉપદેશ આપેલો તેથી તેમણે પાછા આવીને ઘરને નહોતું જોયું. ચિત્રકેતુ રાજાનું ઘર નારદે જ ભંગાવેલું અને હિરણ્યકશિપુના પણ બૂરા હાલ કરેલા.

જે સ્ત્રીપુરુષો નારદની શિખામણ સાભળે છે તે ઘરને છોડીને અવશ્ય ભિક્ષુક બને છે. એમનું મન કપટી છે. માત્ર શરીર પર સજ્જનનાં ચિહ્નો છે. તે સૌ કોઇને પોતાના જેવા કરવા ઇચ્છે છે."

तेहि कें बचन मानि बिस्वासा । तुम्ह चाहहु पति सहज उदासा ॥
निर्गुन निलज कुबेष कपाली । अकुल अगेह दिगंबर ब्याली ॥

"તેમનો વિશ્વાસ રાખીને તમે સ્વભાવથી જ ઉદાસીન, ગુણરહિત, નિર્લજ્જ, ખરાબ વેશવાળા, ખોપરીઓની માળાવાળા, કુળ તથા ઘર વિનાના, નગ્ન અને સર્પોને ધારણ કરનારા પતિની ઇચ્છા રાખો છો."

"એવા વરને મેળવીને શી રીતે સુખી થશો ? ઠગના ભોળવવાથી તમે ભૂલ્યાં છો. પંચના કહેવાથી શિવે સતી સાથે વિવાહ કરેલો તોપણ તેને ત્યાગીને મરાવી નાખેલી. હવે એમને કશી ચિંતા નથી રહી. ભિક્ષાનું ખાય છે અને સુખથી સૂએ છે. સ્વભાવથી એકલા રહેનારાના ઘરમાં કદી સ્ત્રી ટકી શકે ?"

સપ્તર્ષિઓના મુખમાં મુકાયેલા એ શબ્દો વધારે પડતા અને કર્કશ લાગે છે. ખાસ કરીને નારદને માટે વપરાયેલા ઠગ જેવા શબ્દો અનુચિત દેખાય છે. સપ્તર્ષિઓના મુખની એ જ વાતને શંકર કે નારદ વગોવ્યા વિના જરાક વધારે સૌજન્યસભર શબ્દોમાં, વધારે સારી રીતે મૂકી શકાઇ હોત.

સપ્તર્ષિઓએ પતિ તરીકે વિષ્ણુનું સૂચવેલું નામ પાર્વતીને લેશપણ પસંદ ના પડ્યું. એ તો શિવને જ વરી ચૂકેલાં.

એમની નિષ્ઠાને જોઇને સપ્તર્ષિ પ્રસન્ન થયા એટલું જ નહીં પરંતુ એમનાં ચરણોમાં મસ્તક નમાવીને ચાલી નીકળ્યા.

☼ ☼ ☼ ☼

## 7. કામદેવની પરહિતભાવના

બ્રહ્માની સૂચનાનુસાર દેવતાઓ એ પ્રેમપૂર્વક સ્તુતિ કરી એટલે કામદેવ પ્રકટ થયા. દેવોએ એમને પોતાની વિપત્તિ કહી. તારકાસુરના નાશને માટે શિવનો લગ્નજીવનપ્રવેશ આવશ્યક હતો. શિવના સુપુત્ર કાર્તિક સ્વામીના હાથે જ તારકાસુરનો સંહાર શક્ય હતો. ભગવાન શંકર સમાધિમગ્ન હોવાથી એમને સમાધિમાંથી જગાડવાનું આવશ્યક હતું. કામદેવ એમના મનમાં ક્ષોભ પેદા કરે તો જ એમની જાગૃતિ શક્ય બને અને દેવોનું હિત સધાય.

કામદેવે દેવતાઓની આગળ પ્રકટ થઇને જે કાંઇ કહ્યું તે ખાસ નોંધવા જેવું છેઃ

संभु बिरोध न कुसल मोहि बिहसि कहेउ अस मार ॥

"કામદેવે દેવતાઓને હસીને જણાવ્યું કે શિવનો વિરોધ કરવાથી મારું કલ્યાણ નહિ થાય."

तदपि करब मैं काजु तुम्हारा । श्रुति कह परम धरम उपकारा ॥
पर हित लागि तजइ जो देही । संतत संत प्रसंसहिं तेही ॥

"તોપણ હું તમારું કાર્ય કરીશ. વેદ બીજાના ઉપકારને પરમ ધર્મ કહે છે. બીજાના કલ્યાણકાર્યને માટે જે પોતાના શરીરનું પણ બલિદાન આપે છે તેની સત્પુરુષો સદા પ્રશંસા કરે છે."

કામદેવની એ પરહિતભાવના. એ ભાવના સવિશેષ રૂપે તો એટલા માટે આદરપાત્ર અને અભિનંદનીય હતી કે એના પરિણામે પોતાનું શ્રેય નહિ સધાય એવી એમને પ્રતીતિ હતી.

થયું પણ અંતે એમ જ. કામદેવનો પ્રભાવ સર્વત્ર ફરી વળ્યો. એ પ્રભાવનું વર્ણન કવિએ ખૂબ જ સુંદર, કળાત્મક, હૃદયંગમ ભાષાશૈલીમાં કર્યું છે. કવિ એને માટે અભિનંદનના અધિકારી છે.

ભગવાન શંકરની સમાધિ છૂટી. કામદેવનું દહન થયું.

જ્ઞાની ત્રીજું નેત્ર ઉઘાડે, એની ઋતંભરા પ્રજ્ઞા જાગે, એટલે કામનો પ્રભાવ ઘટી જાય, નિર્મૂળ થાય.

કામદેવને પરહિતને માટે બનતો ભોગ આપ્યાનો સંતોષ થયો. એમનું સ્થૂળ શરીર ભલે ભસ્મિભૂત બન્યું, યશશરીર સદાને માટે અમર, અકબંધ રહ્યું.

☼ ☼ ☼ ☼

## ૪. પાર્વતીની પ્રતિક્રિયા

સપ્તર્ષિઓએ પાર્વતીની પાસે પહોંચીને કામદહનના સમાચાર સંભળાવ્યા ત્યારે પાર્વતીએ જે પ્રતીભાવ પ્રકટ કર્યો એ અદભુત હતો. કવિએ એ પ્રતિભાવને સરસ રીતે રજૂ કર્યો છે.

सुनि बोलीं मुसकाइ भवानी । उचित कहेहु मुनिबर बिग्यानी ॥
तुम्हरें जान कामु अब जारा । अब लगि संभु रहे सबिकारा ॥

"એ સાંભળીને પાર્વતીએ સ્મિત કરતાં કહ્યું કે વિજ્ઞાની મુનિવરો ! તમે યોગ્ય જ કહ્યું છે. તમારી માહિતી મુજબ કામને હમણાં જ બાળવામાં આવ્યો છે, અને અત્યાર સુધી શંકર વિકારી હતા."

"પરંતુ મારી સમજ પ્રમાણે શંકર સદા યોગી, અજન્મા, અનિંદ્ય, અકામ, ભોગરહિત છે. મેં એમને એવું માનીને જ સેવ્યા છે. એ કૃપાનિધાન ભગવાન મારી પ્રતિજ્ઞાને સાર્થક કરશે. તમે જે કહ્યું કે શંકરે કામને બાળી નાખ્યો તે તમારું અતિઘોર અજ્ઞાન છે. અગ્નિનો સહજ સ્વભાવ છે કે હિમ તેની પાસે નથી પહોંચતું. પહોંચે તો નાશ પામે છે. મહેશ તથા કામદેવના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે."

तात अनल कर सहज सुभाऊ । हिम तेहि निकट जाइ नहिं काऊ ॥
गएँ समीप सो अवसि नसाई । असि मन्मथ महेस की नाई ॥

એવા પરિપૂર્ણ પ્રતીતિકર શબ્દો પાર્વતી સિવાય બીજું કોણ કહી શકે ?

સાધકને અથવા આરાધકને પોતાના સદગુરુમાં અથવા આરાધ્યદેવમાં એવો સમજપૂર્વકનો અચળ અગાધ વિશ્વાસ હોવો જોઇએ. તો જ તેની સાધના સફળ થાય.

☼ ☼ ☼ ☼

## ૭. જાનાદિનું વર્ણન

પાર્વતી સાથેના ભગવાન શંકરના લગ્નની વાત નક્કી થઇ ગઇ.

રામચરિતમાનસના સ્વનામધન્ય ભક્તકવિ સંતશિરોમણિ તુલસીદાસે લગ્નની પૂર્વતૈયારીનું, જાનનું ને લગ્નનું વર્ણન અતિશય રોચક રીતે કર્યું છે. વર્ણનમાં કથાદૃષ્ટિ દેખાઇ આવે છે. એમાં વિનોદનો પણ સમાવેશ થયો છે. શિવભક્તોને એ વર્ણન વિશેષ રુચિકર ના પણ લાગે.

सिवहि संभु गन करहिं सिंगारा । जटा मुकुट अहि मौरु सँवारा ॥
कुंडल कंकन पहिरे ब्याला । तन बिभूति पट केहरि छाला ॥

"શિવના ગણો શિવને શણગારવા લાગ્યા. જટાનો મુકુટ કરીને તેના પર સર્પની કલગી સજાવી. શિવે સર્પોનાં કુંડળ તથા કંકણ પહેર્યાં, શરીર પર ભસ્મ લગાવી, અને વ્યાઘ્રચર્મરૂપી વસ્ત્રને ધારણ કર્યું."

"એક હાથમાં ત્રિશૂળ ને બીજા હાથમાં ડમરુ લીધું. વૃષભ પર ચઢીને એમણે પ્રયાણ કર્યું ત્યારે વાજાં વાગવા લાગ્યાં. દેવોની સ્ત્રીઓએ એમને દેખીને સ્મિતપૂર્વક કહ્યું કે આ વરને યોગ્ય કન્યા જગતમાં નથી."

શિવના ગણોનું વર્ણન એથી વધારે વિનોદયુક્ત લાગે છે.વળી,

नाचहिं गावहिं गीत परम तरंगी भूत सब ।
देखत अति बिपरीत बोलहिं बचन बिचित्र बिधि ॥

"ભાતભાતનાં તરંગી ભૂતો નાચતાં ને ગીત ગાતાં. તે દેખાવે ખૂબ જ કુરુપ હતાં અને વિચિત્ર પ્રકારનાં વચનો બોલતાં."

કવિ કહે છે કે, "જગતમાં નાનામોટા જેટલા પર્વતો છે તેમને, તથા જેમને વર્ણવતાં પાર આવતો નથી તે વનો, સમુદ્રો, સરિતાઓ તથા તળાવોને હિમાલયે આમંત્રણ આપ્યાં. ઇચ્છાનુસાર રૂપને ધરનારા તે સૌ સુંદર શરીરને ધારણ કરીને, સુંદર સ્ત્રીઓ તથા

સમાજ સાથે હિમાલયને ઘેર જઇને મંગલ ગીતો ગાવા માંડ્યા. હિમાલયે પ્રથમથી જ તૈયાર કરાવેલાં ઘરોમાં સૌએ ઉતારો કર્યો."

કવિનું એ કથન સૂચવે છે કે હિમાલયે જડ પદાર્થોને નહીં પરંતુ એમના અધીશ્વરોને અથવા નાનામોટા શાસકોને આમંત્રણ આપેલાં. જડ પદાર્થો સુંદર સ્ત્રીઓ સાથે આવીને તૈયાર કરાવેલાં મકાનોમાં વસી શકે નહીં એ સહજ સમજાય તેવું છે. કવિના કથનનો એ સંબંધમાં શબ્દાર્થ લેવાને બદલે ભાવાર્થ જ લેવો જોઇએ.

☼ ☼ ☼ ☼

# 10. સ્ત્રીઓને ગાળો

રામચરિતમાનસના શિવપાર્વતી પ્રસંગમાં શિવપાર્વતીના લગ્નના અનોખા અવસર પર કવિ દ્વારા કરાયેલું સમૂહભોજન વખતનું વર્ણન ખાસ ઉલ્લેખનીય છે. એ વર્ણનને અનુસરીને કહીએ તો, "જમનારાની અનેક પંક્તિઓ બેઠી. ચતુર રસોઇયા પીરસવા લાગ્યા. સ્ત્રીઓ દેવોને જમતા જાણીને કોમળ વાણીથી ગાળો દેવા લાગી."

એના અનુસંધાનમાં જણાવ્યું કે-

गारीं मधुर स्वर देहिं सुंदरि बिंग्य बचन सुनावहीं ।
भोजनु करहिं सुर अति बिलंबु बिनोदु सुनि सचु पावहीं ॥
जेवँत जो बढ़्यो अनंदु सो मुख कोटिहूँ न परै कह्यो ।
अचवाँइ दीन्हे पान गवने बास जहँ जाको रह्यो ॥

"સ્ત્રીઓ મધુર સ્વરે ગાળો દેવા લાગી તથા વ્યંગશબ્દો સંભળાવવા લાગી. એ વિનોદને સાંભળીને દેવતા સુખ પામે છે, ભોજન કરે છે અને અતિશય સુખ પામે છે. ભોજન કરતાં જે આનંદ વધ્યો તેને કરોડો મુખે પણ વર્ણવી શકાય તેમ નથી. જમી રહ્યા પછી હાથ-મોંને ધોવડાવીને પાન અપાયાં. પછી બધા પોતપોતાના ઉતારા પર ગયા."

એ વર્ણન પરથી પ્રશ્ન ઉદભવે છે કે શિવપાર્વતીના વખતમાં આજની જેમ સ્ત્રીઓમાં લગ્નપ્રસંગે ગાળો દેવાની કે ફટાણાં ગાવાની પ્રથા પ્રવર્તમાન હશે, કે પછી કવિએ એવું વર્ણન પોતાના સમયની અસર નીચે આવીને કર્યું હશે ? બીજી સંભાવના સવિશેષ લાગે છે. તોપણ અભ્યાસીઓએ એ પ્રશ્ન વિચારવા જેવો છે.

તાંબુલ ખાવાની પ્રથા તો પરાપૂર્વથી, પ્રાગૈતિહાસિક કાળથી, પ્રવર્તમાન હતી જ, એવું લાગે છે.

☼ ☼ ☼ ☼

## 11. દહેજ

પાર્વતીના લગ્ન પછી એમના પિતા હિમાલયે એમને જે કાંઇ મદદ કે ભેટ રૂપે આપ્યું તેનું વર્ણન કરતાં કવિએ લખ્યું છેઃ

दासीं दास तुरग रथ नागा । धेनु बसन मनि बस्तु बिभागा ॥
अन्न कनकभाजन भरि जाना । दाइज दीन्ह न जाइ बखाना ॥

"દાસી, દાસ, ઘોડા, રથ, હાથી, ગાયો, વસ્ત્રો, મણિઓ, બીજી વસ્તુઓ, અન્ન તથા સોનાનાં વાસણો ગાડાં ભરીને દહેજમાં આપ્યાં. એમનું વર્ણન થઇ શકતું નથી."

હિમાલયે પાર્વતી તથા શંકરને તે વસ્તુઓ કોઇ પણ પ્રકારના ભય, દુરાગ્રહ કે દબાણને વશ થયા સિવાય સ્વેચ્છાથી તથા કર્તવ્યબુદ્ધિથી આપેલી. એ ખાસ યાદ રાખવા જેવું છે.

સાંપ્રત સમયમાં કેટલેક ઠેકાણે દહેજની પ્રથાએ જે વિકૃત સ્વરૂપ ધારણ કર્યું છે તેવા વિકૃત અનિષ્ટકારક સ્વરૂપનો સમાવેશ એમાં નહોતો થયો. એ એક જાતની પ્રેમપૂર્વકની પહેરામણી હતી.

☼ ☼ ☼ ☼

## 12. પૂર્ણાહુતિ

રામચરિતમાનસની કલ્યાણકારિણી, કલેશહારિણી કવિતાકૃતિમાં કવિની નમ્રતા તથા સરળતાની ઝાંખી આરંભથી માંડીને અંત સુધી સ્થળેસ્થળે થયા કરે છે.

શિવપાર્વતીના લીલાપ્રસંગોના આલેખનના અંતે કવિ કહે છે કે શિવનું ચરિત્ર સાગર સમાન અપાર છે. વેદ પણ તેનો પાર પામતા નથી તો અત્યંત મંદમતિ ગમાર તુલસીદાસ તેનું વર્ણન કેવી રીતે કરી શકે ? એમની નિરભિમાનીતાને વ્યક્ત કરતો એ ભાવનો દોહો આ રહ્યોઃ

चरित सिंधु गिरिजा रमन बेद न पावहिं पारु ।
बरनै तुलसीदासु किमि अति मतिमंद गवाँरु ॥

ભક્ત કવિ તુલસીદાસની સરળતા, સહજતા, નમ્રતાના મહામૂલ્યવાન શાશ્વત દસ્તાવેજ સરખા એ શબ્દોને વાંચી વિચારીને આપણે કહીશું કે કવિવર, તમે તમારા કર્તવ્યને ખૂબ જ સરસ રીતે સફળતાપૂર્વક પૂરું કર્યું છે. મોટામોટા મેધાવી મહાબુદ્ધિશાળી પુરુષો કે પંડિતપ્રવરો પણ ના આલેખી શકે એવી સરસ રીતે તમે શિવપાર્વતી પ્રત્યેના પ્રેમથી પ્રેરાઇને એમના લીલાપ્રસંગોને આલેખ્યા છે. એમના સુવિશાળ ચરિત્રસિંધુમાં નિમજ્જન કરીને જનતાને એનો દેવદુર્લભ લાભ આપ્યો છે. એવી રીતે હે ભક્તપ્રવર, સંતશિરોમણિ, ભગવાન શંકર, રામ, સીતા તથા સત્પુરુષોના પરમકૃપાપાત્ર, તમે જે મહાન લોકોત્તર સાંસ્કૃતિક સત્કાર્ય કર્યું છે એને માટે સંસ્કૃતિ તમારી ઋણી રહેશે. તમને અમારાં આત્મિક અભિનંદન !

*

શિવપાર્વતીપ્રસંગની પૂર્ણાહુતિ સમયે એક બીજી વાત પ્રત્યે અંગુલિનિર્દેશ કરી દઉં.

પાર્વતીને વળાવતી વખતે એમની માતા મેનાએ શિખામણ આપતાં જણાવ્યું કે શંકરના પવિત્ર ચરણોની સદા પૂજા કરજે. સ્ત્રીનો ધર્મ એ જ છે. એને માટે પતિ બીજોથી કોઇ મોટો કે નાનો દેવ નથી.

नारिधरमु पति देउ न दूजा ॥

વળી કહ્યું કે વિધાતાએ સ્ત્રીને જગતમાં શા માટે પેદા કરી ? પરાધીનને સ્વપ્ને પણ સુખ હોતું નથી.

कत बिधि सृजीं नारि जग माहीं । पराधीन सपनेहुँ सुखु नाहीं ॥

મેનાના મુખમાં મુકાયેલા એ શબ્દો વ્યથામાં ઉચ્ચારાયેલા છે. આપણે તટસ્થ રીતે શાંતિપૂર્વક વિચારીશું તો સમજાશે કે સ્ત્રી સર્જનની શોભા છે. એના સિવાયનું સર્જન નીરસ અથવા અપૂર્ણ લાગે. પુરુષ તથા પ્રકૃતિની સંયુક્ત રાસલીલા કે રસલીલા એ જ જગત. સ્ત્રી પરાધીન નથી, સર્વતંત્ર સ્વતંત્ર, સ્વાધીન છે. પુત્રી રૂપે, ભગિની રૂપે સંપૂર્ણ સન્માનનીય છે. પત્ની થઇને પણ ગુલામ બનવાને બદલે ઘરની સ્વામિની, સામ્રાજ્ઞી બને છે. માતા રૂપે સંતાનોમાં સંસ્કારોનું સિંચન કરે છે. દેશ તથા દુનિયાને મહત્વની મહામૂલ્યવાન ભેટ ધરે છે. વિધાતાએ કરેલું એનું સર્જન અભિશાપ નથી, આશીર્વાદ છે. એ વિભુનું વરદાન છે.

*

શિવપાર્વતીના સુંદર લીલાપ્રસંગો કેવળ પાઠ કે પારાયણ માટે નથી, પરંતુ ભગવાન શંકર તથા પાર્વતીના પવિત્ર પદારવિંદમાં પ્રેમ પ્રકટાવીને જીવનનું શ્રેય સાધવા માટે છે, એ યાદ રાખીએ. સાચું શાશ્વત સુખ એમાં જ સમાયેલું છેઃ જીવનને પરમાત્માપરાયણ કરવામાં.

☼ ☼ ☼ ☼

# અયોધ્યા કાંડ



# - વિહંગાવલોકન

## 1. સફેદ વાળનું દર્શન

બહારથી નાની અથવા સર્વસાધારણ જેવી દેખાતી વસ્તુઓમાંથી જાગ્રત અથવા વિવેકી પુરુષને કોઇવાર અવનવી પ્રેરણાની પ્રાપ્તિ થતી હોય છે. એ પ્રેરણા એના જીવનપ્રવાહને પલટાવવા માટે કે પરિશુદ્ધ કરવા માટે મહત્વનો મહામૂલ્યવાન ફાળો પ્રદાન કરતી હોય છે. એની અસર શકવર્તી બને છે અને સમસ્ત જીવનને અસર પહોંચાડે છે.

વસ્તુ છેક જ નાની હતી. લક્ષમાં ના લઇએ તોપણ ચાલે એવી. પરંતુ રાજા દશરથે ગંભીરતાથી લીધી.

રામચરિતમાનસના કથનાનુસાર રઘુકુળના રાજા દશરથ એક વાર રાજસભામાં વિરાજેલા. એમણે સ્વાભાવિક રીતે જ હાથમાં દર્પણ લઇને મુખને નિહાળીને મસ્તક પરના મુકુટને સરખો કર્યો.

એમણે એકાએક જોયું કે કાન પાસેના કેશ ધોળા થયા છે.

श्रवन समीप भए सित केसा। मनहुँ जरठपनु अस उपदेसा ॥

કેશ ધોળા થવાની હકિકત દેખીતી રીતે જ છેક સાધારણ હતી તોપણ રાજાએ એને ગંભીરતાથી લઇને વિચાર્યું કે વૃદ્ધાવસ્થા જાણે ઉપદેશ આપી રહી છે કે રામને યુવરાજપદ આપી મારે જીવન તથા જન્મની પરમ ધન્યતાનો લ્હાવો લેવો જોઇએ.

સફેદ વાળનું દર્શન કરનારા સઘળા એવી સમજપૂર્વકની સ્વૈચ્છિક નિવૃતિનો વિચાર તથા નિર્ણય નથી કરતા. નહિ તો સમાજમાં જાહેરજીવનનું ચિત્ર કેટલું બધું બદલાઇ જાય અને તંદુરસ્ત થાય ? કેટલીક વાર વાળ અકાળે જ સફેદ બની જાય છે. તોપણ અમુક વયમર્યાદા કે વૃદ્ધાવસ્થા પછી જાહેરજીવનમાંથી સ્વેચ્છાપૂર્વક નિવૃતિ લેવાની ને પોતાની જવાબદારી બીજા સુપાત્ર પુરુષને સોંપવાની પરંપરા આવકારદાયક છે. એથી મમત્વ ઘટે છે ને બીજાને લાભ મળે છે.

રાજા દશરથનો વિચાર એ દ્રષ્ટિએ આદર્શ અને અભિનંદનીય હતો. જોકે એમાં આગળ પર આવનારી અસાધારણ આપત્તિનું બીજ છુપાયેલું એની ખબર એમને ન હતી. એમણે રામના રાજ્યાભિષેકનો કે યુવરાજપદનો વિચાર જ ના કર્યો હોત તો આગળ

પરની એના પરિણામે પેદા થયેલી રામવનવાસની માગણીને અને ઘટનાને કદાચ ટાળી શકાઇ હોત. એમનું પોતાનું મૃત્યુ પણ અનિવાર્ય ના બન્યું હોત. પરંતુ માનવ વિચારે છે કાંઇક અને બને છે કાંઇક. જે કાંઇ થાય છે તે સઘળું એના હાથમાં, એની ઇચ્છા પ્રમાણેનું નથી હોતું. રાજાનો સંકલ્પ સારો હતો પરંતુ એનો પ્રતિભાવ સર્વ પર, ખાસ કરીને મંથરા પર અને એની સતત સમજાવટથી કૈકેયી પર સાનુકૂળ ના પડ્યો. એથી જ આગળની અણધારી આપત્તિ આવી પડી.

એક બીજી વાત પ્રત્યે અંગુલિનિર્દેશ કરી લઉં. રાજા દશરથે રાજસભામાં બેસીને હાથમાં લીધેલા દર્પણમાં જોયું એવું વર્ણવવાને બદલે, એમના રાજપ્રાસાદમાં દર્પણમાં જોયું એવું વર્ણન સુસંગત ના લાગત ? રાજસભા કરતાં રાજપ્રાસાદ જ દર્પણમાં જોવાનું સુયોગ્ય સ્થાન લેખી શકાય. રાજાને પોતાને જ રાજસભામાં દર્પણમાં, અને હાથમાં રાખેલા દર્પણમાં દેખતા વર્ણવવા એ રઘુકુળના આદર્શ રાજા દશરથની રાજસભાની ગંભીરતા તથા પવિત્રતાને નથી સૂચવતું.

☼ ☼ ☼ ☼

## 2. સાંસ્કૃતિક પરંપરા

અયોધ્યાના રાજા દશરથે રામને યુવરાજપદે સ્થાપવાનો સંકલ્પ કરી લીધો, પરંતુ વાત એટલેથી જ પૂરી નથી થતી. મહત્વની, સમજવા જેવી, એ સમયની ભારતીય સંસ્કૃતિના પરંપરાગત શિષ્ટાચારની વિશેષ નોંધપાત્ર વાત તો હવે આવે છે, અને કવિ એને અતિશય સફળતાપૂર્વક સરસ રીતે વર્ણવે છે. કવિની દ્રષ્ટિ તથા શક્તિનો ત્યાં વિજય થાય છે. એ વર્ણનમાં ભારતીય સંસ્કૃતિની પરંપરાનું દર્શન થાય છે. એ દર્શન આહ્લાદક અને પ્રેરક છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સદગુરુનું મહત્વ ને માન સૌના કરતાં સવિશેષ છે. રાજા દશરથ સદગુરુ વશિષ્ઠને મળીને એમની અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરે છે.

એ પ્રયત્ન સફળ થાય છે. મુનિ વશિષ્ઠ રાજા દશરથના શુભ સંકલ્પ સાથે સંમત થઇને રામને યુવરાજપદે પ્રતિષ્ઠિત કરવા માટે વિલંબ ના કરવાનો ને સઘળી તૈયારી કરવાનો આદેશ આપે છે.

રાજા પ્રસન્ન થઇને પોતાના મહેલમાં આવે છે અને સચિવ સુમંત્રને અને સેવકોને બોલાવીને સઘળી વાત કહી સંભળાવે છે ને જણાવે છે કે પંચને રામને યુવરાજ બનાવવાનો અભિપ્રાય ઉચિત લાગે છે. તમે તેમને હર્ષપૂર્વક રાજતિલક કરો.

એ સાંભળીને સૌ પ્રસન્ન થાય છે.

મહામુનિ વશિષ્ઠની સુચનાનુસાર રામના રાજ્યાભિષેકની પૂર્વતૈયારી કરવામાં આવે છે.

રાજા દશરથની રાણીઓને એ સમાચાર પાછળથી મળે છે. સૌથી છેલ્લે જેમનો રાજ્યાભિષેક થવાનો છે તે રામને.

પ્રથમ ગુરુની અનુમતિ, પછી સચિવની ને પંચની. રાણીઓ છેક છેલ્લે જાણે છે.

આપણે ત્યાં સામાન્ય રાતે અથવા બદલાયેલા સંજોગોમાં વધારે ભાગે શું થાય છે ? તદ્દન ઊલટું જ. સૌથી પહેલાં કોઇ અગત્યની ગુહ્ય વાત હોય છે તો એનું રહસ્યોદ્ઘાટન અને એની અનુમતિ પત્ની પાસે કરવામાં ને માગવામાં આવે છે. પછી શ્વસુરપક્ષ તથા મિત્રમંડળ પાસે. ગુરુ તો છેક છેવટે કહેવાય છે, પુછાય છે અને કહેવાતું કે

પુછાતું નથી પણ ખરું. ઘટનાચક્ર સાથે જેનો સીધો સંબંધ હોય છે એને પ્રથમથી પણ કહેવામાં આવે છે. રામાયણકાળની સાંસ્કૃતિક પરંપરા કેવી હતી એનો ખ્યાલ રામચરિતમાનસના ઉપર્યુક્ત વર્ણન પરથી સહેલાઇથી આવી શકે છે.

☼ ☼ ☼ ☼

## ૩. રામની પ્રતિક્રિયા

રામચરિતમાનસનું એ વર્ણન આગળ વધે છે. રાજા દશરથના રહેવાથી મુનિ વશિષ્ઠ રામના રાજપ્રાસાદે પહોંચ્યા ત્યારે રામે દ્વાર પર આવીને એમનાં ચરણે મસ્તક નમાવીને, સાદર અર્ઘ્ય આપી, ઘરમાં લાવીને એમનું પૂજન-સન્માન કર્યું. સીતા સાથે એમને ચરણસ્પર્શ કર્યો.

એ વર્ણન રામની ગુરુ પ્રત્યેની પ્રીતિ અને એમની નમ્રતા દર્શાવે છે.

જેનું લગ્ન લેવાયું હોય તે ઉમેદવારને કશી માહિતી જ ના હોય અને લગ્નની બધી તૈયારી કરી હોય; બેન્ડવાળાને બોલાવવામાં આવ્યા હોય, કંકોત્રીઓ પાઠવી હોય, જમણવારની તૈયારી થઇ ગઇ હોય અને જાનૈયાઓ પણ એકઠા થયા હોય; જેનું લગ્ન લેવાયું હોય તેને છેક છેલ્લી ઘડીએ ખબર આપવામાં આવતી હોય તેમ, રામને એમના રાજ્યાભિષેક વિશે હજુ હવે કહેવામાં આવે છે. રાજા દશરથને કદાચ એવો વિશ્વાસ હશે કે આજ્ઞાંકિત રામ પોતાની અને વશિષ્ઠની આજ્ઞાને કોઇ પણ પ્રકારના વિરોધ, તર્કવિતર્ક કે સંકોચ સિવાય આનંદપૂર્વક અનુસરશે.

મુનિ વશિષ્ઠે રામને જણાવ્યું કે રાજા તમને યુવરાજપદ આપવા ઇચ્છે છે. એમણે એને માટેની પૂર્વતૈયારી કરી લીધી છે.

भूप सजेउ अभिषेक समाजू। चाहत देन तुम्हहि जुबराजू ॥

મુનિ વશિષ્ઠ દ્વારા રાજ્યાભિષેકના એ સર્વસુખદ સમાચાર સાંભળ્યા પછી રામની પ્રતિક્રિયા જાણવા જેવી છે. એમને એક અસાધારણ કહી શકાય એવો વિચાર ઉદભવ્યો.

जनमे एक संग सब भाई। भोजन सयन केलि लरिकाई ॥
करनबेध उपबीत बिआहा। संग संग सब भए उछाहा ॥

"અમે બધા ભાઇઓ એકસાથે જનમ્યા. અમારું ભોજન, શયન, બાલ્યાવસ્થાનું રમવાનું અને અમારા કર્ણવેધ, યજ્ઞોપવિત સંસ્કાર તથા લગ્નપ્રસંગના ઉત્સવો પણ સાથેસાથે જ થયા."

बिमल बंस यहु अनुचित एकू। बंधु बिहाइ बड़ेहि अभिषेकू ॥

"આ નિર્મળ રઘુવંશમાં મને એક વસ્તુ ખરેખર અયોગ્ય લાગે છે અને તે વસ્તુ એ કે બીજા બધા બંધુઓને મૂકીને મોટા બંધુનો અભિષેક થાય છે."

કવિએ રામના મુખમાં ખૂબ જ સુંદર, આદર્શ, પ્રેરક, ક્રાંતિકારી, સત્યમૂલક શબ્દો મૂક્યા છે. મોટાભાઇનો રાજ્યાભિષેક શા માટે ? વચલા કે નાના ભાઇનો શા માટે નહીં ? અથવા મોટા કે નાના - ગમે તેવા પરંતુ સુયોગ્ય ભાઇનો શા માટે નહીં ? એવી અતિઅગત્યની, જાહેર જનતાનું હિત ધરાવતી વાતોમાં જન્મ કે વયને બદલે યોગ્યતા કે પાત્રતા પ્રમાણેની પસંદગી જ અધિક આદર્શ અને આવકારદાયક થઇ પડે. રામનો વિચાર પ્રશંસનીય હતો. પરંતુ વિચાર વિચાર જ રહ્યો. અમલમાં ના મૂકાયો. વિચાર ગમે તેટલો આદર્શ, અસાધારણ, ક્રાંતિકારક હોય પરંતુ તે ક્રાંતિ કરે જ નહીં, આચારમાં અનુવાદિત ન બને તો શું કામનું ? રામ આગળ ના વધ્યા, એમની લાગણી અને એમના સાત્વિક મનોમંથનમાંથી ઉદભવેલી સદભાવનાને એ દશરથ, વશિષ્ઠ, સચિવ અથવા અન્યની આગળ રજૂ કરી શક્યા હોત. એવી દલીલ દ્વારા કવિ એ વિચારને સગૌરવ આગળ વધારી શક્યા હોત. પરંતુ એમ નથી થઇ શક્યું. એ વસ્તુ ચૂકી જવાઇ કે ત્યાં જ મુકી દેવાઇ છે.

રામ એમની વિચારસરણીને વડીલો સમક્ષ રજૂ કરત તોપણ એને કોઇ માનત નહીં. તોપણ એવી રજૂઆત એમને માટે સંતોષકારક લેખાત. એને લીધે કવિતામાં નવો રસ પેદા થાત. એવી રીતે રામની રાજ્યાભિષેક માટેની નિર્મમતાને વધારે સારી રીતે બતાવી શકાઇ હોત.

☼ ☼ ☼ ☼

## 4. દેવોનો ઉદ્યોગ

રામચરિતમાનસમાં કહ્યા પ્રમાણે રામના રાજ્યાભિષેકની વાત બીજા બધાને તો ગમી પરંતુ દેવોને ના ગમી. એમણે સરસ્વતીને બોલાવીને એના પગ પકડીને અવારનવાર અરજ કરીને જણાવ્યું કે અમારી આપત્તિ જોઇને તમે એવું કરો કે રામ રાજ્યને છોડીને વનમાં જાય ને દેવોનું સઘળું કાર્ય સિદ્ધ થાય.

बिपति हमारि बिलोकि बड़ि मातु करिअ सोइ आजु।
रामु जाहिं बन राजु तजि होइ सकल सुरकाजु ॥

દેવોની અરજ સરસ્વતીને સહેજ પણ ના ગમી. દેવોએ એને પુનઃ પ્રાર્થીને પોતાના હિતકાર્ય માટે અયોધ્યા જવા જણાવ્યું. દેવોએ વારંવાર એને ચરણ પકડીને સંકોચમાં નાખી એટલે દેવોની બુદ્ધિ ઓછી છે એવું વિચારીને તેણે ત્યાંથી પ્રયાણ કર્યું.

नामु मंथरा मंदमति चेरी कैकेइ केरि।
अजस पेटारी ताहि करि गई गिरा मति फेरि ॥

"અયોધ્યામાં મંથરા કૈકેયીની દાસી હતી. એને અપયશની ભાગિની બનાવીને, એની બુદ્ધિ ફેરવીને કે બગાડીને સરસ્વતી જતી રહી."

કવિનું આલેખન કથાની દ્રષ્ટિએ કદાચ રોચક લાગે પરંતુ બીજી રીતે વિચારતાં ત્રુટિપૂર્ણ દેખાય છે. કવિ અનાવશ્યક રીતે કલ્પનાનો આશ્રય લઇ રહ્યા છે. દેવોની વાતને વચ્ચે લાવ્યા વગર કથા કહી શકાઇ હોત. દેવોની અરજ સ્વીકારવાનો સૌથી પ્રથમ સરસ્વતીએ ઇન્કાર કર્યો ને વિચાર્યું કે દેવો મંદબુદ્ધિ છે. પરંતુ આગળ પર દેવોના અત્યાગ્રહને વશ થઇને એની દ્રષ્ટિએ જે અયોગ્ય હતું તે કર્મ કરવાની એણે તૈયારી બતાવીને, મંથરાની બુદ્ધિને બદલાવી, એવા આલેખનથી એનું વ્યક્તિત્વ તદ્દન સામાન્ય કક્ષાએ ઉતરી પડે છે. એ આવશ્યક અથવા અપેક્ષિત આત્મબળથી વંચિત બનીને પોતાનું સ્વાભાવિક ગૌરવ ખોઇ બેસે છે. એક કુકર્મમાં મુખ્ય પક્ષકાર બને છે. પરોક્ષ રીતે બધા જ દોષનો ટોપલો એના માથા પર નાખી દેવામાં આવે છે. આપણાં સર્વહિતમાં માનનારાં, અકલંક, આદર્શ, પરમારાધ્ય, પરમ વંદનીય, દૈવી પાત્રોનું એવું આલેખન એમને જ્ઞાત

અથવા અજ્ઞાત રીતે અન્યાય કરનારું અને લોકનજરે ઉતરાતાં બતાવનારું બનવાનો સંભવ છે.

સરસ્વતીને અતિશય આગ્રહપૂર્વક અયોધ્યામાં અશુભ આશયથી પ્રેરાઇને મોકલવાનો દેવોનો ઉદ્યોગ અભિનંદનીય નથી લાગતો. એ આખુંય આલોખન ક્ષેપક પણ હોઇ શકે. જો એ યથાર્થ જ હોય તો આદર્શ અને શોભાસ્પદ નથી. માનવ સન્મતિ અને દુર્મતિ - બંનેનો બનેલો છે. એની અંદર ક્યારે કોનું પ્રાબલ્ય થઇ જાય તે વિશે ચોક્કસપણે કશું જ કહી શકાય નહીં. એવા સીધાસાદા સર્વસામાન્ય આધાર પર, દેવોની કે સરસ્વતીની વાતને વચ્ચે લાવ્યા સિવાય, સીધું જ કહી શકાયું હોત કે મંથરાની બુદ્ધિ એની પોતાની દ્વેષવૃતિ, દુર્ભાવના કે બીજા કોઇ કારણથી બગડી ગઇ, અને એણે કૈકેયીના કાનને ભંભેર્યા, તો કોઇ પ્રકારની હરકત ના પેદા થાત. એવું આલેખન સવિશેષ સુંદર અને સુસંગત થઇ પડત.

રામચરિતમાનસના રસિક તથા મર્મજ્ઞ કવિએ મંથરાના પાત્રને ખૂબ જ કળાત્મક રીતે સહજતા અને સફળતા સહિત રજૂ કર્યું છે. એમનું એ પાત્રાલેખન આદર્શ અને અદભૂત છે. એમને કુશળ સફળ મનોવૈજ્ઞાનિક સિદ્ધ કરે છે. કૈકેયીનું પાત્રાલેખન પણ એવું જ પ્રાણવાન ને કુશળ છે. મંથરાના પાત્રાલેખન સાથે એ તાણા ને વાણાની પેઠે મળી જાય છે. એકરૂપ થાય છે.

કૈકેયીના કાનને ભંભેરવાનો ને મનને મલિન બનાવવાનો મંથરાનો ઉદ્યોગ શરૂઆતમાં તો સફળ નથી થતો, પરંતુ છેવટે યશસ્વી ઠરે છે. રામ પ્રત્યે પ્રખર સ્નેહ અને સદભાવને સેવનારી કૈકેયી મંથરાની રામવિરોધી વાતને માની લે છે. એ એના વ્યક્તિત્વનો ને કવિની કવિતાકળાનો નાનો સરખો વિજય ના લેખાય.

મંથરાના માર્ગદર્શન પ્રમાણે એ કઠોરતાની મૂર્તિ બનીને કોપભવનમાં પ્રવેશે છે ને દશરથની પરવશતાનો લાભ ઉઠાવીને પૂર્વનાં શેષ રહેલાં બે વરદાન મેળવે છે. કૈકેયી તથા દશરથનો આ સંવાદ કેટલો બધો સૂચક છે ?

मागु मागु पै कहहु पिय कबहुँ न देहु न लेहु।
देन कहेहु बरदान दुइ तेउ पावत संदेहु ॥ २७ ॥

"હે પ્રિયતમ, તમે માગ માગ કહો છો પણ કોઇ વાર આપતા નથી ને લેતા નથી. તમે મને બે વરદાન માટે કહેલું પરંતુ તે મળવામાં પણ સંદેહ છે."

जानेउँ मरमु राउ हँसि कहई। तुम्हहि कोहाब परम प्रिय अहई ॥
थाति राखि न मागिहु काऊ। बिसरि गयउ मोहि भोर सुभाऊ ॥ १ ॥

"રાજાએ હસીને કહ્યું કે તારો મર્મ સમજ્યો. તને કોપાયમાન થવાનું ગમે છે. તે વરદાનોને થાપણ તરીકે રાખીને તે કદી માગ્યા જ નથી. મારો સ્વભાવ ભૂલકણો હોવાથી હું તે ભૂલી ગયો છું."

झूठेहुँ हमहि दोषु जनि देहू। दुइ कै चारि मागि मकु लेहू ॥
रघुकुल रीति सदा चलि आई। प्रान जाहुँ बरु बचनु न जाई ॥

"મને ખોટો દોષ ના દે. બેને બદલે ચાર વરદાન માગી લે. રઘુકુળમાં સદાને માટે એવી પરંપરા ચાલી આવે છે કે પ્રાણ જાય તો ભલે જાય પરંતુ વચન ના જવું જોઇએ."

એવી રીતે સઘળી પૂર્વભૂમિકાને તૈયાર કરીને કૈકેયીએ વરદાન માગી લીધાં. રાજા દશરથ પર વજ્રપ્રહાર થયો. પરંતુ હવે કોઇ વિકલ્પ નહોતા રહ્યો. એ કૈકેયીના સાણસા-વ્યૂહમાં સારી પેઠે સપડાઇ ગયા.

જે કૈકેયી રામને ભરત કરતાં પણ વધારે પ્રિય સમજતી હતી તે ભરતને માટે રાજતિલકનું અને રામના ચૌદ વરસના વનવાસનું વરદાન માગી બેઠી. સંજોગોનો પ્રભાવ માનવ પર કેટલો બધો પ્રબળપણે પડે છે ? સંજોગોની અસર નીચે આવીને સજ્જન દુર્જન બને છે ને દુર્જન સજ્જન. સંજોગો માનવને દેવ પણ કરે છે ને દાનવ પણ. અનુકૂળ બનાવે છે ન પ્રતિકૂળ પણ. જોકે સંજોગોની સત્તા સર્વોપરિ નથી તોપણ નિર્બળ મનના માનવો એમની અસર નીચે સહેલાઇથી આવી જાય છે. કૈકેયી તથા મંથરાના પાત્રો એવો સારગર્ભિત સંદેશો સંભળાવે છે.

☼ ☼ ☼ ☼

## 5. સીતા તથા રામની પ્રતિક્રિયા

રામના મળરહિત મન પર એ પ્રતિકૂળ પરિસ્થિતિનો કશો જ પ્રતિકૂળ પ્રભાવ ના પડ્યો. એમને પ્રથમથી જ રાજ્યની લાલસા ન હતી. એમણે કૈકેયી દ્વારા સઘળી વાત સાંભળીને દશરથને આશ્વાસન આપ્યું, કૈકેયીનો આભાર માન્યો, ને વનગમનની તૈયારી દર્શાવી. એમના શ્રીમુખમાં કેટલા બધા સરસ શબ્દો મુકાયા છે ?

सुनु जननी सोइ सुतु बड़भागी। जो पितु मातु बचन अनुरागी ॥
तनय मातु पितु तोषनिहारा। दुर्लभ जननि सकल संसारा ॥

"હે માતા સાંભળો. જે માતાપિતાનાં વચનો પર પ્રેમ રાખતો હોય તે જ પુત્ર ભાગ્યશાળી કહેવાય છે. માતા તથા પિતાને સંતોષનારો સુપુત્ર સમસ્ત સંસારમાં દુર્લભ છે."

"વનમાં ખાસ કરીને મુનિવરોનો મેળાપ થશે. એથી મારું સર્વપ્રકારે શ્રેય સધાશે. તેમાં વળી તે માટે પિતાજીની આજ્ઞા છે ને તમારી સંમતિ."

"પ્રાણપ્રિય ભરત રાજ્ય પામશે. મને આજે વિધિ સર્વ રીતે અનુકૂળ છે. જો આવા કાર્યને માટે વનમાં ના જઉં તો મૂર્ખના સમાજમાં મને પ્રથમ ગણવો જોઇએ."

अंब एक दुखु मोहि बिसेषी। निपट बिकल नरनायकु देखी ॥
थोरिहिं बात पितहि दुख भारी। होति प्रतीति न मोहि महतारी ॥

"માતા, રાજા ખૂબ જ વ્યાકુળ બની ગયા છે એથી મને મોટું દુઃખ થાય છે. વાત ઘણી નાની હોવા છતાં પિતાને ભારે દુઃખ થઇ રહ્યું છે એનો મને વિશ્વાસ નથી થતો."

કેવી સાનુકૂળ પ્રતિક્રિયા !

રામે કૌશલ્યાની અનુમતિ મેળવી લીધી. કૌશલ્યા પાસે પહોંચેલી સીતાને ઘરમાં રહીને સૌની સેવા કરવાનું કહ્યું. વનની વિષમતાઓનો અને વિપત્તિઓનો પણ ખ્યાલ આપ્યો. છતાં પણ સીતાનું મન ઘરમાં રહેવા માટે ના માન્યું. સીતાના શબ્દોનો સારભાગ સમજવા જેવો છેઃ "હે પ્રાણનાથ, હે કરુણાધામ, સુંદર, સુખદાયક, સર્વાન્તરયામી ! હે રઘુકુળરૂપી કુમુદના ચંદ્ર ! તમારા સિવાયનું સ્વર્ગ પણ મારે માટે નરકસમાન છે."

जिय बिनु देह नदी बिनु बारी। तैसिअ नाथ पुरुष बिनु नारी ॥

नाथ सकल सुख साथ तुम्हारें। सरद बिमल बिधु बदनु निहारें ॥ ४ ॥

"જીવ સિવાય જેમ શરીર અને જળ વિનાની નદી તે જ પ્રમાણે પુરુષ વિના સ્ત્રી હોય છે. હે નાથ, તમારી સાથે રહીને તમારું શરદ ઋતુના નિર્મળ ચંદ્ર જેવું મુખમંડળ જોતાં મને સર્વપ્રકારનું સુખ મળી રહેશે."

खग मृग परिजन नगरु बनु बलकल बिमल दुकूल।

नाथ साथ सुरसदन सम परनसाल सुख मूल ॥ ६५ ॥

"તમારી સાથે પશુપક્ષીઓ મારાં કુટુંબી થશે. વન નગર બનશે અને વૃક્ષોની છાલ સુંદર નિર્મળ વસ્ત્ર. પર્ણકુટી સરસ સુખના મૂળરૂપ થઇ રહેશે."

"ઉગાર હૃદયના વનનાં દેવદેવીઓ સાસુ-સસરાની પેઠે મારી સંભાળ રાખશે. દર્ભ તથા કોમળ પાંદડાની સુંદર પથારી પ્રભુની સાથે કામદેવની મનહર તળાઇ થશે. કંદમૂલફળનો આહાર અમૃતસમાન થશે. પર્વતો અયોધ્યાના સેંકડો રાજમહેલ સમાન. દિવસે આનંદમાં રહેતી ચકવીની જેમ પ્રભુના ચારુ ચરણકમળને નિહાળીને હું પ્રત્યેક પળે પ્રસન્ન રહીશ."

"હે નાથ, તમે વનના વિવિધ દુઃખો તથા ભય, વિષાદ, પરિતાપ વિશે કહ્યું. પરંતુ હે કૃપાનિધાન, તે સઘળાં ભેગાં થાય તોપણ પ્રભુના વિયોગના દુઃખના લવલેશ સમાન પણ ના થઇ શકે."

"હે દીનબંધુ, સુંદર સુખદાતા ! શીલ સ્નેહના ભંડાર ! ચૌદ વરસની અવધિ સુધી મને અયોધ્યામાં રાખશો તો મારો પ્રાણ નહીં રહે."

"ક્ષણે ક્ષણે તમારાં ચરણકમળને નિહાળીને ચાલવાથી મને થાક નહિ લાગે. હું તમારી સર્વ પ્રકારે સેવા કરીશ. માર્ગનો તમારો થાક દુર કરીશ. તમારા પગ ધોઇને, વૃક્ષોની છાયામાં બેસીને, તમને પંખો નાખીશ. પ્રસ્વેદ કણોવાળું તમારું શ્યામ શરીર જોવાથી દુઃખનો વખત ક્યાં રહેશે ?"

"સપાટ ભૂમિ પર ઘાસ તથા કૂંપળો બિછાવીને આ દાસી આખી રાત તમારા પગ દબાવશે. તમારી મનહર મૂર્તિના દર્શનથી મને થાક નહિ લાગે. સિંહણને સસલું કે શિયાળ જેમ જોઇ શકતું નથી તેમ પ્રભુની સાથે મને આંખ ઉંચી કરીને જોનારું કોણ છે ? હું

સુકુમારી છું તો તમે વનને યોગ્ય છો ? તમને તપ યોગ્ય છે ને મારે માટે વિષયોનો ઉપભોગ ?"

સીતાના ઉદગારો એના પ્રાણમાં પ્રકટેલા તથા પ્રબળ બનેલા પતિપ્રેમને પ્રકટ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને માટે પુરુષ અને પુરુષને માટે સ્ત્રી શરીરના સુખોપભોગનું કે જીવનના અંગત આમોદપ્રમોદનું સાધન નથી પરંતુ જીવનનું સારસર્વસ્વ છે. જીવનસાધનાના સ્વર્ણસોપાનની સામગ્રી છે. સૌથી અધિક છે. એની સ્વર્ગીય સંનિધિમાં રહેવું અને એની સેવા કરવી એ એનું કર્તવ્ય મનાય છે. સીતાએ એ કર્તવ્યને વાચા આપી. એને પૂર્ણપણે વફાદાર રહીં. એના ઉદગારો વીરતાના, સહનશીલતાના, નિર્ભયતાના, રામ પ્રત્યેના પરમપવિત્ર પ્રબળતમ પ્રેમના ને શ્રદ્ધાભક્તિના દ્યોતક છે.

એ શબ્દોને સાંભળ્યા પછી રામે એને સાથે આવવાની અનુમતિ આપી.

સીતાને એથી શાંતિ થઇ.

☼ ☼ ☼ ☼

# 6. ઉર્મિલાની વિસ્મૃતિ

રામકથાના પાવન પ્રવાહમાં એક પ્રાણવાન પરમપવિત્ર પાત્રની વિસ્મૃતિ થઇ છે. મહર્ષિ વાલ્મીકિએ કે સંતશિરોમણી તુલસીદાસે એને અનુરાગની અંજલિ આપી નથી. એનું ગૌરવગાન ગાવાનું તો બાજુએ રહ્યું પણ એનો ઉલ્લેખ પણ નથી કર્યો. એ પાત્ર ઉર્મિલાનું છે. એ પાત્રની વિસ્મૃતિ થઇ છે કે ઉપેક્ષા કરાઇ છે એવું અનેક રામકથારસિકોને લાગ્યા કરે છે. એવા લાગણી સર્વથા નિરાધાર અથવા અસ્થાને નથી.

સીતા તથા ઉર્મિલાનાં લગ્ન એકસાથે જ લેવાયા. શ્રુતકીર્તિ તથા માંડવી સાથે. પરંતુ સીતા સિવાયની એ ત્રણે બેનો રામકથાના પંરપરાગત પ્રવાહમાંથી અદ્રશ્ય રહી છે. ઉર્મિલા પર રામકથાનો ઘણો મોટો આધાર હતો. એના અંતરમાં પણ સીતાના અંતરમાં રામને માટે જાગ્યા તેવા પ્રેમભાવો લક્ષ્મણને માટે જાગ્યા જ હશે. એ લક્ષ્મણને રામ-સીતા સાથે વનમાં જવા અનુમતિ ના આપત અને અયોધ્યાના રાજપ્રાસાદમાં જ પોતાની પાસે રહેવાનો આગ્રહ કરત તો લક્ષ્મણની સ્થિતિ વિચિત્ર થઇ પડત. રામાયણની કથા જુદો જ વળાંક લેત.

પરંતુ ઉર્મિલાએ એવું ના કર્યું. એણે અનોખો ત્યાગ કરી બતાવ્યો. લક્ષ્મણને અનુમતિ આપી. પતિ તરીકે તમારું પ્રથમ કર્તવ્ય મારા પ્રત્યે છે; તમે મને પરણ્યા છો, રામને નહિ એવી દલીલનો વિચારસરખો ના કર્યો. રામની સંનિધિ તથા સેવામાં જીવનનું પરમકલ્યાણ સમજીને લક્ષ્મણને તેને માટે પ્રેરણા પૂરી પાડી. પોતાના તરફથી કોઇ પ્રકારનો અવરોધ ના ઉભો કર્યો. પોતે ઘરમાં રહીને તપ કર્યું, સેવા કરી, શાંતિ રાખી. ચૌદ વરસની અવધિ સુધી તિતિક્ષા તથા પવિત્રતા પાળી. ભરત ચિત્રકૂટ ગયા ત્યારે પણ ઉર્મિલા લક્ષ્મણને મળવા લઇ જવાત. એ ઘટના, એ અવસરને અનુરૂપ ગણાત. ઉર્મિલાનો ઉલ્લેખ તે વખતે કરી શકાયો હોત; પણ નથી થયો.

સીતાનો પંથ કંઇક અંશે સરળ હતો. એની સાથે રામ હતા. ઉર્મિલાનો પ્રમાણમાં વિકટ, વધારે વિકટ પંથ હતો તોપણ એણે એને સસ્મિત પાર કર્યો. એ સીતા કરતાં

લેશપણ ઉતરતી નહોતી. થતાં પણ એનો ઉલ્લેખ નથી થયો. એના ઉલ્લેખ દ્વારા કવિતા વિશેષ રસમય તથા પ્રેરક બનાવી શકાઇ હોત.

## 7. દશરથની દશા

રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન લગ્ન કરીને અયોધ્યામાં આવ્યા ત્યારે સ્ત્રીઓને, દશરથને અને કૌશલ્યાદિ રાણીઓને કેટલો બધો આનંદ હતો ? એમના જીવનમાં મહાન પર્વદિન પેદા થયેલો. રામનો ને અન્ય સૌનો એમણે અંતરના ઊંડા ઉમળકાભેર સત્કાર કરેલો. એ વખતે એમને કલ્પના પણ નહિ કે એ આનંદ, પર્વપ્રસંગ અથવા સત્કાર ક્ષણજીવી છે. એની પાછળ ચિંતા, વિષાદ, વેદનાના ઘેરા ઓળા પથરાયેલા છે. રામના રાજ્યાભિષેકનો અસાધારણ ઉલ્લાસાનુભવ હજુ તો તાજો જ હતો. એ ઉલ્લાસરસમાં સ્નાન કરનારા દશરથને ખબર પણ નહીં કે એ ઉલ્લાસનું શમન ધાર્યા કરતાં ઘણાં ઓછા સમયમાં થઇ જવાનું છે. "ન જાણ્યે જાનકીનાથે સવારે શું થવાનું છે" એ સુપ્રસિદ્ધ કાવ્યપંક્તિ પ્રમાણે રામ અને સીતાને પણ પોતાના વનગમનની માહિતી ન હતી. સુખથી સંભ્રાંત બનેલો માનવ એ જ સુખના સમીપવર્તી સંકટને જોઇ શકતો નથી.

રામ,લક્ષ્મણ તથા સીતાને વનમાં જતા જોઇને રાજા દશરથનું હૃદય રડી રહ્યું. એમની દશા અતિશય કરુણ બની ગઇ. એ અચેત બનીને ધરતી પર ઢળી પડ્યા.

રામ, લક્ષ્મણ તથા સીતાને વનમાં મૂકીને થોડા દિવસ પછી સચિવ સુમંત્રે અયોધ્યામાં પ્રવેશ કર્યો ત્યારે દશરથે સઘળા સમાચાર સાંભળીને અતિશય શોક દર્શાવ્યો. એમના દિલમાં દાહ થયો. એમના જીવન પર કાળનો પડદો પડી ગયો. રામના વારંવારના રટણ સાછે એમણે છેલ્લો શ્વાસ લીધો.

राम राम कहि राम कहि राम राम कहि राम।
तनु परिहरि रघुबर बिरहँ राउ गयउ सुरधाम ॥

જીવાત્માને પરમાત્મા માટે કેવો પરમપવિત્ર પ્રબળ પ્રેમભાવ જોઇએ એનો ખ્યાલ દશરથના પાત્ર પરથી સારી પેઠે આવી શકે છે. એને પરમાત્મા વિના ગમે જ નહીં અને પરમાત્મા વિના જીવવાનું મન ના થાય એવા ભૂમિકા આવશ્યક છે.

☼ ☼ ☼ ☼

## ૪. કેવટનો પ્રસંગ

ગુહનો રામને માટેનો પ્રેમભાવ પ્રબળ હતો. રામને પણ એને માટે એવો જ અસાધારણ પ્રેમ હતો. રામ જનતાના એના સામાન્ય શ્રેણીના ભક્તપુરુષો પર પ્રેમભાવ રાખતા એ એમની વિશેષતા હતી.

ગુહે રામની સારી રીતે સેવા કરી.

કવિએ રામચરિતમાનસમાં વર્ણવેલો કેવટનો પ્રસંગ અતિશય રોચક છે. કેવટનું હૃદય નિર્દોષ હોવાથી એ રામચરણને ધોવાની ઇચ્છા દર્શાવે છે. એ ચરણના સંજીવન સ્પર્શે શિલાની અહલ્યા થઇ ગયેલી તેમ એની નાવ નારી થઇ જાય એવી આશંકાથી. કેવટ નિર્દોષ હોવાથી જ એવું બોલી શકેલો.

સરિતા પાર કરી, નાવમાંથી ઉતરીને સીતાએ એને રત્નજડિત વીંટી આપવા માંડી. રામે એવી રીતે એને ભાડું લેવા જણાવ્યું.

કેવટે એને લેવાની ના પાડી. રામે એને ભક્તિનું વરદાન આપ્યું.

એ આખોય પ્રસંગ ખૂબ જ સુંદર, રસમય તથા પ્રેરક બન્યો છે. એને માટે કવિને જેટલા પણ અભિનંદન આપીએ એટલાં ઓછા છે.

☼ ☼ ☼ ☼

# ૭. મહર્ષિ વાલ્મીકિનો મેળાપ

વનમાં વિચરતી વખતે રામ, લક્ષ્મણ, સીતાને મહર્ષિ વાલ્મીકિનાં દર્શનનો લાભ મળ્યો. વાલ્મીકિએ એમનો આશ્રમમાં લઇ જઇને સમુચિત સત્કાર કર્યો અને આશીર્વાદ આપ્યા. એને વર્ણવતી વખતે તુલસીદાસજીએ મહર્ષિ વાલ્મીકિને માટે બિપ્રબર શબ્દનો પ્રયોગ કર્યો છે તે ખાસ ધ્યાન ખેંચે છે.

मुनि कहुँ राम दंडवत कीन्हा। आसिरबादु बिप्रबर दीन्हा ॥

મહર્ષિ વાલ્મીકિના પરિચયનો પ્રત્યક્ષ ને સુદ્રઢ પાયો એ સમય દરમિયાન નંખાયો હોય એવું લાગે છે.

મહર્ષિનો એ પરિચય પ્રગાઢ બન્યો અને આગળ પર આશીર્વાદરૂપ ઠર્યો. છેવટનાં વરસોમાં રામના આદેશાનુસાર સીતાને વનમાં તમસા નદીના પવિત્ર તટપ્રદેશ પર છોડી દેવામાં આવી ત્યારે મહર્ષિ વાલ્મીકિ એને એમના સમીપસ્થ શાંત એકાંત આશ્રમે લાવેલા. એમણે એને આશ્રય આપેલો. લવ અને કુશને સ્વચરિત રામાયણના ગાનમાં પારંગત કર્યા પછી એમને અને સીતાને રામસભામાં રામની પાસે લાવનારા પણ એ જ હતા.

એમનુ રચેલું રામાયણ વિદ્વાનો તથા સામાન્ય જનસમાજમાં સુપ્રસિદ્ધ છે.

મહર્ષિ વાલ્મીકિ સાથેનો રામનો વાર્તાલાપ મહર્ષિના ઉદગારોને લીધે ચિરસ્મરણીય બન્યો છે. એ ઉદગારો કવિની અસામાન્ય કવિત્વશક્તિના સૂચક છે. રામ મહર્ષિ વાલ્મીકિને પોતાને રહેવા માટેના કોઇક સુયોગ્ય સાનુકૂળ સ્થળ વિશે પૂછે છે. એ પશ્નને નિમિત્ત બનાવીને મહર્ષિ જણાવે છે કેઃ

"આપના યશરૂપી નિર્મળ માનસરોવરમાં જેમની જીભ હંસિની બનીને આપના ગુણસમુહરૂપી મોતીને ચણે છે તેમના હૃદયમાં વાસ કરો. જેમને કામ, ક્રોધ, મદ કે માન નથી; મોહ-લોભ, ક્ષોભ, રાગદ્વેષ નથી; કપટ-દંભ કે માયા નથી, એમના અંતરમાં વસો."

"જે સૌને પ્રિય ને સૌનું હિત કરનારા છે, સુખદુઃખને તથા સ્તુતિનિંદાને સમાન સમજે છે, વિચાર કરીને સત્ય તથા પ્રિય વચન બોલે છે ને જેને જાગતાંસૂતાં આપનું જ

શરણ હોય છે; જે પરસ્ત્રીને માતા માને છે ને પરધનને વિષ બરાબર સમજે છે; બીજાની સંપત્તિથી હરખાય છે ને વિપત્તિથી દુઃખી થાય છે, તેમના મન તમારાં શુભ ઘર છે."

"જે અવગુણને છોડીને સૌના ગુણને ગ્રહણ કરે છે; આપને જ ભરોસે ચાલે છે, કેવળ આપને જ હૃદયમાં ધારે છે, મન વચન કર્મથી આપના જ દાસ છે, એમના હૃદયમાં વાસ કરો."

એ પછી મહર્ષિએ એમને ચિત્રકૂટના પવિત્ર પ્રદેશમાં રહેવાની સૂચના કરી.

મહર્ષિ વાલ્મીકિના એ ઉદગારોમાં આદર્શ ભક્તનું રેખાચિત્ર સમાયેલું છે. ભગવાન એવા ભક્ત કે સાધક પર પોતાની કૃપાવર્ષા વરસાવે છે અથવા એને પોતાનું દેવદુર્લભ દર્શન આપે છે એવી સ્પષ્ટતા એ પ્રત્યુત્તર દ્વારા સારી પેઠે કરાઇ છે.

☼ ☼ ☼ ☼



## 10. ભરતનો ભ્રાતૃપ્રેમ

ભરતના તેજસ્વી પાત્રનું ચિત્રણ એ રામચરિતમાનસની આગવી વિશીષ્ટતા છે. ભરતનો ભ્રાતૃપ્રેમ - રામને માટેનો પ્રેમ અસાધારણ અથવા અકલ્પનીય છે. એ પ્રેમથી પ્રેરાઇને એણે પોતાની માતા કૈકેયીની માંગણીને મંજૂર ના કરી. એને રાજ્યપ્રાપ્તિ કે રાજ્યસુખની જરા પણ અપેક્ષા ન હતી. એને થયું કે પોતે રામાદિના વનગમન માટે નિમિત્ત બન્યો છે. એણે વનમાં જઇને રામને મળીને રામને પાછા લાવવા માટે સંકલ્પ કર્યો.

ભરતે રામને ચિત્રકૂટના પાવન પ્રદેશમાં મળીને પોતાના મનોભાવોથી માહિતગાર કર્યા. ત્યાં સુધી કૈકેયીનો પશ્ચાતાપ પરાકાષ્ઠા પર પહોંચેલો. રામે એને એમની રીતે આશ્વાસન આપીને એના હૃદયભારને હળવો કર્યો અને ભરતને રાજ્યની સંભાળ રાખવાની સૂચના કરી.

ભરતે રામ પ્રત્યેના પ્રેમ અને પૂજ્યભાવથી પ્રેરાઇને એ સૂચનાનો અમલ કરવાની તૈયારી બતાવી.

રામચરિતમાનસના અયોધ્યાકાંડમાં ભરતના એક જ પ્રકારના મનોભાવોને દર્શાવવા માટે વધારે પડતું વર્ણન કરવામાં આવ્યું હોય તેવું લાગ્યા વિના નથી રહેતું. એ મનોભાવોની અને અન્ય વર્ણનની અતિશયતાને લીધે અયોધ્યાકાંડનો છેવટનો કેટલોય ભાગ કંટાળો ઉપજાવે તેવો, નીરસ અને અનાવશ્યક લાગે છે. એ વર્ણનનો કેટલોક ભાગ ટૂંકાવીને રામ તથા ભરતના ઐતિહાસિક મધુર મિલન તથા મુખ્ય વાર્તાલાપની સીધી વેળાસરની રજૂઆત કરી શકાઇ હોત.

અયોધ્યાકાંડના ઉપસંહાર સમયે કહેવામાં આવ્યું છે કે રામે આપેલી પાદુકાનું રોજ પ્રેમપૂર્વક પૂજન કરી, એમના આદેશાનુસાર ભરત રાજ્યકાર્ય સંભાળતા.

नित पूजत प्रभु पाँवरी प्रीति न हृदयँ समाति ॥
मागि मागि आयसु करत राज काज बहु भाँति ॥

ભરતનું શરીર રોમાંચિત રહેતું; એમના હૃદયમાં સીતારામ હતાં. જીભ રામનામ જપતી અને આંખોમાં પ્રેમપાણી આવતું. રામ, લક્ષ્મણ, સીતા વનમાં વસતા ને ભરત ઘેર

રહીને શરીરને કસતા. એમના વ્રતો તથા નિયમોની વાતો સાંભળીને સંતો તથા સજ્જનો સંકોચાતા. એમની અવસ્થાથી મુનિવરો પણ લજાતા.

કવિએ છેલ્લે છેલ્લે યોગ્ય જ કહ્યું છે કે ભરતનુ પરમ પવિત્ર આચરણ સુમધુર, સુંદર, આનંદદાયક, મંગલ, કલિયુગના કલેશો અને પાપોને હરનાર અને મહામોહરૂપી રજનીનો નાશ કરનાર સૂર્ય સમાન છે.

परम पुनीत भरत आचरनू। मधुर मंजु मुद मंगल करनू ॥
हरन कठिन कलि कलुष कलेसू। महामोह निसि दलन दिनेसू ॥

ભરતના ચરિત્રના ચિંતનમનનથી સીતારામનાં ચરણોમાં પ્રેમ થવાની સાથે સાથે સંસારના રસ પરથી વૈરાગ્ય થશે, એ વાત સાચી છે.

☼ ☼ ☼ ☼



## 11. એક અગત્યની વાત

અયોધ્યાનું વિહંગાવલોકન પૂરું કરતી વખતે એક અગત્યની વાતને વિચારી લઇએ.

રામના રાજ્યાભિષેક જેવા અતિ અગત્યના અવસર પર, રાજ્યાભિષેકનો નિર્ણય અગાઉથી લેવાયેલો હોવાં છતાં પણ ભરતને એના સમાચાર મોકલીને શત્રુઘ્નની સાથે બોલાવવામાં નથી આવતો એ જરા વિચિત્ર લાગે છે. મુનિ વશિષ્ઠ, દશરથ કે રામ પણ એને બોલાવવાની ઇચ્છા નથી પ્રદર્શાવતા. રામના વનગમન પછી સચિવના પાછા ફર્યા બાદ દશરથનું મૃત્યુ થાય છે. તે પછી ભરત દિવસો પછી અયોધ્યામાં આવે છે. એટલે ભરતનો અયોધ્યાપ્રવેશ કોઇ કારણ સિવાય ખૂબ જ મોડો કરાવવામાં આવ્યો છે. એ પ્રવેશ રાજ્યાભિષેકના અમુલખ અવસર પર થયો હોત તો ઠીક થાત.

ચિત્રકૂટ પર ભરત પ્રજાના સર્વ પ્રતિનિધિઓ સાથે મુનિ વશિષ્ઠને અને માતાઓને લઇને રામને પાછા લાવવા પહોંચ્યા તોપણ રામ પાછા ના ફર્યા. કૈકેયીએ પશ્ચાતાપ કર્યો, ભરતે વ્યથા દર્શાવી, પ્રજાજનોને પાછા ફરવા પ્રાર્થના કરી, તો રામે પાછા ફરવું નહોતું જોઇતું ?

એક જ પ્રજાજનના કથનને મહત્વનું માનીને જે રામે પાછળથી સીતાનો ત્યાગ કર્યો તે રામ પ્રજાજનોના સંયુક્ત અવાજને શી રીતે અવગણી શક્યા ? એ પાછા ફર્યા હોત તો લોકલાગણીનો વિજય થાત. એમાં કશું અનુચિત નહોતું છતાં રામ અચળ રહ્યા. એમણે માન્યું કે વચનપાલન ગમે તે પરિસ્થિતિમાં પૂર્ણપણે થવું જ જોઇએ. એમાં કશી બાંધછોડને અવકાશ ના હોય. એ પાછા ફરત તો કેટલાકને એમાં રાજ્યશ્રીને ભોગવવાની ભાવનાનું દર્શન થાત એટલે એમના વચનપાલનની દ્રઢતાને સમજવાની આવશ્યકતા છે. એને સમજવાથી એમને અન્યાય નહીં થાય.

☼ ☼ ☼ ☼

# અરણ્ય કાંડ



# - વિહંગાવલોકન

## 1. જયંતની કથા

અરણ્યકાંડના આરંભમાં સંત શિરોમણિ કવિવર તુલસીદાસે ઇન્દ્રના પુત્ર જયંતની કથાને રજૂ કરી છે.

પ્રકૃતિ તથા પુરૂષની સ્નેહલીલા સર્જનની શરૂઆતથી જ ચાલ્યા કરે છે. રામ તથા સીતાના જીવનમાં પણ તેનું દર્શન થતું. અરણ્યની અનેકવિધ આપત્તિઓ વચ્ચે વસવા છતાં પણ એમના સ્નેહનું શુચિ સ્રોત લેશપણ મંદ પડ્યું કે સુકાયું નહોતું. એની પ્રતિતી સહેલાઇથી થઇ શકે છે. પવિત્ર પ્રભુમય પ્રેમનું કેવું સરસ, સુમધુર, સંક્ષિપ્ત છતાં પણ સચોટ વર્ણન છે?

एक बार चुनि कुसुम सुहाए। निज कर भूषन राम बनाए ॥
सीतहि पहिराए प्रभु सादर। बैठे फटिक सिला पर सुंदर ॥

'એકવાર રામે સુંદર સુમનો એકઠાં કરીને, પોતાના હાથથી આભૂષણો બનાવીને, સુંદર સ્ફટિક શિલા પર બેસીને સીતાને સ્નેહ અને સન્માનથી પહેરાવ્યા.'

વાત આનંદજનક હતી પરંતુ સંજોગોએ જુદું જ સ્વરૂપ ધારણ કર્યું. ઇન્દ્રના પુત્ર જયંતે કાગડાનું રૂપ ધારણ કરીને સીતાના ચરણોમાં ચાંચ મારીને નાસવા માંડ્યું.

રંગમાં ભંગ પડ્યો.

રામે સીતાના ચરણમાંથી વહેતા લોહીને જોઇને, જયંતના કુકર્મનો દંડ દેવા માટે મંત્રથી પ્રેરેલું બ્રહ્મબાણ છોડ્યું.

જયંત એનાથી ભયભીત બનીને નાસી છૂટ્યો. મૂળ રૂપને ધારીને એ ઇન્દ્રની પાસે પહોંચ્યો, પરંતુ રામનો વિરોધ જાણીને ઇન્દ્રે એને આશ્રય આપ્યો નહીં. એને બ્રહ્મલોક કે શિવલોકમાંય શાંતિ ના મળી.

દેવર્ષિ નારદના કથનાનુસાર એણે છેવટે રામના શરણમાં જઇને રક્ષા માટે પ્રાર્થના કરી.

રામે એને એક નેત્રવાળો કરીને છોડી દીધો.

કવિ લખે છે કે રામ જેવા કૃપાળુ કોણ ?

**को कृपाल रघुबीर सम**

કોઇને પ્રશ્ન થવાનો સંભવ છે કે જયંતને અપરાધી ગણીને રામે કાણો કર્યો એમાં રામની કૃપા ક્યાં રહી ? રામે એને ક્ષમાપ્રદાન કરીને હાનિ પહોંચાડ્યા સિવાય જવા દેવો જોઇતો હતો. રામચરિતમાનસમાં લખ્યું છે કે **एकनयन करि तजा भवानी।**

'એકનયન' નો અર્થ વિકાર કે વાસના વગરનાં, નિર્મળ, એકમાત્ર પ્રભુને - રામને નિહાળનારાં દિવ્ય નયન એવો કરીએ અથવા એકનયન એટલે પ્રામાણિક પવિત્ર નયન એવો કરીએ તો તેમાં કૃપાળુ રામની કૃપા દેખાય છે. જીવને જ્યોતિર્મય નવજીવન મળે તે જ શિવની સાચી કૃપા છે. એનાથી અધિક ઉત્તમ, કલ્યાણકારિણી રક્ષા બીજી કોઇ જ નથી.

☼ ☼ ☼ ☼



## 2. અનસૂયાનો ઉપદેશ

પ્રત્યેક પરિસ્થિતિને પરમાત્માની પ્રસાદી સમજીને પ્રત્યેક પરિસ્થિતિમાં શાંત ને પ્રસન્ન રહેવાની સાધના રામ જેવા કોઇક વિરલ પુરૂષવિશેષ જ કરી શકે. એવા પુરૂષો પ્રત્યેક પરિસ્થિતિમાંથી કોઇ ને કોઇ જીવનોપયોગી પદાર્થપાઠ પામી શકે. રામે કૈકૈયીને કહેલું કે તમે વનવાસનું વરદાન માગીને મારું કલ્યાણ જ કર્યું છે. વનમાં મને ઋષિવરોનાં દર્શનનો દેવદુર્લભ લાભ મળશે. કેવો અદભૂત અભિગમ ! એનું પરિણામ એમનાં વનવાસ દરમ્યાન દેખાયું. મહર્ષિ અત્રિ, અનસૂયા, શરભંગ, સુતીક્ષ્ણ, અગસ્ત્ય મુનિસરખા પરમ પ્રતાપી, પરમાત્મા પરાયણ સંતપુરૂષોનો એમને સુખદ સમાગમ થયો.

મહર્ષિ અત્રિનું દર્શન અતિશય આનંદદાયક ઠર્યું. એમનાં તપસ્વિની સહધર્મિણી સતી અનસૂયાએ સીતાને જે સદ્ઉપદેશ આપ્યો એ સવિશેષ ઉલ્લેખનીય છે. એ સદ્ઉપદેશ દ્વારા અનસૂયાએ સ્ત્રીના ધર્મોનું વર્ણન કરી બતાવ્યું.

'હે રાજકુમારી, પિતામાતા તથા ભાઇ સર્વે હિત કરનારાં છે પણ માપેલું ફળ દેનારા છે. પતિ અમાપ ફળ આપે છે. એવા પતિની સેવા ના કરનારી સ્ત્રી અધમ છે. ધીરજ, ધર્મ, મિત્ર તથા સ્ત્રી ચારેની પરિક્ષા વિપત્તિ વખતે થાય છે.

વૃદ્ધ, રોગી, મૂર્ખ, નિર્ધન, અંધ, બધિર, ક્રોધી, અતિશય દીન પતિનું પણ અપમાન કરવાથી સ્ત્રી યમપુરમાં જઇને પાર વિનાના દુઃખને પામે છે. સ્ત્રીને માટે એક જ ધર્મ, વ્રત, નિયમ છેઃ તન મન વચનથી પતિનાં ચરણોમાં પ્રેમ કરવાનો.

જે સ્ત્રી છળને છોડીને પતિવ્રતધર્મ પાળે છે તે વિના પરિશ્રમે જ પરમગતિને પામે છે.

જન્મથી જ અપવિત્ર સ્ત્રી પતિની સેવાથી સહેલાઇથી શુભ ગતિને મેળવી લે છે.'

અનસૂયાનો એ ઉપદેશ આજના સમયમાં કેટલાકને એકાંગી લાગશે. એમાં સ્ત્રીના ધર્મને વિચારીને સ્ત્રીએ પતિસેવા કરવી અને પવિત્ર, પતિપરાયણ, આદર્શ જીવન જીવવું એવો સંદેશ અપાયો છે. પરંતુ સ્ત્રી પ્રત્યેના પુરૂષના કર્તવ્ય કે ધર્મ વિશે એક અક્ષર પણ ઉચ્ચારવામાં આવ્યો નથી. જેમ સ્ત્રીનું પુરુષ પ્રત્યે તેમ જ પુરૂષનું સ્ત્રી પ્રત્યે કર્તવ્ય હોય છે. એનો અંગૂલિનિર્દેશ સમુચિત લેખાત. પરંતુ એનો અંગૂલિનિર્દેશ નથી થયો. અત્રિ મુનિ

દ્વારા રામને પુરૂષના સ્ત્રી પ્રત્યેના ધર્મકર્મનો ઉપદેશ અપાયો હોત તો એ ઉપદેશ અવસરને અનુરૂપ જ લાગત.

સ્ત્રી જન્મથી જ અપવિત્ર છે - सहज अपावनि नारि - એ વિધાન સ્ત્રીઓને આદર્શ ના લાગે તો નવાઇ પામવા જેવું નથી.

☼ ☼ ☼ ☼

## ૩. શૂર્પણખાનો પ્રસંગ

શૂર્પણખાનો પ્રસંગ નવેસરથી, તટસ્થ રીતે, શાંતિથી, વિવેકપૂર્વક વિચારવા જેવો છે.

રાવણની બેન શૂર્પણખા, રામલક્ષ્મણને પંચવટીમાં દેખીને, આકર્ષાઇને વ્યાકુળ બની. કવિ કહે છે કે ભાઇ, પિતા, પુત્ર, ગમે તે મનોહર પુરૂષને પેખીને સ્ત્રી કામથી વ્યાકુળ બનીને મનને રોકી શકતી નથી.

भ्राता पिता पुत्र उरगारी। पुरुष मनोहर निरखत नारी ॥
होइ बिकल सक मनहि न रोकी। जिमि रबिमनि द्रव रबिहि बिलोकी ॥

એ વિધાન સ્ત્રીઓને પોતાને અન્યાય કરનારું અને એકપક્ષીય લાગશે. સમાજમાં સઘળાં પુરૂષો ડાહીમાના દીકરા હોય અને સ્ત્રીઓ જ દોષિત હોય એવી અસર ઉપજાવનારા એ ઉદગારો ઉત્તમ નથી. કવિને રત્નાવલિનો અનુભવ યાદ રહ્યો હોય એવું લાગતું નથી.

શૂર્પણખા સુંદર સ્વરૂપને ધારીને રામ પાસે પહોંચીને બોસી કે તમારા સમાન પુરૂષ તથા મારા સમાન સ્ત્રી નથી. વિધાતાએ આ સંયોગ ખૂબ જ વિચારપૂર્વક કર્યો છે. મેં ત્રણે લોકને જોયા. મારે યોગ્ય પુરૂષ જગતમાં ન મળવાથી હું કુંવારી રહી છું. તમને જોઇને મારું મન માની ગયું છે.

રામે કહ્યું કે મારો નાનો ભાઇ કુંવારો છે.

લક્ષ્મણે જણાવ્યું કે હું તો પરાધીન છું, રામનો દાસ છું.

શૂર્પણખા પછી રામ પાસે પહોંચી. રામે એને પુનઃ લક્ષ્મણ પાસે મોકલી. લક્ષ્મણે કહ્યું કે જે નિર્લજ્જ હશે તે જ તને પરણશે.

શૂર્પણખા ભયંકર રૂપ ધારીને રામ તરફ આગળ વધી ત્યારે લક્ષ્મણે ક્રોધે ભરાઇને એનાં નાક કાન કાપી લીધાં.

એ આખોય પ્રસંગ રામલક્ષ્મણ જેવા નીતિમાન આદર્શ પુરૂષોને માટે શોભાસ્પદ નથી લાગતો. એમનો શૂર્પણખા સાથેનો વ્યવહાર અભિનંદનીય નથી. રામે મારો ભાઇ

કુંવારો છે એવું ખોટું કહીને શૂર્પણખાની વારંવાર મશ્કરી કરી અને લક્ષ્મણે તેમાં સાથ આપ્યો એ એમના વ્યક્તિત્વને હલકું કરી બતાવે છે. કથાની દ્રષ્ટિએ એવો વ્યવહાર રસપ્રદ હોય તે ભલે, પરંતુ આદર્શ વ્યક્તિત્વની દ્રષ્ટિએ શોભાસ્પદ કે સ્તુત્ય નથી જણાતો. કવિએ એના આલેખન દ્વારા રામ લક્ષ્મણને ખૂબ જ છીછરા બનાવી દીધા છે.

☼ ☼ ☼ ☼

## 4. સીતાની છાયામૂર્તિ

રામભક્ત તુલસીદાસ રામને ભગવાન તથા સીતાને જગદંબા માને છે. રાવણ સીતાનું હરણ કરે અને એના સ્થૂળ શરીરને સ્પર્શે એવી કલ્પના પણ એ નથી કરી શકતા. એટલે એમણે એક પ્રસંગ આલેખ્યો છે. એ પ્રસંગ આ પ્રમાણે છેઃ

'લક્ષ્મણ જ્યારે વનમાં કંદમૂળ તથા ફળ લેવા ગયા ત્યારે કૃપા તથા સુખના ભંડાર રામે સીતાને કહ્યું કે હું હવે કાંઇક મનોહર મનુષ્યલીલા કરું છું. માટે જ્યાં સુધી હું રાક્ષસોનો નાશ ન કરું ત્યાં સુધી તમે અગ્નિમાં વાસ કરો.'

तुम्ह पावक महुँ करहु निवासा। जौ लगि करौं निसाचर नासा ॥

'રામે બધું સમજાવી કહ્યું ત્યારે સીતા પ્રભુનાં ચરણોને હૃદયમાં ધરીને અગ્નિમાં સમાઇ ગઇ. સીતાએ ત્યાં પોતાની છાયામૂર્તિ રાખી. તે તેના જેવી જ રૂપ, ગુણ, શીલ, સ્વભાવ અને ઉત્તમ વિનયવાળી હતી. ભગવાનના એ ચરિત્રનુ રહસ્ય લક્ષ્મણે ના જાણ્યું.'

એ પ્રસંગ એકંદરે ચમત્કૃતિજનક હોવા છતાં પ્રેરક અને કલ્યાણકારક નથી. એના દ્વારા રામાન્ય માનવને પ્રેરણા નથી મળતી. સીતા સાચી સીતા ના હોય અને એનું હરણ થાય તો શો બોધપાઠ મળે? એના સંયમની, શીલની, એની નીડરતાની, પવિત્રતાની, અગ્નિપરિક્ષાની, સતીત્વની કથા કાલ્પનિક જ ઠરે. એ સાચી સીતાની, એક સન્નારીની કથા ના રહે. સીતા છાયામૂર્તિ રૂપે નહોતી પરંતુ સાચા સ્વરૂપે રહીને સઘળું સહી શકી અને શીલને સાચવી શકી, એ હકીકત સામાન્ય રીતે વધારે લાભકારક અને પ્રેરક બની શકે.

એમ તો રામને પણ કષ્ટો ક્યાં નથી પડ્યાં ? પ્રત્યેક શરીરધારીને અનૂકુળ પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. અવતારી દૈવી આત્માઓ પરિસ્થિતિથી પ્રભાવિત નથી થતા એવો સંદેશ રામસીતાને સાચા માનવ તરીકે માનવાથી જ સાંપડી શકશે.

☼ ☼ ☼ ☼

## 5. રામનો વિલાપ

શૂર્પણખાની પાસેથી સઘળી વાતને સાંભળીને રાવણે સીતાહરણની યોજના કરી. એણે મારીચની પાસે પહોંચીને એને સુવર્ણમૃગ બનવાની આજ્ઞા આપી. મારીચે પહેલાં તો એને નીતિની વાતો કરીને સારી પેઠે સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ રાવણે તલવાર તાણી ત્યારે ભયભીત અને વિવશ બનીને એના સહભાગી થવાનું કબૂલ્યું. મારીચનું મનોબળ મજબૂત હોત ને એ સિદ્ધાંતપ્રેમી કે આદર્શનિષ્ઠ હોત તો તલવારથી ડરીને રાવણને સાથ આપવા તૈયાર ના થાત.

રાવણની પૂર્વયોજનાનુસાર સીતાનું હરણ થયું એમાં સીતાનો ફાળો પણ નાનોસરખો નથી દેખાતો. સીતાએ સુવર્ણમૃગથી સંમોહિત બનીને રામ પાસે એની માગણી કરી અને એ માંગણીને ચાલુ રાખી. લક્ષ્મણે સાવધાનીસૂચક વિરોધી વિચાર રજૂ કર્યો તોપણ રામ મૃગની પાછળ દોડી ગયા. માયાના મિથ્યા સુવર્ણમૃગોથી સંમોહિત બનીને એમને હસ્તગત કરવા માગનારો માનવ છેવટે દુઃખી થાય છે. એની શાંતિરૂપી સીતા હરાઇ જાય છે. સીતાહરણનો પ્રસંગ એવો આધ્યાત્મિક બોધપાઠ પૂરો પાડે છે.

પંચવટીના ગોદાવરી તટવર્તી એકાંત આવાસમાં સીતાને ના નિહાળવાથી રામ દેખીતી રીતે જ અતિશય દુઃખી બનીને વિરહવ્યથિત હૃદયે વિલાપ કરવા લાગ્યા. કવિએ એ વિલાપમાં રામના સીતા પ્રત્યેના પ્રેમભાવની સફળ, સુંદર, સંપૂર્ણ અભિવ્યક્તિ કરી છે. એ અભિવ્યક્તિ આનંદદાયક છે.

કોઇને એવી આશંકા થવાનો સંભવ છે કે રામે ઇશ્વરાવતાર હોવા છતાં સીતાના વિયોગથી વ્યથિત બનીને ક્રંદન કેમ કર્યું ? આપણે કહીશું કે રામ બીજું કરે પણ શું ? એમને માટેનો એક વિકલ્પ પંચવટીને સૂની જોઇને ઉલ્લાસ વ્યક્ત કરવાનો હતો. હે સીતા, તું ગઇ તે સારું થયું. તારું હરણ આનંદદાયક છે. તારા સિવાય આ સ્થળ સરસ લાગે છે ને શાંતિ આપે છે. - આવી અભિવ્યક્તિ શું સારી ગણાત ? રામ જડની જેમ સંવેદનરહિત બનીને કંઇ બોલત નહીં તોપણ એમ કહેવાત કે એમને કશી લાગણી નથી. સીતાનું હરણ થયું છે તોપણ એમનું રુંવાડુંયે નથી હાલતું. કાળજું ક્રંદન નથી કરતું. એમણે વિરહની

વ્યક્ત કરી એ અપરાધ નહોતો. માનવોચિત વ્યવહાર હતો. એમને માટે એ શોભાસ્પદ હતો. વિરહથી વ્યથિત થવા છતાં એ વનમાં વિહર્યા, એમણે સીતાની શોધ કરી અને બીજી સ્ત્રીને વરવાનો વિચાર પણ ના કર્યો; નીતિની મંગલમય મર્યાદિત માર્ગથી એ ચલિત ના થયા તથા ભાન ના ભૂલ્યા એ એમની મહાનતા. વિશેષતા. એવી અસાધારણતા સૌ કોઇમાં ના હોય.

☼ ☼ ☼ ☼

## 6. શબરીનું વ્યક્તિત્વ

અરણ્યકાંડમાં શબરીનો સમાગમ પ્રસંગ વર્ણવેલો છે. કથાકારો શબરીના વ્યક્તિત્વને કલ્પનાના આધાર પર કોઇપણ પ્રકારના શાસ્ત્રાધાર સિવાય કોઇવાર જનરંજન માટે રજૂ કરતા હોય છે. વાલ્મિકી રામાયણમાં શબરીનું પાત્ર અતિશય ધીર, ગંભીર, ગૌરવશાળી છે. રામચરિતમાનસમાં એનું વ્યક્તિત્વ ભક્તિભાવપ્રધાન બને છે. છતાં પણ એ વ્યક્તિત્વ છે તો પ્રશસ્ય અને ગૌરવશાળી.

રામ લક્ષ્મણ સાથે શબરીના આશ્રમમાં પહોંચ્યા ત્યારે શબરીએ એમનું સાદર સ્વાગત કર્યું. પ્રભુનાં પવિત્ર પદપ્રક્ષાલન પછી એમની સ્તુતિ કરીને એમને ફળફૂલ ધર્યાં. રામે એ ફળને વખાણ્યાં. કેટલાંક કવિએ કે કથાકારો એણે રામને એંઠા બોર આપ્યા એવું જણાવે છે, એની પાછળ કશી વાસ્તવિકતા નથી. રામચરિતમાનસમાં એવું વર્ણન ક્યાંય નથી. વાલ્મીકિ રામાયણમાં પણ નથી.

શબરીએ કહ્યું

अधम ते अधम अधम अति नारी।
तिन्ह महँ मैं मतिमंद अघारी ॥

શબરીના એ કથનમાં કેટલીક વ્યક્તિઓને દોષ દેખાય છે. એ કહે છે કે રામાયણમાં સ્ત્રીઓને અધમ કહી છે. પરંતુ ઉપર્યુક્ત શબ્દો શબરીના નમ્રતાના સૂચક હોઇ શકે. અધમાધમ સ્ત્રીઓમાં પણ હું અધમ, મંદબુદ્ધિ એવું એ કહી બતાવે છે.

શબરી પરમસિદ્ધ તપસ્વિની અને દિવ્યદ્રષ્ટિથી સંપન્ન સન્નારી હોવાથી બોલી કે રામ, તમે પંપાસરોવર જાવ. ત્યાં સુગ્રીવ સાથે તમારી મૈત્રી થશે. તે બધું કહેશે.

શબરીએ રામદર્શનથી કૃતકૃત્ય બનીને યોગાગ્નિથી શરીરત્યાગ કર્યો.

કવિએ એવી રીતે શબરીનો અને એની દ્વારા ઉત્તમ સુસંસ્કારી સ્ત્રીનો મહિમા ગાયો છે.

રામે શબરીની સમક્ષ કરેલું નવધા ભક્તિનું વર્ણન ખરેખર રસમય છે.

## 7. સ્ત્રી વિષયક ઉદગાર

શબરીના આશ્રમને છોડીને રામ અને લક્ષ્મણ અરણ્યમાં આગળ વધ્યા ત્યારે રામે કરેલું વનની શોભાનું વર્ણન ખૂબ જ રસપ્રદ છે. એ વર્ણન એમની વિરહાવસ્થાને અનૂકુળ લાગે છે.

એ વખતે દેવર્ષિ નારદ સાથે એમનો જે વાર્તાલાપ થાય છે તે વાર્તાલાપના નિમ્નલિખિત ઉદગારો ખાસ જાણવા જેવા છેઃ ' હે મુનિ ! જે સઘળો ભરોસો છોડીને કેવળ મને જ ભજે છે તેની, માતા બાળકની રક્ષા કરે તેમ હું સદા રક્ષા કરું છું. નાનું બાળક અગ્નિ અથવા સાપને પકડવા દોડે છે ત્યારે માતા તેને એનાથી દૂર રાખીને ઉગારે છે.'

'કામક્રોધમદ તથા લોભ વગેરે મોહની પ્રબળ સેના છે. એમાં માયમયી સ્ત્રી અતિ દારુણ દુઃખ દેનારી છે.'

काम क्रोध लोभादि मद प्रबल मोह कै धारि।
तिन्ह महँ अति दारुन दुखद मायारूपी नारि ॥

'પુરાણ , વેદ અને સંતો કહે છે કે સ્ત્રી મોહરૂપી વનને વિકસિત કરનારી વસંતઋતુ સમાન છે. સ્ત્રી જપ, તપ, નિયમરૂપી સઘળાં જલાશયોને ગ્રીષ્મઋતુની પેઠે સંપૂર્ણપણે શોષી લે છે.

કામક્રોધમદમત્સર દેડકાં છે. સ્ત્રી તેમને વર્ષાઋતુ બનીને હર્ષ આપે છે. અશુભ વાસના કુમુદસમૂહને સ્ત્રી શરદઋતુની જેમ સુખ આપે છે.

સર્વ ધર્મો કમળસમૂહો છે. મંદ વિષયસુખ આપનારી સ્ત્રી હેમંત બનીને તેમને બાળી નાખે છે. મમતારૂપી જવાસાનો સમૂહ સ્ત્રીરૂપી શિશિરઋતુથી પ્રફુલ્લ બને છે. સ્ત્રી પાપરૂપી ઘુવડને સુખ દેનારી ઘોર અંધારરાત છે. સ્ત્રી બળ બુદ્ધિ સત્ય શીલરૂપી માછલીઓને ફસાવનાર બંસી છે. પ્રમદા અવગુણનું મુળ, ક્લેશકારક, સર્વ દુઃખોની ખાણ છે. માટે હે મુનિ, મેં તમને હૃદયમાં એવું જાણીને વિવાહથી દૂર રાખેલા.'

अवगुन मूल सूलप्रद प्रमदा सब दुख खानि।

तातें कीन्ह निवारन मुनि मैं यह जियँ जानि ॥

સન્નારી સ્ત્રીઓને એ ઉદગારો ભાગ્યે જ ગમશે. એકતરફી, અરુચિકર, અસ્થાને અને અપમાનજનક લાગશે. પુરૂષોને માટે એવા ઉદગારો ક્યાંય ના હોવાથી, એ ઉદગારો પુરૂષોનો પરોક્ષ પક્ષ લેનારા અને પૂર્વગ્રહપ્રેરિત જણાશે.

સાચી વાત તો એ છે કે સ્ત્રી કે પુરૂષ કોઇને પણ દોષિત અથવા અધમ માનવાને-મનાવવાને બદલે બંનેના સર્વસામાન્ય આંશિક શત્રુ કામથી જ પર થવાની વાત પર ભાર મૂકવાની આવશ્યકતા છે. હતી. કવિ એવી રજૂઆત દ્વારા કવિતાને વધારે સારી, આહ્લાદક, કોઇ વિશેષ જાતિ પ્રત્યેની ફરિયાદ, દોષવૃતિ કે કટુતાથી રહિત કરી શક્યા હોત. કવિનો હેતુ સારો હોવા છતાં ભાષાપ્રયોગ સારો છે એવું ઘણાંને નહીં લાગે. ખાસ કરીને સ્ત્રીઓને અને એમની વિશિષ્ટતા, મહાનતા તથા ઉપકારકતા સમજનારા ગુણજ્ઞ જનોને.

☼ ☼ ☼ ☼

# કિષ્કિન્ધા કાંડ



# - વિહંગાવલોકન

## 1. રામ તથા હનુમાન

રામ હનુમાનના પરમ આરાધ્ય કે ઉપાસ્ય દેવ.

હનુમાન એમના અનાદિકાળના એકનિષ્ઠ અનન્ય આરાધક અથવા ભક્ત.

એમના જીવનકાર્યમાં મદદરૂપ થવા માટે આવેલા. એમના એક અવિભાજ્ય અંગ જેવા.

એમના વિના રામજીવનની કલ્પના થઇ જ ના શકે.

મહાપુરૂષો પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામે છે ત્યારે એમને મદદરૂપ થવા માટે એમની આગળપાછળ એમના પ્રાણવાન પાર્ષદો પણ પધારતા હોય છે. હનુમાન રામના પવિત્ર પાર્ષદ હતા. એ એમને સુયોગ્ય સમય પર મળી ગયા.

રામ લક્ષ્મણ સાથે ઋષ્યમૂક પર્વત પાસે પહોંચ્યા ત્યારે એમને દૂરથી દેખીને સુગ્રીવે હનુમાનને એમની માહિતી મેળવવા મોકલ્યા. એવી રીતે વિપ્રરૂપવાળા હનુમાનને એમના સમાગમનું સુરદુર્લભ સૌભાગ્ય સાંપડ્યું.

હનુમાનની જિજ્ઞાસાના જવાબમાં રામે પોતાનો પરિચય આપ્યો એટલે હનુમાને એમને ઓળખીને પ્રણિપાત કરીને કહ્યું કે મેં મારી અલ્પબુદ્ધિને અનુસરીને આપને પૂછ્યું પરંતુ આપ મને કેમ ભૂલી ગયા ? આપની માયાથી મોહિત જીવ આપના અનુગ્રહ સિવાય તરી શકતો નથી.

मोर न्याउ मैं पूछा साईं। तुम्ह पूछहु कस नर की नाईं ॥

રામચરિતમાનસમાં સાંઇ તથા ગોસાંઇ શબ્દપ્રયોગ કેટલીયવાર કરવામાં આવ્યા છે - ભગવાનના ભાવાર્થમાં.

સામાન્ય રીતે ભક્ત ભગવાનને મળવા આતુર હોય છે ને સાધના કરે છે, ભગવાન પાસે પહોંચે છે. પરંતુ અહીં ભગવાન સ્વયં સામે ચાલીને ભક્તને આવી મળે છે. ભક્ત એથી પોતાને પરમ સૌભાગ્યશાળી સમજે છે. સાચો ભક્ત પરમ યોગ્યતાથી સુસંપન્ન હોવા છતાં નમ્રાતિનમ્ર હોય છે એ હકિકત હનુમાન પોતાને 'મંદ મોહવશ, કુટિલ હૃદય અજ્ઞાની કહે છે તેના પરથી સમજી શકાય છે.

હનુમાન એમને બંનેને પોતાની પીઠ પર બેસાડીને પર્વત પર બિરાજેલા સુગ્રીવ પાસે લઇ જાય છે એ વર્ણન પરથી એમનું શરીરબળ કેટલું બધું અસાધારણ હશે એનું અનુમાન કરી શકાય છે.

સુગ્રીવ અને રામની મિત્રતા એમને લીધે જ થઇ શકી. સુગ્રીવે એમને લીધે જ રામને અગ્નિસાક્ષીમાં પોતાના મિત્ર માનીને સીતાની શોધ માટે સર્વકાંઇ કરી છૂટવાનો સંકલ્પ કર્યો. હનુમાનનું એ અસાધારણ કાર્ય કેવી રીતે ભૂલાય ?

☼ ☼ ☼ ☼

## 2.વાલિનો નાશ

રામ જેવી રીતે પોતાના સન્મિત્ર સુગ્રીવનો પક્ષ લઇને વાલિનો નાશ કર્યો તેવી રીતે બીજા કોઇનો નાશ કર્યો નથી. રામકથાના રસિકો કહે છે કે રામ જેવા પરમપ્રતાપી પુરૂષ માટે કોઇ જ નૈતિક નિયમો નથી, દોષ નથી. समरथको नहीं दोष गोसांइ એ જે ચાહે તે કરે. એને કોઇ પ્રકારનું બંધન નથી. ના હોય. એ જે વખતે જે યોગ્ય લાગે તે કરતો હોય છે.

જો કે રામને માટે એ કથન સંપૂર્ણપણે લાગુ ન પાડી શકાય. રામ મર્યાદા પુરુષોત્તમ કહેવાતા. ધર્મ અને નીતિની પરંપરાગત પ્રસ્થાપિત મર્યાદામાં રહીને જીવન ચલાવતા. એટલે ફાવે તેવું ના કરી શકે. વગરવિચાર્યે જડની પેઠે પગલાં ના ભરે. એમનાં પગલાં પ્રથમથી માંડીને છેવટ સુધી ગણતરીપૂર્વકનાં જ હોય.

રામે વાલિને વૃક્ષની ઓથે રહીને મારવાને બદલે યુદ્ધવિદ્યાના એ વખતના નિયમ પ્રમાણે યુદ્ધ દરમિયાન સામે રહીને, એને શક્તિ અનુસાર સામનો કરવાનો અવસર આપીને માર્યો હોત તો એ કાર્ય ઉત્તમ લેખાત. પરંતુ રામે એનો પીઠ પાછળ ઘા કરીને નાશ કરવાનું સમુચિત ધાર્યું. એમનું એ કાર્ય એ મર્યાદા પુરુષોત્તમ હોવાથી સદાને માટે ને કેટલાંક લોકોમાં ટીકાપાત્ર બન્યું.

વાલિએ પોતે પોતાના પ્રતિભાવને પ્રગટ કરતાં કહ્યું કે

धर्म हेतु अवतरेहु गोसाई। मारेहु मोहि ब्याध की नाई ॥
मैं बैरी सुग्रीव पिआरा। अवगुन कबन नाथ मोहि मारा ॥

'તમે ધર્મની રક્ષા માટે અવતર્યા છો તોપણ મને શિકારીની પેઠે છુપાઇને માર્યો. મને વેરી અને સુગ્રીવને મિત્ર માન્યો. મને ક્યા દુર્ગુણને લીધે માર્યો ?'

રામે જણાવ્યું કે, 'હે શઠ! નાના ભાઇની સ્ત્રી, પુત્રની સ્ત્રી, બેન તથા કન્યા ચારે સમાન છે. એમને કુદ્રષ્ટિથી જોનારાને મારવામાં પાપ નથી. મૂઢ, તેં અતિશય અભિમાનને

લીધે તારી સ્ત્રીની શિખામણ સામે ધ્યાન આપ્યું નહીં સુગ્રીવને મારા બાહુબળનો આશ્રિત જાણીને પણ હે અધમ, અભિમાની તું એને મારવાને માટે તૈયાર થયો.'

એ શબ્દો દ્વારા રામે વાલિનો અપરાધ કહી બતાવ્યો પરંતુ 'મને શિકારીની પેઠે માર્યો' એવી વાલિની વાતનો સંતોષકારક ખુલાસો ના કર્યો. પોતાના પ્રત્યુત્તરમાં રામ આ મુદ્દાને સ્પર્શ્યા જ નહીં. એ કહી શક્યા હોત કે તારા જેવા નરાધમને વ્યાધની પેઠે મારવા-મરાવવામાં પણ દોષ નથી. પરંતુ એમની આદર્શ ધર્મમર્યાદાનું શું ? એમણે કહી હોત તે જ ધર્મમર્યાદા અથવા એનો સમયોચિત અવસરાનુરૂપ વ્યક્તિગત અપવાદ?

એના જ અનુસંધાનમાં એક બીજી વાત કહો કે વિસ્મૃત વાત. રામે સુગ્રીવ સાથે મૈત્રી સ્થાપીને એને સર્વ પ્રકારે સહાયતા પહોંચાડવાની પ્રતિજ્ઞા કરી. સુગ્રીવની કથા સાંભળી. એને સમય પર વાલિ સાથે લડવા મોકલ્યો. એ બધું બરાબર, કિન્તુ એમણે વાલિની વાતને સાંભળી જ નથી. આદર્શ પુરૂષ કે મિત્ર તરીકે મિત્રની વાત કે લાગણીથી દોરવાઇ જવાને બદલે, વાલિની વાતને સાંભળવાનું એમનું કે કોઇનું પણ કર્તવ્ય લેખાય. એમણે વાલિનો સંપર્ક સાધીને, એની સાથે વાતચીત ગોઠવીને એને સમજાવવાનો પ્રયત્ન કરીને, દુર્ગુણમુક્ત કરીને, બંને બંધુઓ વચ્ચે પારસ્પરિક પ્રતિ કે સદભાવના સ્થાપવાની કોશિશ કરી હોત તો એવી કોશિશ આવકારદાયક અને સ્તુત્ય ગણાત. એવી કોશિશ નિષ્ફળ જતાં છેવટે યુદ્ધનો માર્ગ રહેત. સુગ્રીવને એને માટે ભલામણ કરાત. સુધરવાનો જેવો અવસર એમણે પાછળથી રાવણને આપ્યો એવો અવસર વાલિને આપ્યો જ નથી. પોતાના તરફથી એવો કશો પ્રયત્ન નથી કર્યો. એને સુધારવાની વાત જ વિસરાઇ ગઇ છે.

એમ તો રાજ્યને પામ્યા પછી સુગ્રીવ પણ રામને ભૂલી, પ્રતિજ્ઞાને વિસરીને ભોગવિલાસમાં ડૂબી ગયેલો. તોપણ એમણે એને સુધરવાનો કે જાગ્રત બનવાનો અવસર આપ્યો. વાલિ એવો અવસરથી વંચિત રહ્યો. નહિ તો બંને બંધુઓ કદાચ મિત્રો બનીને રામના પડખે ઉભા રહ્યા હોત.

એ દ્રશ્ય કાંઇ અનોખુ જ હોત.

રામકથાનો પ્રવાહ વધારે વિમળ અને વિશાળ બન્યો હોત.

☼ ☼ ☼ ☼

## ૩. વર્ષા તથા શરદ ઋતુનું વર્ણન

કવિએ કરેલું વર્ષાઋતુનું અને શરદનું વર્ણન અનુપમ, અવનવું અને આહ્લાદક છે. એમણે વર્ણનની સાથે રજૂ કરેલી આધ્યાત્મિક સરખામણી મૌલિક છે. રામના મુખમાં મુકાયેલા ઉદગારો કાવ્યકળાના સર્વોત્તમ પરિચાયક અને સુંદર છે.

लछिमन देखु मोर गन नाचत बारिद पैखि।
गृही बिरति रत हरष जस बिष्नु भगत कहुँ देखि ॥

'લક્ષ્મણ જો, કોઇક વૈરાગ્યવાન ગૃહસ્થ જેમ વિષ્ણુભક્તને જોઇને હરખાય તેમ મોરસમૂહ વાદળને વિલોકીને નાચી રહ્યો છે.'

घन घमंड नभ गरजत घोरा। प्रिया हीन डरपत मन मोरा ॥
दामिनि दमक रह न घन माहीं। खल कै प्रीति जथा थिर नाहीं॥

"આકાશમાં વાદળાં ઘેરાઇને ઘોર ગર્જના કરી રહ્યાં છે. પ્રિયા વિના મારું મન ડરી રહ્યું છે. દુષ્ટની પ્રીતિ જેમ સ્થિર હોતી નથી તેમ ચપલાના ચમકાર વાદળમાં સ્થિર રહેતા નથી."

"વિદ્વાન વિદ્યાને મેળવીને નમ્ર બને છે. તેમ વાદળાં પૃથ્વી પાસે આવીને વરસી રહ્યાં છે. દુષ્ટોનાં વચનોને સંત સહન કરે છે તેવી રીતે વરસાદની ધારાઓનો માર પર્વત સહી રહ્યો છે. પાખંડ મતના પ્રસારથી સદગ્રંથ ગુપ્ત થાય છે તેમ પૃથ્વી ઘાસથી છવાઇને લીલી બનેલી હોવાથી પંથની સમજ પડતી નથી. રાતના ગાઢ અંધકારમાં દંભીનો સમાજ મળ્યો હોય તેમ આગિયાઓ શોભે છે."

"જ્ઞાની જેમ મમતાનો ત્યાગ કરે છે તેમ નદી તથા તળાવનાં પાણી ધીમેધીમે શરદઋતુમાં સુકાઇ રહ્યા છે. ઉત્તમ અવસર આવ્યે સત્કર્મો ભેગા થાય છે તેમ શરદઋતુના શુભાગમનથી ખંજનપક્ષીઓ એકઠાં થયા છે."

સઘળી આશાઓથી મુક્ત ભગવાનનો ભક્ત શોભે છે તેમ વાદળો વગરનું નિર્મળ આકાશ સોહે છે. મારી ભક્તિને વિરલ પુરૂષવિશેષ જ પામી શકે છે તેમ કોઇકોઇ સ્થાનમાં જ વરસાદ વરસે છે. અજ્ઞાની સંસારી માનવ ધન વિના બેચેન બને છે તેમ જળ ઓછું થતાં માછલાં વ્યાકુળ થયાં છે. શ્રી હરિના શરણમાં જવાથી એકે આપત્તિ નથી રહેતી તેમ ઉંડા પાણીમાં રહેનારાં માછલાં સુખી છે. નિર્ગુણ બ્રહ્મ સગુણ બનીને શોભે છે. તેમ તળાવો કમળ ખીલતાં શોભે છે. સદગુરુ સાંપડતાં સંદેહ તથા બ્રહ્મના સમૂહો નથી રહેતા તેમ શરદઋતુ આવતાં પૃથ્વી પરના જીવો નાશ પામ્યાં છે."

☼ ☼ ☼ ☼

# 4. સંપાતિની દૈવી દ્રષ્ટિ

અરણ્યકાંડમાં સંપાતિનું પાત્ર સવિશેષ ઉલ્લેખનીય છે. સંપાતિ દૈવી દ્રષ્ટિથી સંપન્ન હતો.

સાગરના પ્રશાંત તટપ્રદેશ પર સુગ્રીવના આદેશથી સીતાની શોધમાં નીકળેલા વાનરોને એનો સહસા સમાગમ થયો. એણે વાનરોને જણાવ્યું કે મારા વચનને સાંભળીને તમે પ્રભુકાર્યમાં પ્રવૃત બનો. ત્રિકૂટ પર્વત પર લંકાપુરી વસેલી છે. ત્યાં સ્વભાવથી જ નિર્ભય રાવણ રહે છે. અને અશોક નામનું ઉપવન છે. એમાં સીતા ચિંતાતુર બનીને વિરાજમાન છે. હું એને જોઇ શકું છું. જે સો યોજન સમુદ્રને ઓળંગશે અને બુદ્ધિનો ભંડાર હશે તે જ રામનું કાર્ય કરી શકશે.

जो नाघइ सत जोजन सागर।
करइ सो राम काज मति आगर॥

જટાયુના ભાઇ સંપાતિનું એ માર્ગદર્શન સૌને માટે ઉપયોગી થઇ પડ્યું.

☼ ☼ ☼ ☼

## 5. હનુમાનની તૈયારી

શત યોજન અર્ણવને ઓળંગે કોણ ? વાનરવીરોને માટે એ પ્રશ્ન ભારે અટપટો થઇ પડ્યો.

જાંબવાને જણાવ્યું કે હું હવે વૃદ્ધ થયો છું મારા શરીરમાં પહેલાં જેવું બળ નથી રહ્યું. વામન અવતારમાં બલિને બાંધતી વખતે પ્રભુ એટલા બધા વધ્યા હતા કે તેમના શરીરનું વર્ણન ન થાય. મેં બે ઘડીમાં દોડીને એ શરીરની સાત પ્રદક્ષિણા કરેલી.

દધિમુખે જણાવ્યું કે હું સત્યાશી યોજન દોડી શકું છું.

અંગદે કહ્યું કે હું સમુદ્રને પાર કરી શકું પરંતુ પાછા આવવામાં સહેજ સંશય રહે છે.

હનુમાન એ સઘળો વાર્તાલાપ શાંતિથી બેસીને સાંભળી રહેલાં. એમને જાંબવાને જણાવ્યું કે હે બળવાન હનુમાન, તમે શા માટે મૂંગા બનીને બેસી રહ્યા છો ? તમે પવનપુત્ર છો. બળમાં પવનસમાન છો. બુદ્ધિ, વિવેક, વિજ્ઞાનની ખાણ છો. જગતમાં એવું ક્યું કઠિન કાર્ય છે જે તમારાથી ના થઇ શકે ? તમારો અવતાર રામના કાર્યને માટે જ થયેલો છે.

राम काज लगि तब अवतारा। सुनतहिं भयउ पर्वताकारा ॥

એ શબ્દોએ હનુમાનના અંતરાત્મામાં શક્તિસંચાર કર્યો. પરવત જેવા વિશાળકાય બની ગયા. એ બોલ્યા કે હું ખારા સમુદ્રને રમતમાત્રમાં ઓળંગી શકું. સહાયકો સહિત રાવણને અને ત્રિકૂટ પર્વતને લાવી શકું.

એ વારંવાર સિંહનાદ કરવા લાગ્યા.

જાંબવાને એમને સીતાને મળીને એમના સમાચાર લાવવા જણાવ્યું ને કહ્યું કે રામ પોતે રાક્ષસોનો નાશ કરીને સીતાને પાછી મેળવશે.

પ્રત્યેક આત્મા એવી રીતે અલૌકિક છે. અસાધારણ યોગ્યતા કે શક્તિથી સંપન્ન છે. એની અલૌકિકતા અજ્ઞાત અથવા દબાયેલી હોવાથી એ દીનતા, હીનતા, પરવશતાને અનુભવે છે. અવિદ્યારૂપી અર્ણવને પાર કરવાની શ્રદ્ધાને ખોઇ બેઠો છે. અશાંત છે. એને જાંબવાન જેવા સમર્થ સ્વાનુભવસંપન્ન સદગુરૂ સાંપડે તો એમના સદુપદેશથી એ એના

વાસ્તવિક સચ્ચિદાનંદ સ્વરૂપને સમજે અને જાણે કે હું શુદ્ધબુદ્ધમુક્ત છું. મોહરહિત છું. એની સુષુપ્ત આત્મશક્તિ, ચેતના ઝંકૃત બનીને જાગી ઉઠે. પછી તો એ હનુમાનની પેઠે સુદુસ્તર સુવિશાળ સંમોહસાગરને પાર કરવા કટિબદ્ધ બને. શાંતિરૂપી સીતાનો સંસર્ગ સાધે. કૃતસંકલ્પ કે કૃતકૃત્ય બને.

હનુમાનની એ કથા એવો સારગર્ભિત જીવનોપયોગી સંદેશ પૂરો પાડે છે.

☼ ☼ ☼ ☼

## 6. સાગર ઓળંગાયેલો

હનુમાન અર્ણવને ઓળંગીને સામા કિનારે પહોંચેલા કે સુદુસ્તર સિંધુને તરી ગયેલા એવો વિવાદ કોઇ કોઇ વિદ્વાનોએ ઉભો કરેયો છે. એ કહે છે કે અર્ણવને ઓળંગી શકાય નહીં માટે હનુમાન એને તરીને ગયા હોવા જોઇએ. પરંતુ હનુમાન વિશિષ્ટ શક્તિસંપન્ન સિદ્ધ મહામાનવ હતા. એ લંકામાં નાનું રૂપ લઇને પ્રવેશેલાં. એ હકીકત બતાવે છે કે એમનામાં ઇચ્છાનુસાર રૂપને લેવાની સવિશેષ શક્તિ હતી. રામાયણમાં આવે છે કે એ સાગરને પાર કરવા તૈયાર થયા અને ચાલ્યા ત્યારે પાણીમાં એમની છાયા પડી. એનો અર્થ એવો થયો કે હનુમાન પાણી ઉપરથી પસાર થયા હોય તો જ એમની છાયા પાણીમાં પડી શકે. સીતાને પણ એ પીઠ પર બેસાડીને લઇ જવાની વાત કરે છે.

જે નાનપણમાં સૂર્યને પકડવા આકાશમાં દોડી ગયા એમને માટે અર્ણવને ઓળંગવાનું અશક્ય નથી. એ એવી આકાશગમનની જન્મજાત શક્તિથી સંપન્ન હતા. એ જ શક્તિથી એ લક્ષ્મણને માટે સંજીવનીબુટી લાવવા એક જ રાતમાં વ્યોમમાર્ગે આગળ વધીને પાછા ફરેલા.

સીતાના હરણ પછી રાવણે ગગનગામી રથ કે વાહન દ્વારા આગળ વધીને સાગર પરથી પસાર થઇને લંકામાં પ્રવેશ કરેલો. પર્વત પર બેઠેલા સુગ્રીવે એને જોયેલો પરંતુ ઓળખેલો નહીં. હનુમાને એ જ સાગરને કોઇ વાહન વિના જ ઓળંગીને લંકાપ્રવેશ કરેલો.

☼ ☼ ☼ ☼

# સુંદર કાંડ



# - વિહંગાવલોકન

## 1. વિભીષણ તથા હનુમાન

ઉત્તર રામચરિત નાટકગ્રંથમાં કવિ ભવભૂતિએ લખ્યું છે કે સત્પુરૂષોનો સત્પુરૂષો સાથેનો સમાગમ પૂર્વનાં કે વર્તમાનનાં કોઇક પુણ્યોદયને લીધે જ થતો હોય છે. લંકાની ધરતી પર એવા બે સત્કર્મપરાયણ પુણ્યાત્મા પુરૂષોનો સુખદ સમાગમ થયો - હનુમાન અને વિભીષણ.

પૂર્વનાં પુણ્ય હોય અને પ્રભુની અનુકંપા વરસે ત્યારે સંતો કે સત્પુરૂષો સામેથી આવીને મળે. હનુમાન પણ વિભીષણને સામેથી મળ્યા. દેશકાળનાં અંતરને અતિક્રમીને બંને ભેગા થયા અને એકમેકને અવલોકીને આનંદ પામ્યા. હનુમાનને વિભીષણના નિવાસસ્થાનને નિહાળીને નવાઇ લાગી. એના પર રામના આયુધની નિશાની હતી. સામે તુલસી ઉગાડેલી હતી.

रामायुध अंकित गृह सोभा बरनि न जाइ ।
नव तुलसिका बृंद तहँ देखि हरष कपिराइ ॥

હનુમાનને થયું કે નિશિચરનિકરનિવાસ લંકામાં સજ્જનનો વાસ ક્યાંથી ? વિભીષણ રામના રસમય નામને ઉચ્ચારતાં બહાર આવ્યા. હનુમાને એમની જિજ્ઞાસાના જવાબમાં સઘળી કથા કહી. વિભીષણે સીતાના સમાચાર સંભળાવ્યા. એમને પ્રતિતી થઇ કે હરિકૃપા વિના સંતોનો સમાગમ નથી સાંપડતો.

વિભીષણ લંકામાં રહેતા પરંતુ એકદમ અલિપ્ત રીતે. માનવે પણ એવી રીતે જગતના વિરોધીભાસી વાતાવરણમાં વિભીષણ બનીને રહેવાનું છે. જેની અંદર વિચાર, વાણી, વર્તનની ભીષણતા નથી તે વિભીષણ. સાત્વિકતા, મધુતા, પ્રભુતાની પ્રતિમા. માનવ પોતે મધુમય કે મંગલ બને તો વાતાવરણની અસરથી અલિપ્ત રહી શકે.

☼ ☼ ☼ ☼

## 2. મંદોદરી

રામકથામાં આવનારાં કેટલાંક મહત્વનાં પાત્રોમાં મંદોદરીનો સમાવેશ થાય છે. મંદોદરીના પવિત્ર, તેજસ્વી નિર્ભય, પતિપરાયણ પાત્રનો કવિતામાં વિશેષ વિકાસ કરી શકાયો હોત. એ પ્રાણવાન પાત્રમાં વિકાસની સઘળી શક્યતા સમાયેલી છે. છતાં પણ એ પાત્રનો સમુચિત કાવ્યોચિત વિકાસ નથી કરી શકાયો એ હકિકત છે.

સ્ત્રીનો મુખ્ય શાશ્વત ધર્મ પતિને સન્માર્ગે વાળવાનો છે. પતિનું સર્વપ્રકારે શ્રેય સધાય તે જોવાનું અને એવી રીતે વર્તવાનું સ્ત્રીનું કર્તવ્ય છે. મંદોદરીએ એ કર્તવ્ય સરસ રીતે બજાવ્યું. સીતા અને રામ પરસ્પર અનુકૂળ હોવાથી એમનો સ્નેહ સંબધ સહજ હતો. સીતાને માટે રામને વળગી રહેવાનું, વફાદાર રહેવાનું પણ એટલું જ સહજ હતું. પરંતુ રાવણ અને મંદોદરીનાં વ્યક્તિત્વો પરસ્પર વિરોધી હોવાથી મંદોદરીનું કાર્ય ધાર્યા જેટલું સહેલું નહોતું. વિપરિત વાતાવરણમાં વસીને પણ એણે સત્યના માર્ગે સફર કરી; રાવણ એ માર્ગનો રાહબર બને એવી અપેક્ષા રાખી. એ કાર્ય ધાર્યા જેટલું સહજ કે સરળ નહોતું એની એને પ્રતિતી થઇ. સીતા કરતાં એની ગુણવત્તા કાંઇ ઓછી ન હતી. સીતાને રામ મળ્યા અને એને રાવણ મળ્યા એટલો જ તફાવત. શીલની કસોટીએ બંને સરખી ઠરી. મંદોદરી રાવણના રાજપ્રાસાદનું જ નહીં પરંતુ સમસ્ત લંકાનું રત્ન હતું. આસુરી સંપત્તિની ઝેરજ્વાળાઓ વચ્ચે વસવા છતાં પણ એ એનાથી પર રહીં. એણે સીતાહરણના સમાચાર સાંભળીને રાવણને વ્યથિત હદયે કહેવા માંડ્યું કેઃ

कंत करष हरिसन परहरहू । मोर कहा अति हित हिँय धरहूं ॥

'હે નાથ, શ્રીહરિનો વિરોધ છોડી દો. મારા કથનને અતિશય હિતકારક સમજીને હૃદયમાં ધારણ કરો.'

'જો તમારું ભલું ચાહતા હો તો મંત્રીને બોલાવીને તેની સાથે સીતાને મોકલી દો. સીતા તમારા કુળરૂપી કમળવનને દુઃખ દેનારી શિયાળાની રાત છે. સીતાને પાછી આપ્યા વિના શંકર તથા બ્રહ્મા કરાયેલા કલ્યાણનો લાભ પણ તમને નહિ મળી શકે. રામનાં શર સર્પોનાં સમૂહસમાન છે તથા રાક્ષસો દેડકા જેવા. એમને એમનાં શરરૂપી સર્પો ગળી ન જાય ત્યાં સુધી હઠને છોડી ઉપાય કરો.'

મંદોદરીએ રાવણને એવી રીતે અનેકવાર સમજાવ્યો પરંતું રાવણ માન્યો નહીં. એ એનું દુર્ભાગ્ય. મંદોદરી રાવણને માટે શોભારૂપ હતીં. કોઇચે પુરૂષને માટે અલંકાર રૂપ, મહિમામયી. એના સત્કર્મે કે સદભાગ્યે એને એવી સર્વોત્તમ સન્નારી સાંપડેલી. છતાંપણ એ એને સમજીને એનો સમુચિત સમાદર ના કરી શક્યો. એ એના સદ્દુપદેશને અનુસરત તો સર્વનાશમાંથી ઉગરી જાત; અન્યને ઉગારી શકત. રામાયણને પ્રવાહ કંઇક જુદી જ દિશામાં પ્રવાહિત થાત. પરંતુ બન્યું એથી ઉલટું જ. મંદોદરીએ પોતાનું કર્તવ્ય બજાવ્યું એ એની મહાનતા.

રાવણે અશોકવાટિકામાં સીતા પાસે જઇને એને કહ્યું કે હું મંદોદરૂ જેવી સઘળી રાણીઓને તારી દાસી બનાવીશ. તું મારા તરફ દ્રષ્ટિપાત કર. સીતાએ એને સણસણતો ઉત્તર આપ્યો ત્યારે એ ખૂબ જ ક્રોધે ભરાયો ને તલવાર તાણીને સીતાના મસ્તકને કાપવા તૈયાર થયો. એની તલવારને દેખીને સીતાને ભય લાગ્યો નહીં. એ વખતે પણ મંદોદરીએ વચ્ચે પડીને એને સમજાવીને શાંત પાડતા જણાવ્યું કે સ્ત્રીઓને મારવાનું ઉચિત નથી કહેવાતું. પશુપક્ષીની યોનિની સ્ત્રીઓનોય વધ ના કરવો જોઇએ.

રાવણે સીતાને પુનર્વિચાર કરવાની સૂચના આપી કહ્યું કે સીતા જો એક મહિનામાં મારું કહ્યુ નહીં માને તો એનો તલવારથી નાશ કરીશ.

રામચરિતમાનસનું એ આલેખન પુરવાર કરે છે કે મંદોદરીને સીતા પ્રત્યે સહાનુભૂતિ હતી. સીતાને કષ્ટમુક્ત કરવા - કરાવવામાં એને રસ હતો. કેટલું બધું સુંદર, ભવ્ય, આદર્શ અને સર્વોત્તમ સ્ત્રીપાત્ર !

☼ ☼ ☼ ☼

## 3. સીતાનો સંદેહ

અશોકવાટિકામાં હનુમાન અને સીતાનો પ્રથમ મેળાપ.

રામચરિતમાનસમાં એનું વર્ણન સંક્ષેપમાં પણ ખૂબ સરસ રીતે કરવામાં આવ્યું છે.

અશોકવાટિકામાંથી રાવણે વિદાય લીધી તે પછી હનુમાને સીતા પાસે પહોંચી સીતાને આશ્વાસન આપ્યું. છેવટે જણાવ્યું કે માતા, હું તમને લઇને હમણાં જ રામ પાસે પહોંચી જાઉં, પરંતુ રામના સોગંદ ખાઇને કહું છું કે એમની આજ્ઞા એવી નથી. માતા, થોડોક વખત ધીરજ ધરો. રઘુવીર અહીં વાનરો સાથે આવી પહોંચશે ને રાવણને નાશ કરીને તમને મુક્ત કરશે.

એ વખતે સીતાના મનમાં એક સંદેહ થયોઃ

**हैं सुत कपि सब तुम्हहि समाना । जातुधान अति भट बलवाना ॥**
**मोरें हृदय परम संदेहा ।**

હે પુત્ર, રામની સેનાના સઘળા વાનરો તમારા જેટલા નાના હશે. રાવણના રાક્ષસયોદ્ધાઓ અતિશય બળવાન છે. વાનરો પ્રચંડ બળવાળા રાક્ષસોને શી રીતે જીતી શકશે ?

**सुनि कपि प्रगट कीन्हि निज देहा ॥**

સીતાના સંશયને દૂર કરવા માટે હનુમાનજીએ સત્વર પોતાના સ્વરૂપને પ્રગટ કર્યું. એ સ્વરૂપ સુમેરુ પર્વત જેવું સુવિશાળ, અતિશય બળવાન અને ભયંકર હતું.

એવા અસાધારણ અલૌકિક સ્વરૂપને નિહાળીને સીતાનો સંશય મટી ગયો. હનુમાને પહેલાં જેવું સ્વરૂપ ધારણ કર્યું અને કહ્યું કે અમે સાધારણ બળબુદ્ધિવાળા વાનરો છીએ પરંતુ પ્રભુની કૃપાદ્રષ્ટિ પામ્યા છીએ. અમારી પાછળ એમની અસામાન્ય ચેતના, સત્તા કે શક્તિ કાર્ય કરી રહી છે. એટલે અમે નિર્ભય અને નિશ્ચિંત છીએ. પ્રભુના પ્રતાપથી સાધારણ સર્પ ગરુડને ખાઇ શકે છે.

**सुनु मात साखामृग नहिं बल बुद्धि बिसाल ।**
**प्रभु प्रताप तें गरुड़हि खाइ परम लघु ब्याल ॥**

સીતાએ સંતુષ્ટ થઇને હનુમાનને આશીર્વાદ આપ્યાઃ તમે બળ, શીલ, ગુણના ભંડાર, વૃદ્ધાવસ્થાથી રહિત અને અમર બનો. હનુમાને સીતાના ચરણે મસ્તક નમાવ્યું.

માનવ મોટેભાગે ભૂલી જાય છે કે એની પાછળ, અંદર, બહાર, સર્વત્ર પ્રભુની પરમ પ્રતાપી મહાન શક્તિ, ચેતના કે સત્તા કામ કરે છે. એને લીધે જ એનું જીવન કાર્ય કરે છે. એ શક્તિ, ચેતના કે સત્તામાં શ્રદ્ધાભક્તિ પ્રગટતાં એ નિશ્ચિંત અને નિર્ભય બને છે. એના મહિમાને જાણ્યા પછી પોતાનું સમગ્ર જીવન એમનાં શ્રીચરણે સમર્પિત કરે છે. એમનો બને છે, એમનું કાર્ય કરે છે, જીવનની ધન્યતાને અનુભવે છે. પ્રભુની સર્વશક્તિમત્તામાં કે વિરાટ શક્તિ અથવા કૃપામાં વિશ્વાસ ધરાવે છે.

☼ ☼ ☼ ☼

## 4. હનુમાન અને રાવણ

હનુમાન અને રાવણનો મેળાપ ઐતિહાસિક હતો. એમની વચ્ચેનો વાર્તાલાપ ચિરસ્મરણીય.

હનુમાને અવસર આવ્યો ત્યારે રાવણને પોતાની રીતે સમજાવવાનો, સીતાનો ત્યાગ કરી રામનું શરણ લેવા માટે તૈયાર કરવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ એ પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો. 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ'ની જેમ એની વિપરીત બુદ્ધિ સન્માર્ગગામિની ના બની શકી. એણે હનુમાનનો વધ કરવાનો આદેશ આપ્યો ત્યારે રાજ્યસભામાં આવેલ વિભીષણે જણાવ્યું કે નીતિશાસ્ત્ર દૂતના વધની અનુમતિ નથી આપતું. એને બદલે બીજો દંડ કરી શકાશે. ત્યારે રાવણે જણાવ્યું કે વાનરની મમતા પુચ્છ પર હોય છે માટે તેલમાં કપડાને બોળીને એને વાનરનાં પુચ્છ પર બાંધીને અગ્નિ લગાડી દો.

कपि कें ममता पूँछ पर सबहि कहउँ समुझाइ ।
तेल बोरि पट बाँधि पुनि पावक देहु लगाइ ॥

રાવણની આજ્ઞાનું પાલન કરવામાં આવ્યું. હનુમાને પોતાના પુચ્છને ખૂબ જ લાંબુ કર્યું. એમની દ્વારા લંકાદહન થયું. એ કથા સુપ્રસિદ્ધ છે.

પ્રશ્ન એટલો જ રહે છે કે હનુમાનજીને પુચ્છ હતું ખરું ? વાલ્મીકિ રામાયણમાં ને રામચરિતમાનસમાં પુચ્છનો ઉલ્લેખ કરેલો છે. રામચરિતમાનસમાં લખેલું છે કે રાવણે હનુમાનને અંગભંગ કરીને મોકલવાની આજ્ઞા કરી. પુચ્છનો વિચાર પાછળથી ક્ષેપક તરીકે રામકથામાં અને રામાયણમાં પ્રવેશ પામ્યો હોય તો આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે વાનરજાતિના યોદ્ધાઓને - સુગ્રીવ તથા વાલિ જેવા યોદ્ધાઓને પુચ્છ હતાં એવો ઉલ્લેખ ક્યાંય નથી મળતો. પુચ્છનો ઉલ્લેખ હનુમાનને માટે અને એ પણ પ્રસ્તુત પ્રસંગપૂરતો જ થયેલો જોવા મળે છે. એ ઉલ્લેખ વાસ્તવિકતાં કરતાં વિપરીત લાગે છે. વિદ્વાનો અને સંશોધકો એ સંબધમાં સવિશેષ પ્રકાશ પાડે એ ઇચ્છવા જેવું છે.

☼ ☼ ☼ ☼

# 5. વિભીષણ

વિભીષણે રાવણને સમજાવવાનો અને દોષમુક્ત બનાવવાનો પ્રયત્ન કર્યો, એને અનેક રીતે ઉપદેશ આપી જોયો, પરંતુ એની ધારેલી અસર ના થઇ. રાવણે એની સલાહને અવગણી ને એને ક્રોધે ભરાઇને લાત મારી એ પ્રસંગ એને માટે અમોઘ આશીર્વાદરૂપ સાબિત થયો. એણે સત્વર રામનું શરણ લેવાનો સંકલ્પ કર્યો. લંકાપુરીને પરિત્યાગીને એ રામને મળવા માટે ચાલી નીકળ્યો.

વિભીષણને દૂરથી આવતો જોઇને સુગ્રીવના મનમાં શંકા થઇ કે એ દુશ્મનનો દૂત બનીને આપણો ભેદ ઉકેલવા માટે આવતો લાગે છે. ત્યારે રામે જે વચન કહ્યાં તે વચનો એમની અસાધારણ ઉધારતા, સ્નેહમયતા અને ભક્તવત્સલતાના સૂચક છેઃ 'શરણાગતના ભયને દૂર કરવો એ મારી પ્રતિજ્ઞા છે.'

**मम प्रण शरनागत भयहारी**

'પોતાને શરણે આવેલાને જે પોતાના અહિતને વિચારી છોડી દે છે તે પામર તથા પાપમય છે. તેને જોવાથી પણ હાનિ પહોંચે છે.'

'જેને કરોડો બ્રાહ્મણોની હત્યા લાગી હોય તેને પણ હું શરણે આવ્યા પછી છોડતો નથી. જીવ જ્યારે મારી સન્મુખ થાય છે ત્યારે તેનાં કરોડો જન્મોનાં પાપો નાશ પામે છે.'

'પાપી પુરૂષોને મારું ભજન કદી ગમતું નથી. જો તે દુષ્ટ હૃદયનો હોત તો કદી મારા પ્રત્યે અભિમુખ થઇ શકત ખરો?'

'નિર્મળ મનના માનવો જ મને પામે છે. મને છળકપટ કે દોષદૂષણ નથી ગમતાં. રાવણે એને ભેદ લેવા મોકલ્યો હશે તોપણ આપણને ભીતિ કે હાનિ નથી. કારણ કે જગતનાં સઘળા રાક્ષસોને લક્ષ્મણ નિમીષમાત્રમાં જ મારી શકે તેમ છે. જો તે ભયથી શરણે આવ્યો હશે તોપણ હું પ્રાણની પેઠે એની રક્ષા કરીશ.'

વિભીષણે રામની પાસે પહોંચીને જણાવ્યું કે હું તમારા સુશને સાંભળીને આવ્યો છું. તમે સંસારના ભયના નાશક છો. હે દુઃખીના દુઃખને હરનાર, શરણાગતને સુખ ધરનાર રઘુવીર, મારી રક્ષા કરો. મારો જન્મ રાક્ષસકુળમાં થયેલો છે. મારું શરીર તામસ છે. ઘુવડને અંદકાર પ્રિય લાગે તેમ મને સ્વભાવથી જ પાપકર્મ પ્રિય લાગે છે.

રામની ભક્તવત્સલતા તો જુઓ. એમણે વિભીષણને સન્માનતી વખતે એને લંકેશ કહીને સમુદ્રનું પાણી મંગાવીને રાજતિલક કર્યું. કવિ સરસ રીતે નોંધે છે કે જે સંપત્તિ શંકરે રાવણને દસ મસ્તકના બદલામાં આપેલી તે સંપત્તિ રામે વિભીષણને અતિશય સંકોચસહિત પ્રદાન કરી.

जो संपति सिव रावनहि दीन्ह दिएँ दस माथ ।
सोइ संपदा बिभीषनहि सकुचि दीन्ह रघुनाथ ॥

શરણાગત ભક્ત પર ભગવાન કેવી અસાધારણ એમોઘ કૃપા કરે છે તેનો ખ્યાલ એ પ્રસંગ પરથી સહેલાઇથી સુસ્પષ્ટ રીતે આવી શકશે. ચોપણ વિવેકરહિત અજ્ઞાની જીવ પ્રભુના શરણે જતો નથી. વિભીષણે રામનો સમાશ્રય લીધો ત્યારે રાવણ લંકાનો અધીશ્વર હોવાં છતાં રામે એને લંકેશ કહી રાજ્યતિલક કર્યું એ શું સુચવે છે? એ જ કે રાવણનો નાશ નજીકના ભવિષ્યમાં થવાનો જ છે એવું સુસ્પષ્ટ ભવિષ્યકથન એમણે કરી લીધું. બીજું એ કે વિભીષણની યોગ્યતાને એમણે સૌની વચ્ચે મહોર મારી બતાવી.

☼ ☼ ☼ ☼

## 6. સમુદ્રને દંડ

લંકાની સામે સમુદ્રતટ પર પડેલી રામની સેના સમુદ્રને પાર કરે તો જ લંકાપુરીમાં પ્રવેશી શકે તેમ હોવાથી રામે સૌથી પ્રથમ સમુદ્રને પ્રાર્થના દ્વારા પ્રસન્ન કરીને સમુદ્રને પાર કરવાનો ઉપાય જાણવાનો વિચાર કર્યો.

લક્ષ્મણને પ્રાર્થનાની વાત રુચી નહીં. એણે સમુદ્રને બાણ મારી સુકવી નાખવાની બલામણ કરી.

એટલી વાતને વર્ણવ્યા પછી કવિએ એ વાતને અધૂરી રાખીને રાવણના દૂતોની ઉપકથાને રજૂ કરી છે. એ ઉપકથાને પાછળથી રજૂ કરી શકાઇ હોત. ઉપકથાની વચ્ચેની રજૂઆત કાંઇક અંશે કવિતાના મૂળ પ્રવાહમાં રસક્ષતિ પહોંચાડનારી છે.

મૂળ પરંપરાગત કથાપ્રવાહ પ્રમાણે ત્રણ દિવસ વીત્યા તોપણ સમુદ્રે વિનય માન્યો નહીં ત્યારે રામ એને અગ્નિબાણથી સૂકવી નાખવા તૈયાર થયા. સમુદ્રમાં જ્વાળાઓ જાગી. છેવટે સમુદ્ર સોનાના થાળમાં રત્નો સાથે અભિમાનને છોડીને, બ્રાહ્મણના રૂપમાં આગળ આવ્યો. એના મુખમાં મૂકવામાં આવેલાં ઉદગારો

'ढोल गँवार सूद्र पसु नारी । सकल ताड़ना के अधिकारी ॥ '

વિવાદાસ્પદ અને અસ્થાને લાગે છે. કોઇ વર્ગવિશેષને એ ઉદગારો અન્યાય કરનારા જણાય તો નવાઇ નહીં.

સમુદ્રે રામને સાગર પાર કરવાનો ઉપાય બતાવ્યો. રામચરિતમાનસમાં કહેવામાં આવ્યું છે કે સમુદ્ર છેવટે પોતાના ભવનમાં ગયો. 'निज भवन गवनेउ सिंधु' એ કથન સૂચવે છે કે સમુદ્ર એ પ્રદેશના તટવર્તી વિસ્તારનો અધિનાયક અથવા સમ્રાટ હશે. રામના દંડના ભયથી પ્રસન્ન બનીને એણે સમુદ્રને પાર કરવાનો માર્ગ બતાવ્યો હશે.

એ માર્ગ કાંઇક અંશે ચમત્કૃતિજનક દેખાય છે. 'નલ ને નીલને ઋષિના આશીર્વાદ મળ્યા છે. એમના સ્પર્શથી પ્રચંડ પર્વતો પણ આપના પ્રતાપથી સમુદ્ર પર તરશે. હું તમને સહાય કરીશ. એવી રીતે સેતુ બંધાવો કે ત્રણે લોકમાં આપનો ઉત્તમ યશ ગવાય.'

વાલ્મીકિ રામાયણમાં સ્પષ્ટ રીતે વર્ણવેલું છે કે નલ અને નીલ એ જમાનાના મહાન ઇજનેરો હતા. તેમણે અન્યની મદદથી સેતુની રચના કરેલી. એવા વર્ણનથી દેશની

પ્રાચીન ભૌતિક સંસ્કૃતિ કે વિદ્યાનું ગૌરવ સચવાય છે. રામચરિતમાનસમાં પણ સેતુ બાંધવાની વાત તો આવે જ છે એટલે એ દ્વારા પ્રયોજનની પરોક્ષ રીતે પુષ્ટિ થાય છે. પથ્થરો કેવળ તર્યાં નહોતા પરંતુ સેતુરચના માટે કામ લાગેલા એ હકીકતને ખાસ યાદ રાખવાની છે.

☼ ☼ ☼ ☼

# લંકા કાંડ



# - વિહંગાવલોકન

## 1. શંકરની ભક્તિ

સમુદ્ર પર સેતુના રમણીય રચના પૂરી થઇ.

રામ એ સરસ સેતુરચનાથી પ્રસન્ન થયા.

એમણે એ ચિરસ્મરણીય સુખદ ભૂમિમાં શિવલિંગને સ્થાપીને પૂજા કરી.

વિષ્ણુ તથા શંકર તત્વતઃ બે નથી પરંતુ એક જ છે. કેટલાક કટ્ટર ઉપાસકો એમને અજ્ઞાનને લીધે અલગ માને છે અને એમની વચ્ચે ભેદભાવ રાખે છે. રામચરિતમાનસના કલ્યાણકવિ ભેદભાવની એ દુર્ભેદ્ય દિવાલને દૂર કરીને સાંપ્રદાયિક સંકીર્ણતામાં સપડાયેલા સમાજને એમાંથી મુક્ત કરીને સમાજની શક્તિ વધારવાની દિશામાં અતિશય ઉપયોગી અગત્યનું શકવર્તી કલ્યાણકાર્ય કરી બતાવ્યું છે. સમાજમાંથી સાંપ્રદાયિક વૈમનસ્યને હઠાવવા માટે એમણે ઉપયોગી ફાળો પ્રદાન કર્યો છે. એને માટે એમને જેટલાં પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. લંકાકાંડના આરંભમાં એમણે રામના શ્રીમુખમાં વચનો મુક્યાં છેઃ

सिव समान प्रिय मोहि न दूजा ॥

सिव द्रोही मम भगत कहावा। सो नर सपनेहुँ मोहि न पावा ॥

संकर बिमुख भगति चह मोरी। सो नारकी मूढ मति थोरी ॥

"શંકર સમાન મને બીજું કોઇ પ્રિય નથી. શંકરનો દ્રોહી થઇને જે મારો ભક્ત કહેવડાવે છે તે મનુષ્ય મને સ્વપ્નમાં પણ નથી પામતો. જે શંકરથી વિમુખ બનીને મારી ભક્તિ ઇચ્છે છે તે નરકમાં જનારો, મૂઢ અને મંદ બુદ્ધિવાળો છે."

संकर प्रिय मम द्रोही सिव द्रोही मम दास।

ते नर करहि कलप भरि धोर नरक महुँ बास ॥

"જે શંકરનો પ્રેમી પરંતુ મારો દ્રોહી હોય અને શંકરનો દ્રોહી બનીને મારો દાસ થવા ઇચ્છતો હોય, તે નર કલ્પો લગી નરકમાં વાસ કરે છે."

जे रामेस्वर दरसनु करिहहिं। ते तनु तजि मम लोक सिधरिहहिं ॥

जो गंगाजलु आनि चढ़ाइहि। सो साजुज्य मुक्ति नर पाइहि ॥

"જે રામેશ્વરનાં દર્શન કરશે તે શરીરને છોડીને મારા લોકમાં જશે. જે ગંગાજળને લાવીને આની ઉપર ચઢાવશે તે સાયુજ્ય મુક્તિને મેળવીને મારા સ્વરુપમાં મળી જશે."

"જે છળને છોડી, નિષ્કામ થઇ, રામેશ્વરને સેવશે તેને શંકર મારી ભક્તિ આપશે."

શિવ અને વિષ્ણુના નામે જ નહીં પરંતુ ધર્મ, સંપ્રદાય, સાધના તથા જાતિના નામે ચાલતા અને ફાલતાફૂલતા સર્વપ્રકારના ભેદભાવોને તથા એમનામાંથી જાગનારી વિકૃતિઓ કે ઝેરજ્વાલાઓને તિલાંજલિ આપવાની અનિવાર્ય આવશ્યકતા છે. સમાજ એવી રીતે સ્વસ્થ, સુદ્રઢ, સુસંવાદિ અને શાંતિમય બની શકે.

☼ ☼ ☼ ☼

## 2. શબ્દપ્રયોગ

રાવણને સમુદ્ર પર સેતુરચનાના સમાચાર સાંપડ્યા ત્યારે એણે આશ્ચર્યચકિત બનીને ઉદગાર કાઢ્યાઃ

बांध्यो बननिधि नीरनिधि जलधि सिंधु बारीस।
सत्य तोयनिधि कंपति उदधि पयोधि नदीस ॥

"વનનિધિ, નીરનિધિ, જલધિ, સિંધુ, વારીશ, તોયનિધિ, કંપતિ, ઉદધિ, પયોધિ, નદીશને શું ખરેખર બાંધ્યો ?"

રાવણના મુખમાં મુકાયેલા એ શબ્દો કવિના અસાધારણ ભાષાવૈભવજ્ઞાનને અને શબ્દલાલિત્યને સુચવે છે. કવિ સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત હોવાથી વિભિન્ન શબ્દોનો વિનિયોગ એમને સારુ સહજ દેખાય છે. ઉપર્યુક્ત દોહામાં સાગર શબ્દના જુદાજુદા અગિયાર પર્યાયોનો પ્રયોગ એમણે અતિશય કુશળતાપૂર્વક સફળતાસહિત કરી બતાવ્યો છે. એ પ્રયોગ આહ્લાદક બન્યો છે.

☼ ☼ ☼ ☼

## ૩. ચંદ્રની ચર્ચા

પ્રકૃતિના વર્ણન વખતે કવિ કેટલીકવાર અસામાન્ય કલ્પનાશક્તિનો અને આલેખનકળાનો પરિચય કરાવે છે. કવિની કવિતાશક્તિ એવા વખતે સોળે કળાએ ખીલી ઉઠે છે. એની પ્રતીતિ માટે આ પ્રસંગ જોવા જેવો છેઃ

પૂર્વ દિશામાં રામે ચંદ્રને ઉદય પામેલો જોઇને પૂછ્યું કે ચંદ્રમાં જે કાળાશ દેખાય છે તેનું રહસ્ય શું હશે ?

બધા પોતપોતાની બુદ્ધિ પ્રમાણે બોલવા લાગ્યા.

સુગ્રીવે કહ્યું કે ચંદ્રમાં પૃથ્વીની છાયા દેખાય છે.

કોઇક બીજાએ કહ્યું કે રાહુએ ચંદ્રને મારેલો. તે મારની કાળાશ તેના હૃદય પર પડી છે. કોઇક બીજાએ કહ્યું કે બ્રહ્માએ રતિનું મુખ બનાવ્યું ત્યારે ચંદ્રનો સારભાગ લેવાથી ચંદ્રના હૃદયમાં છિદ્ર રહ્યું છે.

कोउ कह जब बिधि रति मुख कीन्हा। सार भाग ससि कर हरि लीन्हा ॥
छिद्र सो प्रगट इंदु उर माहीं।

રામ બોલ્યાઃ ચંદ્રનો અતિપ્રિય બંધુ વિષ હોવાથી એણે એને પોતાના હૃદયમાં સ્થાન દીધું છે. એ વિષવાળાં કિરણોને પ્રસારી વિરહી નરનારીઓને બાળી રહ્યો છે.

હનુમાને સ્પષ્ટીકરણ કર્યું કે

कह हनुमंत सुनहु प्रभु ससि तुम्हारा प्रिय दास।
तव मूरति बिधु उर बसति सोइ स्यामता अभास ॥

"હે પ્રભુ, સાંભળો. ચંદ્ર તમારો પ્રિય દાસ છે, તમારી મૂર્તિ ચંદ્રના હૃદયમાં વસે છે. શ્યામતારૂપે એની જ ઝાંખી થાય છે."

હનુમાનજી પોતે રામભક્ત હોવાથી ચંદ્રને પણ રામભક્ત તરીકે કલ્પી કે પેખી શક્યા. આગળ પર રામે એમની સાથેના વાર્તાલાપ દરમ્યાન જણાવેલું કે અનન્ય ભક્ત પોતાને સેવક સમજીને ચરાચર જગતને પોતાના સ્વામી ભગવાનનું જ રૂપ માને છે. હનુમાનજીએ અનન્ય ભક્તની એ ભાવનાને યથાર્થ કરી બતાવી.

## 4. અંગદનું દૂતકાર્ય

પોતાની પાસે સૌથી પ્રથમ પહોંચેલા હનુમાનને અને એ પછી આવેલા અંગદને રાવણ જે પ્રકારે સંબોધે છે તે પ્રકાર લગભગ એકસરખો લાગે છે. રાવણે હનુમાનને "કવન તૈં કીસા", 'હે વાનર, તું કોણ છે?' એવું કહ્યું તો અંગદને "કવન તૈં બંદર" કહ્યું. ઉભયની સાથે કરાયેલો વાર્તાલાપનો એ પ્રકાર સરખાવવા જેવો છે.

અંગદને રામે રાવણ પાસે પોતાના દૂત તરીકે મોકલ્યો. એને જણાવ્યું કે, "મારા કામને માટે લંકામાં જા. તું ખૂબ જ ચતુર છે. શત્રુ સાથે એવી રીતે વાતચીત કરવા કે જેથી આપણું કામ થાય ને તેનું કલ્યાણ સધાય."

દૂતનું કાર્ય બને તેટલી સ્થિરતા તથા સ્વસ્થતાથી કરવાનું શાંતિપૂર્વકનું કલ્યાણકાર્ય હોય છે. કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ વગરની તટસ્થ વિચારશક્તિની અને સત્યલક્ષી મધુમયી વાણીની એને પોતાના કાર્યની સફળતા માટે અનિવાર્ય આવશ્યકતા હોય છે. રામચરિતમાનસને વાંચવાથી પ્રશ્ન ઉદભને કે અંગદનું કાર્ય આદર્શ દૂતકાર્ય છે ખરું ? એનું કાર્ય આરંભથી જ ભારેલા અગ્નિને ચેતાવવાનું અથવા વાઘના મોંમા હાથ નાખવાનું છે. એનો મિજાજ લડાયક લાગે છે. એ વિવાદ કે ઘર્ષણ ઘટાડવાને બદલે વધારવાની પ્રવૃતિ કરી રહ્યો છે. એની અંદર દૂતનો આદર્શ લક્ષણોનો અભાવ છે. રામ દ્વારા એની દૂત તરીકેની પસંદગી યથાર્થ રીતે નથી થઇ, અથવા બીજી રીતે, વધારે સારા શબ્દોમાં કહીએ તો કવિ દ્વારા એની દૂત તરીકેની પાત્રતા કે પ્રવૃતિ સુયોગ્ય રીતે રજૂ નથી થઇ.

અંગદ આરંભ જ વિનોદ, આક્ષેપ, અવહેલનાથી કરે છે. એ બાબતમાં એ રાવણ કરતાં લેશ પણ ઉતરતો નથી દેખાતો. રાવણને શાંતિથી, મીઠાશથી સમજાવવાનો પ્રયાસ કરવાને બદલે એ વાર્તાલાપના શરૂઆતના તબક્કામાં જ એવી ભળતી અને કડવી વાત કરે છે કે જે રાવણને વધારે ઉગ્ર બનાવે.

दसन गहहु तृन कंठ कुठारी। परिजन सहित संग निज नारी ॥
सादर जनकसुता करि आगें। एहि बिधि चलहु सकल भय त्यागें ॥

"દાંતમાં તણખલું અને કંઠમાં કુહાડી લઇને, કુટુંબીજનોને તથા તારી સ્ત્રીઓને લઇને, સીતાને સન્માનપૂર્વક આગળ કરીને, સર્વ ભયને છોડીને ચાલ."

"હે શરણાગતનું પાલન કરનારા રઘુવંશમણિ રામ, મારી રક્ષા કરો, એવું જણાવ. એટલે તારી વેદનામયી વાણી સાંભળીને પ્રભુ રામ તને નિર્ભય કરશે."

રાવણ અને અંગદનો વાર્તાલાપ એવી રીતે મલ્લવિદ્યાનું કે કુસ્તી રમતા પહેલવાનોના દ્વંદ્વનું સ્મરણ કરાવે છે. એમનો સંવાદ કે વિસંવાદી વિવાદ ધાર્યા કરતાં વધારે પૃષ્ઠોને રોકે છે. સંક્ષેપમાં કહીએ તો અંગદે રાવણ પાસે પહોંચીને બીજું ગમે તે કર્યું હોય પરંતુ વિષ્ટિકાર્ય તો નથી જ કર્યું. એની દ્વારા રામના દૂતને છાજે અથવા શોભે એવું ઠંડા મગજનું પ્રેમમય ગૌરવકાર્ય નથી થયું. પ્રજ્જ્વલિત પ્રચંડ અગ્નિજ્વાળાને શમાવવાનો પ્રયત્ન કરવાને બદલે એમાં આહુતિઓ જ નાખી છે. રામે કે સુગ્રીવે એને એ માટે સહેજે ઠપકો નથી આપ્યો.

☼ ☼ ☼ ☼

## 5. કુંભકર્ણ

લંકાપુરીમાં આસુરી સંપત્તિવાળા જે રાક્ષસો રહેતા તેમાં રાવણનો ભાઇ કુંભકર્ણનો પણ સમાવેશ થતો. એને ચિરનિદ્રામાંથી જગાડીને રાવણે સીતાહરણની ને બીજી કથાઓથી માહિતગાર કર્યો. વાનરસેના સાથેના યુદ્ધમાં દુર્મુખ, દેવશત્રુ, મનુષ્યભક્ષક, પ્રચંડ યોદ્ધાઓ અતિકાય, અકંપન તથા મહોદરાદિ વીરોનો નાશ થયેલો. કુંભકર્ણે સઘળા સમાચાર સાંભળીને રાવણને ઠપકો આપ્યોઃ "મૂર્ખ, જગદંબાને હરી લાવીને તું કલ્યાણ ચાહે છે ? અહંકારને છોડીને રામને ભજવા માંડ તો તારું કલ્યાણ થશે. તેં મને પહેલેથી આ બધુ કહ્યું હોત તો સારું થાત,"

કુંભકર્ણ રાવણને ઠપકો અને ઉપદેશ આપે છે પરંતુ એની નિર્બળતાને લીધે એવાથી એ ઉપદેશનું અનુસરણ નથી થતું. રાવણના કુકર્મના વિરોધમાં એ રાવણ સાથે અસહકાર નથી કરતો. પંડિતની પેઠે વદવા છતાં પણ રાવણનો સંબંધવિચ્છેદ કરવાને બદલે એના જ પક્ષમાં રહીને લડવા તૈયાર થાય છે. વિભીષણે જેમ રામનું શરણ લીધું એમ એનાથી ના લઇ શકાયું. એ જો રાવણની મદદ કરવાનો ઇન્કાર કરી દેત તો કદાચ રાવણની હિંમત ઓછી થાત. પરંતુ એની પોતાની નૈતિક હિંમત એટલી નહોતી. એ સંબંધમાં એની સરખામણી મારીચ સાથે કરી શકાય. પોતે જેને આદર્શ માનતા હોય એનું જ અનુસરણ કરનારા માનવો મહિમંડળમાં ઓછા - અતિવિરલ મળે છે. આદર્શોની વાતો કરનારા વધારે. વાતો કરીને એમનાથી વિરુદ્ધ વાટે ચાલનારા એમનાથી પણ વધારે.

રામ સાથેના યુદ્ધમાં કુંભકર્ણનો નાશ તો થયો જ પરંતુ એ રાવણને પણ ના બચાવી શક્યો.

☼ ☼ ☼ ☼

## 6. શુકન-અપશુકન

રામચરિતમાનસના કવિ શુકન-અપશુકનને મહત્વના માને છે. એમની કવિતામાં એમના સમયની લોકમાન્યતાના પ્રતિઘોષ પડ્યા છે. એ પ્રતિઘોષ સવિશેષ ઉલ્લેખનીય છે. બાલકાંડમાં વર્ણવ્યા પ્રમાણે રાજા દશરથના રામલગ્ન માટે અયોધ્યાથી વિદાય થયા ત્યારે કવિએ એમને થયેલા શુભ શુકનો વિશે લખ્યું છેઃ

"ચાસ નામનાં પક્ષી ડાબી તરફ ચારો લઇ રહ્યાં. તે પૂર્ણ મંગલ સૂચવી રહ્યાં. કાગડાઓ સુંદર ખેતરમાં જમણી તરફ શોભવા લાગ્યા. સૌને નોળિયાનાં દર્શન થયાં. શીતળ, મંદ, સુવાસિત, ત્રિવિધ વાયુ વાવા લાગ્યો. ભરેલા ઘડા તથા બાળકો સાથે સ્ત્રીઓ સામેથી આવી."

"શિયાળ ફરી ફરી દેખાવા માંડ્યું. સામે ઉભેલી ગાયો વાછરડાંને ધવડાવવા લાગી. મૃગોની પંક્તિ ડાબી તરફથી ફરીને જમણી તરફ આવતી દેખાઇ. જાણે મંગળોનો સમૂહ દેખાયો."

"સફેદ માથાવાળી ક્ષેમકરી ચકલીઓ વિશેષ રીતે કલ્યાણ કહેવા લાગી. કાળી ચકલીઓ ડાબી બાજુ સરસ વૃક્ષો પર જોવા મળી. દહીં તથા માછલાં સાથેના માનવો તથા હાથમાં પુસ્તકવાળા બે વિદ્વાન બ્રાહ્મણો સામે મળ્યા."

"એ મંગલમય ઇચ્છાનુસાર ફળ આપનારાં શુભ શુકનો એકસાથે થઇ રહ્યાં."

લંકાકાંડમાં રાવણે રામ સાથે યુદ્ધ કરવા પ્રયાણ કર્યું ત્યારે એને થયેલા અપશુકનોનું વર્ણન કરાયું છે. એમના પ્રત્યે સહેજ દ્રષ્ટિપાત કરી જઇએ.

"હાથમાંથી હથિયારો પડી જતાં હતા. યોદ્ધાઓ રથ પરથી ગબડી પડવા લાગ્યા. ઘોડા તથા હાથી ચિત્કાર કરતા નાસવા માંડ્યા. શિયાળ, ગીધ, કાગડા, ગધેડા અવાજો કરી રહ્યાં. કૂતરાં અને ઘુવડો અતિ ભયાનક કાળદૂત સરખાં શબ્દો કરવા લાગ્યા."

રાવણના સંહાર માચે રામે ભયંકર બાણ લીધું તે વખતનું વર્ણનઃ

"એ વખતે અનેક પ્રકારના અપશુકનો થવા લાગ્યા. ગધેડાં, શિયાળ, કૂતરાંનું રુદન. પંખીઓનું ક્રંદન. આકાશમાં જ્યાં ત્યાં ધૂમકેતુ દેખાયા. દસે દિશામાં દાહ થયો. કવખતે સૂર્યગ્રહણ થયું. મંદોદરીનું કાળજું કંપવા માંડ્યું. મૂર્તિઓ નેત્રોમાંથી પાણી વહાવવા લાગી. રોવા લાગી."

"આકાશમાંથી વજ્રપાત થયા. પ્રચંડ પવન ફૂંકાયો. પૃથ્વી ડોલવા લાગી. વાદળાં લોહી, વાળ, ધૂળ વરસાવી રહ્યાં."

"સીતાની ડાબી આંખ ફરકવા લાગી. ડાબો બાહુપ્રદેશ ફરકવા માંડ્યો."

☼ ☼ ☼ ☼

## 7. રાવણ

રામચરિતમાનસમાં રામ અને રાવણના યુદ્ધનું વર્ણન વધારે પડતા વિસ્તારથી કરાયું હોવાથી વાચકને વચ્ચે વચ્ચે કંટાળો ઉપજવાનો સંભવ રહે છે. વાચક કોઇવાર એવું વિચારે છે કે હવે આ બંન્નેનું યુદ્ધ પૂરું થાય તો સારું. યુદ્ધના એ વર્ણનને રસ સચવાય અને હેતુ સધાય એવી રીતે, અતિવિસ્તારને ટાળીને કરવામાં આવ્યું હોત તો સારું રહેત.

રામે રાવણનો નાશ કર્યો. રાવણને સમજાવવાના પ્રયત્નો કોણે કોણે કર્યા એ જાણવા જેવું છે. સૌથી પ્રથમ એને મારીચે સમજાવવાનો પ્રયત્ન કર્યો. પછી સીતાએ, જટાયુએ. લંકામાં સીતાને લઇને પહોંચ્યા પછી મંદોદરીએ, હનુમાને, વિભીષણે, એના દૂત શુકે, અંગદે, એના સુપુત્ર પ્રહસ્તે, માલ્યવંતે, કુંભકર્ણે. એવી રીતે સમજાવવાના અનેકાનેક સુઅવસરો આવ્યા તોપણ એ સમજ્યો નહીં. અથવા સમજવા છતાં પણ વિપરીત બુદ્ધિને લીધે એ પ્રમાણે ચાલ્યો નહીં.

રાવણને કથાકારોએ ખૂબ જ ખરાબ ચિતર્યો છે. એની અંદર દુર્ગુણો તથા દુરાચારનો ભંડાર ભર્યો હોય એવું માન્યું-મનાવ્યું છે. પરંતુ એનાં વિરાટ વ્યક્તિત્વનાં કેટલાંક પાસાંઓને તટસ્થતાપૂર્વક સહાનુભૂતિસહિત સમજવા જેવા છે. એ મહાન પંડિત હતો. કુશળ શાસક, રાજનીતિજ્ઞ, યોદ્ધો. શંકરનો એકનિષ્ઠ મહાન ભક્ત ને ઉપાસક. સીતાસમી સન્નારીના હરણના અસાધારણ અક્ષમ્ય અપરાધ આગળ એના ગુણો ગૌણ બની ગયા. ઢંકાઇ કે ભૂલાઇ ગયા.

રામાયણની કથામાં એને અધમાધમ કહેવામાં આવ્યો છે. પરંતુ સીતાના હરણ જેવી અન્ય અધમતા પ્રત્યે અંગૂલિનિર્દેશ નથી કરાયો. સીતાના હરણ પછી પણ એણે એને અશોકવાટિકામાં રાખી. એના પર બળજબરીપૂર્વક આક્રમણ નથી કર્યું. સીતાને પોતાની પટરાણી બનવા માટે વિચારવાનું જ કહ્યું છે. અધમ પુરુષ એવી ધીરજ ના રાખી શકે. કામનાવાસનાની પૂર્તિનો માટે માનવ ગમે તેવા નાનામોટા શાપને પણ ભૂલી જાય છે. રાવણે એવું વિસ્મરણ કરીને કુકર્મ નથી કર્યું. એ એના વ્યક્તિત્વની સારી બાજુ છે. એના તરફ અધિકાંશ માનવોનું ધ્યાન નથી જતું. એ સીતાનો શિરચ્છેદ કરવા તૈયાર થાય છે, પરંતુ છોકરીઓના અપહરણ કરનારા આધુનિક કાળના ગુંડાઓ અથવા આક્રમકોની જેમ

તલવાર, પિસ્તોલ કે બંદુકની અણીએ સીતા પર બળાત્કાર નથી કરતો. આપણે એની વ્યર્થ વધારે પડતી વકીલાત નથી કરતા પરંતુ એને થોડીક જુદી જાતની ન્યાયપૂર્ણ દ્રષ્ટિથી મૂલવીએ છીએ.

કુકર્મપરાયણ માનવોમાં પણ એકાદ-બે સારી વસ્તુઓ હોઇ શકે છે. એમને અવલોકવાથી હાનિને બદલે લાભ જ થાય છે.

☼ ☼ ☼ ☼

## ૪. રામનો રથ

રામચરિતમાનસના રસજ્ઞ સ્વનામધન્ય કુશળ કળાકાર કવિ પ્રસંગોપાત્ત અવસરને અનુરૂપ વિચારકણિકાઓ રજૂ કરે છે. અત્રિમુનિના આશ્રમમાં અનસૂયા પાસે સીતાને પતિવ્રતા સ્ત્રીઓ વિશે ઉપદેશ અપાવે છે; શબરી તથા રામના સંવાદ વખતે નવધા ભક્તિને વર્ણવે છે; રામના માટે યોગ્ય કોઇ રહેવાનું સ્થાન બતાવો એવી જિજ્ઞાસાના જવાબમાં ભગવાનને વસવા લાયક સુયોગ્ય સ્થાન કેવું હોઇ શકે તેની મહર્ષિ વાલ્મીકિને નિમિત્ત બનાવીને ચર્ચાવિચારણા કરે છે; અને એવી રીતે રામ તથા રાવણના યુદ્ધ વખતે રથની સુંદર મૌલિક વિચારધારાનો પરિચય કરાવે છે. એ વિચારધારા કવિની પોતાની છે તોપણ કવિતામાં એવી અદભૂત રીતે વણાઇ ગઇ છે કે વાત નહીં. એ સર્વથા સ્વાભાવિક લાગે છે.

કવિ કહે છે કે રાવણને રથ પર અને રઘુવીરને રથ વિનાના જોઇને વિભીષણે પુછ્યું કે તમે રથ, કવચ તથા પદત્રાણ વિના વીર રાવણને કેવી રીતે જીતશો ? રામે તરત જ જણાવ્યું કે યુદ્ધમાં વિજય અપાવનારો રથ જુદો જ હોય છે.

"એ રથનાં શૌર્ય તથા ધૈર્ય પૈંડા છે. સત્ય અને શીલની મજબૂત ધજાપતાકા છે. બળ, વિવેક, દમ તથા પરોપકાર ચાર ઘોડા છે. તે ક્ષમા, દયા, સમતારૂપી દોરીથી જોડેલાં છે."

ईस भजनु सारथी सुजाना। बिरति चर्म संतोष कृपाना ॥
दान परसु बुधि सक्ति प्रचंड़ा। बर बिग्यान कठिन कोदंडा ॥

"ઇશ્વરનું ભજન ચતુર સારથિ છે. વૈરાગ્ય ઢાલ, સંતોષ તલવાર, દાન ફરશી, બુદ્ધિ પ્રચંડ શક્તિ અને શ્રેષ્ઠ વિજ્ઞાન કઠીન ધનુષ્ય."

"નિર્મળ અચળ મન ભાથા સમાન; શમયમનિયમ જુદાં જુદાં બાણ. બ્રાહ્મણ તથા ગુરુનું પૂજન અભેદ્ય કવચ. એના વિના વિજયનો કોઇ બીજો ઉપાય નથી."

"જેની પાસે એવા સુદ્રઢ રથ હોય તે વીર સંસારરૂપી મહાદુર્જય શત્રુને પણ જીતી શકે છે."

महा अजय संसार रिपु जीति सकइ सो बीर।

जाकें अस रथ होइ दृढ़ सुनहु सखा मतिधीर ॥

રામના શબ્દો સાંભળીને વિભીષણને હર્ષ થયો. એણે રામનાં ચરણ પકડીને જણાવ્યું કે તમે કૃપાળુ હોવાથી મને એ બહાને ઉપદેશ આપ્યો.

આપણે એ જ ઉદગારો કવિને લાગુ પાડીને કહીશુ કે તમે પોતે જ રામને નિમિત્ત બનાવીને એમના નામે એ બહાને ઉપદેશ આપ્યો.

કવિની કળાની વિશેષતા હોય છે. કથા, કવિતા અને ઉપદેશ અથવા કથયિતવ્ય - ત્રણે એવાં એકરૂપ બની જાય છે કે એમની અંદર કશી કૃત્રિમતા દેખાતી નથી. કવિતા એમને લીધે શુષ્ક લાગવાને બદલે વધારે રસમય ભાસે છે કે શક્તિશાળી લાગે છે.

☼ ☼ ☼ ☼



## ૯. સીતાની અગ્નિપરીક્ષા

સીતા રામના પવિત્ર પ્રેમની પ્રતિમા. શીલ, સંયમ, શુદ્ધિનું સાકાર સ્વરૂપ.

અશોકવાટિકામાં પોતાના પ્રાણપ્યારા હૃદયાભિરામ રામથી દિવસો સુધી દુર રહીને એ આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થયેલી. હવે એને પોતાની શીલવૃતિને સાચી ઠરાવતા કોઇ બીજી સ્થૂળ આકરી અગ્નિપરીક્ષાની આવશ્યકતા હતી ? જરા પણ નહોતી. એવી સર્વોત્તમ સ્નેહમૂર્તિ સન્નારીની અગ્નિપરીક્ષા કરવામાં આવે, અને એ પણ એના જીવન આરાધ્ય, જીવનના સારસર્વસ્વ જેવા રામ દ્વારા, એ કલ્પના જ કેટલી બધી કરુણ લાગે છે ? છતાં પણ એ એક હકીકત છે. રાવણના નાશ પછી સીતાને લંકાની અશોકવાટિકામાંથી મુક્ત કરીને રામ પાસે લાવવામાં આવી ત્યારે રામે જ એની અગ્નિપરીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો.

સીતાની અગ્નિપરીક્ષાનો વિચાર કવિને એટલો બધો આહ્લાદક નથી લાગતો એટલે એમણે સ્પષ્ટીકરણ કર્યું છે કે પ્રથમ પાવકમાં રાખેલા સીતાના મૂળ સ્વરૂપને ભગવાન હવે પ્રકટ કરવા માંગતા હતા, પરંતુ એ સ્પષ્ટીકરણ સંતોષકારક નથી લાગતું.

રામના આદેશાનુસાર લક્ષ્મણે અગ્નિજ્વાળા સળગાવી. સીતાએ મનોમન વિચાર્યું કે જો મારા હૃદયમાં મન, વચન, કર્મથી રઘુવીર વિના બીજી ગતિ ના હોય તો સર્વના મનની ગતિને જાણનારા અગ્નિદેવ, તમે મારા માટે ચંદનસમાન શીતળ બનો.

સીતાએ પાવકમાં પ્રવેશ કર્યો. અગ્નિદેવે એનો હાથ પકડી, એને માટે ચંદન સમાન શીતળ બનીને, એને બહાર કાઢીને રામને અર્પણ કરી.

સીતાને રામ સિવાય બીજી કોઇ ગતિ નહોતી; એનું મન રામ સિવાય બીજે ક્યાંય નહોતું; એના હૃદયમાં રામ સિવાય બીજા કોઇને માટે સ્વપ્ને પણ સ્થાન નહોતું; મનવચનકર્મથી એ એકમાત્ર રામને જ ભજી રહેલી; એની સુખદ પ્રતીતિ એ પ્રસંગ પરથી થઇ શકી. સંસારની સામાન્ય સ્ત્રી એવી અદભૂત નિષ્ઠા, પવિત્રતા તથા પ્રીતિથી સંપન્ન ના હોઇ શકે. અને એવી સ્નેહમૂર્તિ સીતાને હૃદયમાં ને રોમેરોમમાં ધારી, મનવચનકર્મથી ભજનારા રસમૂર્તિ રામ પણ કેટલાં ? રામાયણના રામ અને સીતા એક હતાં. એકમેકને અનુકૂળ, એકમેકને માટે જ જીવનારા, શ્વાસોશ્વાસ લેનારાં. એટલે તો રામના પ્રસ્તાવથી

સીતાને લેશ પણ માઠું ના લાગ્યું. એણે એનો વિરોધ કરવાનું વિચાર્યું પણ નહીં. એણે લક્ષ્મણને પાવક પ્રગટાવવા જણાવ્યું.

સીતાની અગ્નિપરીક્ષાની એ કથાને સાંભળીને પ્રશ્ન ઉદભવે છે કે સીતાની પવિત્રતાની કોઇયે શંકા કરેલી ? એની અગ્નિપરીક્ષાની કોઇયે માંગણી કરેલી ? વિશાળ વાનરસેનામાંથી કે લંકાના નિવાસીઓમાંથી કોઇને એની વિશુદ્ધિ અથવા નિષ્ઠા માટે શંકા હતી ? એવી કોઇ શંકા રજૂ કરાયેલી ? અગ્નિપરીક્ષાનો વિચાર એકમાત્ર રામને જ ઉદભવેલો. એ વિચાર આદર્શ અને અનુમોદનીય હતો ? રામ શું સીતાને સાશંક નજરે નિહાળતા ? નિહાળી શકતા ? સીતાની જન્મજાત સ્વભાવગત શુદ્ધિથી, સંનિષ્ઠાથી, સ્નેહવૃતિથી સુપરિચિત નહોતા ? અગ્નિપરીક્ષા દ્વારા એમણે ક્યો વિશેષ લૌકિક પારલૌકિક હેતુ સિદ્ધ કરવાનો હતો ? ઊલટું, એક અનુચિત આધારરહિત શંકાને જગાવવાનું નિમિત્ત ઊભું કરવાનું નહોતું ? સમાજને માટે એક અનુકરણીય પ્રથાને પ્રારંભવાની નહોતી ? તો પછી એમણે એવો વિચાર કેમ કર્યો ?

સીતાની જગ્યાએ બીજી કોઇ સામાન્ય સ્ત્રી હોત તો તરત જ જણાવી શકી હોત કે હું વરસો સુધી અશોકવાટિકામાં રહી છું તેમ તમે વનમાં વસ્યા તથા વિહર્યા છો. એક બાજુ મારી અગ્નિપરીક્ષા થાય તો બીજી બાજુ તમારી. તમારે માટે પણ અગ્નિજ્વાળા સળગાવો. જગત આપણા બંનેની નિષ્ઠા, પ્રીતિ તથા પવિત્રતાને ભલે જાણે. પરંતુ સીતાને એવો વિચાર સ્વપ્ને પણ નથી આવ્યો. એ ભારતીય સંસ્કૃતિની આદર્શ, સર્વોત્તમ સન્નારીનું પ્રતિનિધિત્વ કરે છે. એનું દ્રષ્ટિબિંદુ જુદું છે. પ્રત્યેક સ્થળે, પ્રત્યેક પરિસ્થિતિમાં, એને પોતાના પ્રિય પતિ રામની ઇચ્છાને અનુસરવામાં જ આનંદ આવે છે. એમાં જ જીવનનું સાચું સાર્થક્ય સમાયેલું લાગે છે.

સીતાની અગ્નિપરીક્ષાનું અનુકરણ સમાજમાં કોણ કરવાનું હતું ? અને પોતાની તૈયારીથી કરે તોપણ શું નુકસાન થવાનું હતું ?

☼ ☼ ☼ ☼

## 10. દશરથનું પુનરાગમન

રામચરિતમાનસના કવિએ દશરથના પુનરાગમનનો વિશેષ પ્રસંગ આલેખ્યો છે. રાવણના મૃત્યુ પછી સીતાની અગ્નિપરીક્ષા કરવામાં આવી. તે પછી દેવોએ રામની સ્તુતિ કરી. બ્રહ્માએ પણ એમની આગવી રીતે સ્તુતિ કરી ત્યારે ત્યાં દશરથ આવ્યાં. રામને નિહાળીને એમની આંખમાં પ્રેમાશ્રુ પ્રકટ્યાં. રામે એમને લક્ષ્મણ સાથે વંદન કર્યું. દશરથે એમને આશીર્વાદ આપ્યા.

કવિ શિવના શ્રીમુખે પાર્વતીને કહેવડાવે છે કે દશરથે પોતાના મનને ભેદબુદ્ધિમાં જોડેલું હોવાથી મુક્તિ મેળવી ન હતી. સગુણની ઉપાસના કરનારા ભક્તો મોક્ષને ગ્રહણ કરતા નથી. રામ એમને પોતાની ભક્તિ આપે છે.

सगुनोपासक मोच्छ न लेहीं। तिन्ह कहुँ राम भगति निज देहीं ॥
बार बार करि प्रभुहि प्रनामा। दसरथ हरषि गए सुरधामा ॥

"પ્રભુને પૂજ્યભાવે વારંવાર પ્રણામ કરી દશરથ પ્રસન્નતાપૂર્વક દેવલોકમાં ગયા."

એ પ્રસંગનો ઉલ્લેખ સવિશેષ તો એટલા માટે કરવા જેવો છે કે રામચરિતમાનસ અન્ય પુરોગામી ગ્રંથોની જેમ મૃત્યુ પછીના દિવ્ય જીવનમાં ને દેવલોક જેવો દૈવી લોકવિશેષમાં માને છે. દશરથ પોતાના મૃત્યુના સુદીર્ઘ સમય પછી દેવલોકમાંથી આવીને રામ સમક્ષ પ્રકટ થયા. રામે લક્ષ્મણ સાથે એમના આશીર્વાદ મેળવ્યા એ ઉલ્લેખ દર્શાવે છે કે એવા અલૌકિક આત્માઓ અન્યત્ર, અન્ય સ્વરૂપે રહીને પણ, પોતાનાં પ્રિયજનોને પેખતા, મદદ પહોંચાડતા અને આશીર્વાદ આપતા હોય છે.

☼ ☼ ☼ ☼

## 11. પુષ્પક વિમાન

લંકાના અતિભીષણ સંગ્રામમાં રામે ઐતિહાસિક વિજય પ્રાપ્ય કર્યો અને વિભીષણને લંકેશ બનાવ્યો. એ પછી વિભીષણને આદેશ આપ્યો એટલે વિભીષણે પુષ્પક વિમાનમાં મણિ, ઘરેણાં અને વસ્ત્રોને લઇને વ્યોમમાંથી વરસાવ્યા.

રામચરિતમાનસમાં લખ્યું છે કે રીંછો તથા વાનરોએ કપડાં તથા ઘરેણાંને ધારણ કર્યાં. એમને દેખીને રામ ભાવવિભોર બનીને હસવા લાગ્યા.

भालु कपिन्ह पट भूषन पाए। पहिरि पहिरि रघुपति पहिं आए ॥
नाना जिनस देखि सब कीसा। पुनि पुनि हँसत कोसलाधीसा ॥

ઉપર્યુક્ત વર્ણન સ્પષ્ટ રીતે સુચવે છે કે રીંછો તથા વાનરો પશુઓને બદલે માનવો જ હતા. ભાલુ તથા વાનર માનવોની જાતિ જ હતી. પશુઓ કપડાં તથા ઘરેણાંને પહેરતાં નથી; મનુષ્યો જ પહેરે છે. વિમાનમાંથી વસ્ત્રો ને ઘરેણાંને પશુઓને માટે વરસાવવાની કલ્પના પણ કોઇ કરતું નથી. તેવી પ્રવૃતિ અને વૃતિ અજ્ઞાનમૂલક કહેવાય છે ને મૂર્ખતામાં ખપે છે. કપડાં અને ઘરેણાં માનવોને માટે જ વરસાવવામાં આવે છે.

લંકામાંથી રામે સીતા લક્ષ્મણ અને અન્ય સહયોગીઓ સાથે અયોધ્યા પહોંચવા માટે પુષ્પક વિમાનમાં બેસી પ્રયાણ કર્યું. એ ઉલ્લેખ બતાવે છે કે રામાયણકાળમાં સેતુ રચનાની જેમ રાવણના દિવ્ય ગગનગામી રથ અને વિમાનના નિર્માણની વિદ્યા હસ્તગત હતી. પ્રજા ભૌતિક વિકાસના ક્ષેત્રમાં પણ આશ્ચર્યકારક રીતે આગળ વધેલી અને સુસમૃદ્ધ બનેલી.

☼ ☼ ☼ ☼

# ઉત્તર કાંડ



# - વિહંગાવલોકન

## 1. રામરાજ્યનું વર્ણન

ભગવાન રામ અયોધ્યામાં પાછા ફર્યા પછી પ્રજાએ એમનો રાજ્યાભિષેક કર્યો. રામ જેવા પ્રજાપાલક રાજા હોય પછી પ્રજાની સુખાકારી, સમૃદ્ધિ, સમુન્નતિ, શાંતિ અને પ્રસનન્નતાનો પાર ના હોય એ સહેજે સમજી શકાય તેવું છે. રામનું રાજ્ય એટલે આદર્શ રાજ્ય. એવા રામરાજ્યની આકાંક્ષા સૌ કોઇ રાખતા હોય છે. રામચરિતમાનસના ઉત્તરકાંડમાં એનો પરિચય કરાવતાં કહેવામાં આવ્યું છેઃ

राम राज बैंठें त्रेलोका। हरषित भए गए सब सोका ॥
बयरु न कर काहू सन कोई। राम प्रताप बिषमता खोई ॥

"રામચંદ્રજી રાજા બનતાં ત્રણે લોક હર્ષ પામ્યા. સર્વ પ્રકારના શોક દૂર થયા. કોઇ કોઇની સાથે વેર નહોતું કરતું. રામની કૃપાથી સૌ ભેદભાવથી મુક્ત થયા."

"સૌ લોકો પોતપોતાના વર્ણાશ્રમધર્મમાં રત રહીને વેદમાર્ગે આગળ ચાલતા અને સુખ પામતા. કોઇને કોઇ પ્રકારનો ભય, શોક કે રોગ ન હતો."

"રામરાજ્યમાં કોઇને આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક તાપ વ્યાપતા નહોતા. સૌ પરસ્પર પ્રેમ કરતાં અને વેદોક્ત નીતિમર્યાદા પ્રમાણે ચાલતાં પોતાપોતાના ધર્મમાં રત રહેતાં."

चारिउ चरन धर्म जग माहीं। पूरि रहा सपनेहुँ अघ नाहीं ॥
राम भगति रत नर अरु नारी। सकल परम गति के अधिकारी ॥

"ધર્મ ચારે ચરણથી જગતમાં પૂર્ણપણે પ્રસરેલો. સ્વપ્ને પણ કોઇ પાપ નહોતું કરતું. સ્ત્રીપુરુષો રામભક્તિરત હતાં ને પરમગતિના અધિકારી બનેલાં."

"નાની ઉંમરમાં કોઇનું મૃત્યુ થતું નહોતું. કોઇ પીડાગ્રસ્ત નહોતું. સૌ સુંદર તથા નિરોગી હતા. કોઇ પણ દરિદ્ર, દુઃખી કે દીન નહોતું. કોઇ મૂર્ખ કે અશુભ લક્ષણોવાળું દેખાતું નહોતું."

"બધાં દંભરહિત, ધર્મપરાયણ, પુણ્યશાળી હતાં. પુરુષો તથા સ્ત્રીઓ ચતુર અને ગુણવાન. સર્વે ગુણોનો આદર કરનાર અને પંડિત. જ્ઞાની તથા કૃતજ્ઞ. કપટ તથા ધૂર્તતાથી મુક્ત."

"રામના રાજ્યમાં હે પક્ષીરાજ ગરુડ, સાંભળો. જડચેતનાત્મક જગતમાં કોઇને કાળ, કર્મ, સ્વભાવ તથા ગુણોથી દુઃખો ન હતાં."

राम राज नभगेस सुनु सचराचर जग माहिं ॥
काल कर्म सुभाव गुन कृत दुख काहुहि नाहिं ॥ २१ ॥

"સૌ ઉદાર, પરોપકારી. સઘળાં બ્રાહ્મણોનાં ચરણોનાં સેવક. સર્વ પુરુષો એકપત્નીવ્રતવાળા. સ્ત્રીઓ પણ મન, વચન, કર્મથી પતિનું હિત કરનારી. દંડ કેવળ સંન્યાસીઓના હાથમાં હતો, ને ભેદ નૃત્ય કરનારાના નર્તકસમાજમાં. જીતવાની વાત કેવળ મનને જીતવા પૂરતી જ સંભળાતી. ગાયો ઇચ્છા પ્રમાણે દુધ આપતી. ધરતી સદા ધાન્યપૂર્ણ રહેતી. ત્રેતાયુગમાં જાણે સત્યુગની સ્થિતિ થયેલી. પક્ષીઓ સુમધુર શબ્દો બોલતાં. વિવિધ પશુવૃંદ વનમાં નિર્ભય બનીને વિહરતાં; આનંદ કરતાં. હાથી તથા સિંહો વેરભાવને ભૂલીને એકસાથે રહેતાં. પક્ષી તથા પશુઓ સ્વાભાવિક વેરને વિસારીને પરસ્પર પ્રેમથી રહેતાં."

फूलहिं फरहिं सदा तरु कानन। रहहि एक सँग गज पंचानन ॥
खग मृग सहज बयरु बिसराई। सबन्हि परस्पर प्रीति बढ़ाई ॥

"પર્વતોએ મણિઓની ખાણો ખોલેલી. સૂર્ય જરૂર જેટલું તપતો. મેઘ માગ્યા પ્રમાણે પાણી દેતા."

રામાયણની રામરાજ્યની એ ભાવના આજે પણ વખણાય છે. આજે રામરાજ્યની એટલે આદર્શ રાજ્યની વિભાવનામાં સહેજ ફેર પડ્યો છે. એટલે એનું અલગ, થોડુંક સંશોધન-સંવર્ધન સાથેનું રેખાચિત્ર રજૂ કરવાનું આવશ્યક લેખાય. આજના આદર્શ રામરાજ્યમાં ભૌતિક સમૃદ્ધિ સંપત્તિ શાંતિ તો હોય જ પરંતુ સાથે સાથે માનવમનની ઉદાત્તતા હોય; વિચાર, વાણી, વ્યવહારને વ્યક્ત કરવાની નિર્ભીકતા, સ્વતંત્રતા, સહજતા હોય. માનવનું માન કરાતું હોય. એના અંતરાત્માનું અપમાન નહીં કિન્તુ સન્માન, એના આત્માનું ઊર્ધ્વીકરણ હોય. આજના આદર્શ રામરાજ્યમાં કાયદાની અટપટી ઇન્દ્રજાળો ના હોય. ભ્રષ્ટાચારની, છળકપટની, લાંચરુશ્વતની, મોંઘવારીની, સત્તાના એકાધિકારવાદ કે કુટુંબ પરિવારવાદની ભ્રમજાળ ના હોય. વ્યસન, હિંસા, શોષણનો સર્વથા અભાવ હોય. સૌની સુખાકારી સમુન્નતિ હોય. યુદ્ધ, ઘર્ષણ, શસ્ત્રદોટ, બીજાનું પચાવી પાડવાની,

હડપવાની આસુરી વૃતિ તથા પ્રવૃતિ ના હોય. વ્યાધિ, વેદના, વિટંબણામાંથી મુક્તિ હોય. માનવતાની માવજત હોય. સર્વત્ર કર્તવ્યનિષ્ઠા હોય.

☼ ☼ ☼ ☼

## 2. કાકભુશુંડિની કથા

ઉત્તરકાંડમાં કાકભુશુંડિ ઋષિની રસમય કથાને મૂકવામાં આવી છે. એ કથા અદભૂત અને પ્રેરક છે.

ભગવાન શંકરની સુચનાનુસાર ગરુડજી પોતાની રામવિષયક શંકાના સમાધાન માટે કાકભુશુંડિ ઋષિની પાસે ગયા. ઋષિના દર્શન પહેલાં પર્વતના દર્શનથી જ એમનો પ્રાણ પ્રસન્ન થયો. એમનું મન સર્વપ્રકારની માયા તથા શોકમોહની દુઃખદ વિપરીત વૃતિમાંથી મુક્તિ પામ્યું.

કાકભુશુંડિ કથાનો આરંભ કરવાના હતા તે વખતે ગરુડજી એમની પાસે પહોંચી ગયા.

કાકભુશુંડિ ઋષિની અતિ અદભૂત લોકોત્તર શક્તિ પ્રત્યે એ વર્ણન દ્વારા પરોક્ષ રીતે અંગૂલિનિર્દેશ કરવામાં આવ્યો છે. ઋષિ, મુનિ, યોગી પોતાના દર્શન કે સમાગમથી શાંતિ આપે છે ને રાહત બક્ષે છે, પરંતુ કાકભુશુંડિ જે શાંત સુંદર સ્થાનમાં વસે છે તે સ્થાનની આસપાસના પ્રદેશનાં પરમાણુઓ જ એટલાં બધાં પવિત્ર ને શક્તિશાળી હતાં કે એમને લીધે ગરુડની કાયાપલટ થઇ ગઇ. સાધનાનું કેવું અમોઘ અસાધારણ શક્તિપરિણામ ? કાકભુશુંડિનું વ્યક્તિત્વ સૂચવે છે કે પરમાત્મદર્શી પરમ પવિત્ર મહાપુરુષના તનમન અંતરમાંથી પ્રાદુર્ભાવ પામતાં દિવ્ય પરમાણુઓ એની આજુબાજુના વાયુમંડળમાં ફરી વળે છે તે અન્યને ઉપયોગી થાય છે.

કાકભુશુંડિ ઋષિની યોગ્યતાનું ઉપલક વર્ણન ગરુડજીના પોતાના શબ્દોમાં આ પ્રમાણેઃ

तुम्ह सर्बग्य तन्य तम पारा। सुमति सुसील सरल आचारा ॥
ग्यान बिरति बिग्यान निवासा। रघुनायक के तुम्ह प्रिय दासा ॥

" તમે સર્વજ્ઞ, પરમવિદ્વાન, માયારૂપી અંધકારથી પર, સન્મતિસંપન્ન, સુશીલ, સરળ આચરણવાળા, જ્ઞાનવૈરાગ્ય વિજ્ઞાનના ભંડાર તથા રઘુનાથના પ્રિય દાસ છો."

नाथ सुना मैं अस सिव पाहीं। महा प्रलयहुँ नास तव नाहीं ॥

"મેં શંકર પાસેથી એવું સાંભળ્યું છે કે મહાપ્રલયમાં પણ તમારો નાશ નથી થતો. તમને અતિભયંકર કાળ વ્યાપતો નથી તેનું કારણ શું ? એ જ્ઞાનનો પ્રભાવ છે કે યોગનું બળ ?"

तुम्हहि न ब्यापत काल अति कराल कारन कवन।
मोहि सो कहहु कृपाल ग्यान प्रभाव कि जोग बल ॥

કાકભુશુંડિ પોતાની અસાધારણ યોગ્યતાનો સમગ્ર યશ જ્ઞાનપ્રભાવને કે યોગબળને આપવાને બદલે ભગવાનની ભક્તિને ને કૃપાને આપે છે. એમનો વિકાસ ભક્તિની સાધના પદ્ધતિથી જ થયેલો છે.

☼ ☼ ☼ ☼



## ૩. કાકભુશુંડિનો પૂર્વવૃતાંત

રામચરિતમાનસમાં કાકભુશુંડિએ ગરુડને પોતાનો પૂર્વવૃતાંત કહ્યો છે. એ પૂર્વજન્મોના વૃતાંતથી પૂરવાર થાય છે કે રામચરિતમાનસના કવિ જન્માંતરમાં અને જન્માંતરના જ્ઞાનમાં વિશ્વાસ ધરાવે છે.

કાકભુશુંડિ એમના એક જન્મમાં અયોધ્યાપુરીમાં શૂદ્રરૂપે જન્મેલા. કેટલાંય વરસો સુધી અયોધ્યામાં રહ્યા પછી અકાળ પડવાથી વિપત્તિને વશ થઇને પરદેશ ગયા. ઉજ્જૈનમાં વસીને સંપત્તિ પામીને શંકરની સેવા કરવા લાગ્યા.

ત્યાં એક પરમાર્થજ્ઞાતા શિવભક્ત બ્રાહ્મણે એમને ભગવાન શંકરનો મંત્ર અને ઉપદેશ આપ્યો. એ શંકરના મંદિરમાં બેસીને મંત્રનો જપ જપવા લાગ્યા. એક દિવસે એ એમના નિયમ મુજબ મંત્રજપમાં પ્રવૃત હતા ત્યારે શિવમંદિરમાં એમના ગુરુએ પ્રવેશ કર્યો. એમણે એમને અભિમાનને લીધે ઉઠીને પ્રણામ ના કર્યા. દયાળુ ગુરુને તો એથી કશું ખરાબ ના લાગ્યું પરંતુ એમના અપમાનને ભગવાન શંકર સહી ના શક્યા. ભગવાન શંકરે એમને આકાશવાણી દ્વારા કોઇક વિશાળ વૃક્ષના કોતરમાં સર્પ બનીને પડી રહેવાનો આદેશ આપ્યો.

શાપને સાંભળીને દુઃખી બનેલા ગુરુએ ભગવાન શંકરની સ્તુતિ કરી. એથી પ્રસન્ન બનેલા ભગવાને વરદાન માંગવા જણાવ્યું. ગુરુએ દયા માટે માગણી કરી ત્યારે ભગવાને કહ્યું કે મારો શાપ વ્યર્થ નહિ જાય. એ હજારો જન્મો પામશે, પરંતુ જન્મમરણના અસહ્ય દુઃખમાંથી મુક્તિ મેળવશે અને કોઇપણ જન્મમાં એનું પૂર્વજ્ઞાન નહિ મટે.

ભગવાને કાકભુશુંડિને અસ્ખલિત ગતિનો એટલે ઇચ્છાનુસાર જ્યાં પણ જવું હોય ત્યાં જઇ શકાય એવો આશીર્વાદ આપ્યો. ગુરુને એથી આનંદ થયો.

કાકભુશુંડિને શાપને અનુસરીને વિંધ્યાચળમાં સર્પનું શરીર મળ્યું.

કાકભુશુંડિના પૂર્વવૃતાંતનો એ પ્રસંગ રસદાયક હોવા છતાં એના પરથી છાપ પડવાનો સંભવ રહે છે કે કાકભુશુંડિના ગુરુ કરતાં ભગવાન શંકર વધારે ઉગ્ર હતા અને એટલે જ સહેલાઇથી ક્રોધે ભરાઇને શાપ આપી બેઠા. કોમળ હૃદયના ગુરુએ એ શાપશ્રવણથી વ્યથિત બનીને એના નિવારણ માટે પ્રાર્થના કરી. એ પ્રાર્થનાને લક્ષમાં

લઇને ભગવાને વિશેષ અનુગ્રહાત્મક વચનો કહ્યા. એ ઘટનાપ્રસંગ એવું માનવા-મનાવવા પ્રેરે કે ગુરુનું વ્યક્તિત્વ ભગવાન શંકરના વ્યક્તિત્વ કરતાં વધારે વિશુદ્ધ, વિવેકી, શાંત અને સમુદાર હોવું જોઇએ.

કાકભુશુંડિ મંદિરમાં મંત્રજપ કરવા બેઠેલા તે વખતે ગુરુ પધારેલા. ગુરુને જોઇને ઊભા થઇને એમનો સમુચિત સત્કાર ના કર્યો એ એમનો અપરાધ. તટસ્થ રીતે વિચારીએ તો એને અપરાધ અથવા અક્ષમ્ય અપરાધ, સર્પ બનવાનો શાપ આપવા પ્રેરે એવો અક્ષમ્ય અપરાધ ગણી શકાય ? કોઇ સાધક મંત્રજપ કરતો હોય તો તેણે ગુરુ આવે તો જપને અધૂરા મૂકીને ઊભા થઇ જવું જોઇએ ? તે જપ કે પાઠપ્રાર્થનાને ચાલુ રાખે ને પોતાના સાધનાત્મક અભ્યાસક્રમને કે નિયમને વળગી રહે તો તેથી ગુરુનું કે કોઇનું અપમાન કેવી રીતે થાય અને ભગવાન કોપાયમાન શા માટે થાય ? ગુરુ કે ભગવાન તો તેની સાધનાપરાયણતાને પેખીને પ્રસન્ન થાય.

એ ઘટનાપ્રસંગ કવિકલ્પના હોય એ બનવાજોગ છે. એ કલ્પનાના મૂળમાં ગુરુમહિમાનો વિચાર રહેલો છે.

એ પ્રસંગે કરાયેલી શિવસ્તુતિને ભગવાન શંકરની સર્વોત્તમ અમર સ્તુતિએમાંની એક તરીકે લેખી શકાય. એના ભાષા, ભાવમયતા, તાલબદ્ધતા, સરળતા, સહજતા, પ્રાસાદિકતા ખરેખર અનુપમ, અદ્વિતીય, અવર્ણનીય છે. રામચરિતમાનસની અન્ય અનેક સ્તુતિઓમાં એ સ્તુતિ નોંધપાત્ર, અગ્રગણ્ય સ્થાન ધરાવે છે, ધરાવશે ને ભક્તોને તથા પંડિતોને પ્રેરણા પાશે. એ સ્તુતિ શિવભક્તોએ અને સંસ્કૃત સાહિત્યપ્રેમીઓએ કંઠસ્થ કરવા જેવી ને વારંવાર વાંચવા જેવી છે.

☼ ☼ ☼ ☼

# 4. બીજો શાપપ્રસંગ

કાકભુશુંડિના જીવનમાં શાપનો બીજો એક પ્રસંગ બન્યો. કેટલાક જન્મો પછી બ્રાહ્મણકુળમાં જન્મ મળતાં એમણે ભગવાન રામની ભક્તિમાં મન પરોવ્યું. માતાપિતાના મૃત્યુ પછી એમણે ગૃહત્યાગ કરીને વનમાં વિહરવા માંડ્યું. એક ધન્ય દિવસે એ સુમેરુ પર્વતના શિખર પર વિરાજમાન લોમશમુનિ પાસે પહોંચ્યા. મુનિને એમણે પરબ્રહ્મની આરાધના વિશે પ્રશ્ન પૂછતાં મુનિએ નિર્ગુણની ઉપાસનાનો ઉપદેશ આપ્યો. એમણે સગુણ ઉપાસનાનો આગ્રહ અવારનવાર ચાલુ રાખતાં મુનિએ ક્રોધે ભરાઇને એમને કાકપક્ષી થવાનો શાપ આપ્યો.

મુનિએ પાછળથી એમને રામમંત્ર પ્રદાન કર્યો. એ ઉપરાંત કહ્યું કે તું સદા રામને પ્રિય, મંગલ ગુણોનો ભંડાર, ઇચ્છાનુસાર રૂપ ધરનાર, માનરહિત, ઇચ્છામૃત્યુવાળો તથા જ્ઞાનવૈરાગ્યનો ભંડાર બન. તું જે આશ્રમમાં ભગવાનનું સ્મરણ કરતો રહીશ ત્યાંથી એક યોજનના વિસ્તાર સુધી અવિદ્યા નહીં વ્યાપે. કાળધર્મ, ગુણદોષ તથા સ્વભાવથી થતાં દુઃખો તને મહિ થાય. તને રામચરણમાં નિત્ય નૂતન પ્રેમ થશે, ને તું જે ઇચ્છીશ તે શ્રીહરિની કૃપાથી સુલભ બનશે.

શાપ એવી રીતે અનુગ્રહમાં પરીણમ્યો.

કાકભુશુંડિને કાગડાની કાયાની પ્રાપ્તિ થઇ. એમાં રહીને એમણે રામભક્તિ કરવા માંડી, રામકૃપા મેળવી, ને જીવનમુક્તિનો આનંદ અનુભવ્યો.

☼ ☼ ☼ ☼

## 5. ભક્તિનો મહિમા

ઉત્તરકાંડમાં મોટેભાગે કાકભુશુંડિ ઋષિ તથા ગરુડનો સંવાદ છે. એને ઉત્તરકાંડને બદલે કાકભુશુંડિકાંડ પણ કહી શકાય. એમાં ભક્તિનો મહિમા વર્ણવેલો છે. ભક્તિ સઘળાં સાધનોના સારરૂપ હોવાથી બીજાં સાધનોને ગૌણ ગણીને એનો જ આધાર લેવો જોઇએ એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

सब कर मत खगनायक एहा। करिअ राम पद पंकज नेहा ॥
श्रुति पुरान सब ग्रंथ कहाहीं। रघुपति भगति बिना सुख नाहीं ॥

"હે પક્ષીરાજ ગરુડ, સૌનો મત રામચંદ્રના ચરણકમળમાં પ્રેમ કરવો તે જ છે. વેદપુરાણ તથા બીજા બધા ધર્મગ્રંથો જણાવે છે કે રામની ભક્તિ સિવાય સુખ નથી સાંપડતું."

एहिं कलिकाल न साधन दूजा। जोग जग्य जप तप ब्रत पूजा ॥
रामहि सुमिरिअ गाइअ रामहि। संतत सुनिअ राम गुन ग्रामहि ॥

"આ કલિયુગમાં યોગ, યજ્ઞ, જપતપ, પૂજા, વ્રત, કોઇપણ સાધન કામ નથી લાગતું. રામનું જ સ્મરણ, રામના ગુણોનું જ્ઞાન, રામગુણશ્રવણ અથવા રામનામનું સંકીર્તન એ જ કેવળ સાધન છે."

રામકથાનું શ્રવણમનન પણ રામની ભક્તિને પામીને જીવનને રામમય તથા ધન્ય બનાવવા માટે જ છે.

☼ ☼ ☼ ☼

## 6. ઉપસંહાર

રામચરિતમાનસના કવિ ઉપસંહાર વખતે અધિકાર-અનધિકારની વિચારણા કરતાં લખે છેઃ

यह न कहिअ सठही हठसीलहि। जो मन लाइ न सुन हरि लीलहि ॥
कहिअ न लोभिहि क्रोधहि कामिहि। जो न भजइ सचराचर स्वामिहि ॥

"જે શઠ હોય, હઠીલો હોય, શ્રીહરિની લીલાઓને સાંભળવાની રુચિ રાખતો ના હોય, એને આ કથા ના કહેવી. જે લોભી, કામી, ક્રોધી હોય અને ચરાચરના સ્વામી શ્રીરામને ના ભજતો હોય તેને પણ આ કથા ના કહેવી."

द्विज द्रोहिहि न सुनाइअ कबहूँ। सुरपति सरिस होइ नृप जबहूँ ॥
राम कथा के तेइ अधिकारी। जिन्ह कें सतसंगति अति प्यारी ॥

"જે બ્રાહ્મણોના દ્રોહી હોય, તે ઇન્દ્ર જેવો ઐશ્વર્યશાળી સમ્રાટ હોય તોપણ આ કથા કદી ના સંભળાવવી. જેને સંતસમાગમ અતિશય પ્રિય હોય તે જ રામકથાનો અધિકારી છે."

गुर पद प्रीति नीति रत जेई। द्विज सेवक अधिकारी तेई ॥
ता कहँ यह बिसेष सुखदाई। जाहि प्रानप्रिय श्रीरघुराई ॥

"જેને ગુરુનાં ચરણોમાં પ્રીતિ હોય, જે નીતિપરાયણ તથા બ્રાહ્મણોનો સેવક હોય. તે રામકથાનો અધિકારી છે. જેને રામ પ્રાણપ્રિય હોય તેને આ કથા સવિશેષ સુખ આપનારી થાય છે."

કવિ છેલ્લે છેલ્લે જણાવે છેઃ

राम चरन रति जो चह अथवा पद निर्बान।
भाव सहित सो यह कथा करउ श्रवन पुट पान ॥

"જે રામચરણમાં પ્રેમ અથવા નિર્વાણને ઇચ્છતો હોય તે આ કથારસનું પોતાના કાનરૂપી પડિયાથી પ્રેમપૂર્વક પાન કરે."

રામચરિતમાનસના અધિકાર-અનધિકાર પ્રત્યે કવિએ એવી રીતે અંગૂલિનિર્દેશ કર્યો છે. એ બધી અસાધારણ યોગ્યતાઓનો આગ્રહ રાખવામાં આવે તો ઘણા ઓછા રસિકો રામકથાનો લાભ લઇ શકે. હજારોની સંખ્યામાં કથાશ્રવણ માટે એકઠા થનારા શ્રોતાઓની સંખ્યા પણ ઘટી જાય. વક્તાઓ પણ ઓછા થાય. આપણે એટલું અવશ્ય કહીએ કે રામકથાના અધિકારી ભલે સૌ કોઇને માનવામાં આવે, પરંતુ મહત્વની વાત એ છે કે કથાનો લાભ લેનાર કેવળ કથાથી જ કૃતકૃત્ય બનીને બેસી રહેવાને બદલે એને માટે જરૂરી યોગ્યતાને મેળવવાનું ધ્યાન રાખે ને જીવનને પ્રભુપરાયણ બનાવે. કવિનો હેતુ ત્યારે જ સિદ્ધ થઇ શકે. રામચરિતમાનસનો લાભ લેનારે પાર્વતીની પેઠે અનુભવવું જોઇએ કે

मैं कृतकृत्य भइउँ अब तव प्रसाद बिस्वेस।
उपजी राम भगति दृढ़ बीते सकल कलेस ॥

"હે વિશ્વેશ, હું આપના અનુગ્રહથી કૃતકૃત્ય છું. મારા હૃદયમાં દ્રઢ રામભક્તિ જાગી છે ને મારા સઘળા ક્લેશો શાંત થયા છે."

ઉત્તરકાંડમાં કરવામાં આવેલું માનસરોગનું વર્ણન ખાસ વાંચવા જેવું છે.

માનસરોગ શબ્દપ્રયોગ મૌલિક, સારગર્ભિત અને સુંદર છે.

એમાં ચર્ચાયેલા, પૂછાયેલા ને પ્રત્યુત્તર પામેલા સાત પ્રશ્નો પણ રસમય છે.

☼ ☼ ☼ ☼

# 7. પૂર્ણાહુતિ


રામચરિતમાનસમાં વિદ્વાનોને અથવા ભાષાશાસ્ત્રશુદ્ધિના હિમાયતીઓને જોડણીની વિકૃતિ અને ભાષાની અશુદ્ધિ સ્થળે સ્થળે દેખાશે. પરંતુ કવિએ પોતાની પ્રાદેશિક પ્રચલિત તળપદી ભાષામાં કવિતારચના કરી હોવાથી એમને એવી રીતે સમજવાથી ન્યાય કરી શકાશે. અલબત્ત, ભાષા તથા જોડણીની શુદ્ધિવાળી હિંદીની એક અલગ આવૃતિ મૂળ રામચરિતમાનસ પરથી તૈયાર થઇ શકે. એવી આવૃતિ આવકારદાયક લેખાય. એ કાર્ય હિંદી ભાષાના રસજ્ઞોએ કરવા જેવું છે. રામચરિતમાનસના કવિ પાસે વિપુલ ભાષાવૈભવ છે, મૌલિક કલ્પનાશક્તિ છે. થોડામાં વધારે રહેવાની કુદરતી શક્તિ છે. એમની કવિતાશક્તિ સહજ છે. શબ્દો, ભાવો, ઉપમાઓ, સમયોચિત સંવાદો, અલંકારો અનાયાસે રચાતા જાય છે.

કથામાં દેવો અવારનવાર રાહ જોઇને બેઠા હોય તેમ વાદ્યો વગાડે છે ને પુષ્પો વરસાવે છે. એવાં વર્ણનો વારંવાર આવે છે. તોપણ કવિતા એકંદરે અદભૂત, આનંદદાયક, અંતરને અનુપ્રાણિત કરનારી બની છે એમાં સંદેહ નથી. એની અંદર આવતી ઉપકથાઓ અને કથાના વધારે પડતા વિસ્તારો, સમય સમય પર અપાતા સીધા ઉપદેશો અને વારંવારની કરવાને ખાતર કરવામાં આવતી સ્તુતિઓ કેટલીકવાર કૃત્રિમતા પેદા કરે છે. એમનાથી કૃતિને મુક્ત રખાય તો એ કૃતિ સર્વોત્કૃષ્ટ સાહિત્યકૃતિમાં સ્થાન પામી શકે. એના એ અવરોધને દૂર કરવાની આવશ્યકતા હતી.

રામચરિતમાનસનું આ વિહંગાવલોકન એના પ્રાતઃસ્મરણીય કવિ અને એની પ્રત્યેના પ્રેમાદરભાવથી પ્રરાઇને તટસ્થભાવે કરાયેલું છે. એના અંતે એ કૃતિ અને એના સ્વનામધન્ય કવિ પ્રત્યે આદરભાવ વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. રામચરિતમાનસની રચના દ્વારા કવિએ મહાન કલ્યાણકાર્ય કર્યું છે. એને માટે એમનો જેટલો પણ ઉપકાર માનીએ એટલો ઓછો છે. એ સર્વપ્રકારે સન્માનનીય, આદરના અધિકારી છે.

એનો લાભ જનતા જેટલા પણ વધારે પ્રમાણમાં લે એટલો ઓછો છે.

## About the Author



(Aug $15^{th}$ 1921 - Mar $18^{th}$ 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the unknown intricate path of spiritual attainments single handedly and put immense faith in the tenderheartedness of God in the form of Mother Goddess.

Shri Yogeshwarji dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him and thus became a living example of well known Sanskrit adage 'Matru Devo Bhava' (Mother is a form of God). Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Mataji Jyotirmayi left for heavenly abode in 1980 after receiving exemplary services at the hands of Yogeshwarji and Maa Sarveshwari at Bhavnagar.

Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandiwali in Mumbai. Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari, who is now looking after his manifold benevolent activities.

It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

☼ ☼ ☼ ☼ ☼

For more information
On the life & works of
Shri Yogeshwarji



Please visit
**www.swargarohan.org**